વર્ષ : ૧૫ ◆ અંક : ૧
જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૫
સળંગ અંક : ૮૫

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

## ભારતનાં રાષ્ટ્રપતિ દ્વારા ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના દિને 'પદ્મ' અલંકરણોથી અલંકૃત ગુજરાતનાં 'પદ્મરત્નો'




પદ્મવિભૂષણ શ્રી કુમુદિની લાખિયા



પદ્મભૂષણ શ્રી પંકજ પટેલ



પદ્મશ્રી ચંદ્રકાન્ત શેઠ




પદ્મશ્રી તુષાર શુક્લ



પદ્મશ્રી ચંદ્રકાન્ત સોમપુરા



પદ્મશ્રી રતનકુમાર પરીમુ



પદ્મશ્રી લવજીભાઈ પરમાર



પદ્મશ્રી સુરેશભાઈ સોની



## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના સદ્ગત ચેરમેનશ્રી માણેકલાલ એમ. પટેલસાહેબની સ્મૃતિમાં આયોજિત ૧૩મી રક્તદાન શિબિરનાં દૃશ્યો.









સર્વ વિદ્યાલય, કડીમાં આયોજિત રક્તદાન શિબિરનાં દૃશ્યો...












સર્વ વિદ્યાલય, ગાંધીનગરમાં આયોજિત રક્તદાન શિબિરનાં દૃશ્યો.

‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ’, કડી-ગાંધીનગર દ્વારા સદ્ગત ચેરમેન શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબની સ્મૃતિમાં પ્રસ્થાપિત શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ એનાયત સમારોહ મંડળના પ્રમુખ શ્રી મનુભાઈ જે. પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ તેનાં વિવિધ દૃશ્યો.







મંચસ્થ મહાનુભાવશ્રીઓ સમારોહનું દીપપ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરી રહ્યા છે....



સમારોહ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવશ્રીઓની સમૂહ તસવીર.




શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ એનાયત સમારોહ પ્રસંગે મંચસ્થ મહાનુભાવો.





શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કોલરશિપ એનાયત સમારોહ પ્રસંગે સભાખંડનું દશ્ય

મંચસ્થ મહાનુભાવશ્રીઓનું સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ધુરાવાહકો દ્વારા સ્વાગત-સન્માનનાં દશ્યો.







## મંચસ્થ મહાનુભાવશ્રીઓનું સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ધુરાવાહકો દ્વારા સ્વાગત-સન્માનનાં દૃશ્યો.

















**મંચસ્થ મહાનુભાવશ્રીઓ વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશિપ એનાયત કરી રહ્યા છે તે દૃશ્યો.**
























મંચસ્થ મહાનુભાવશ્રીઓ વિદ્યાર્થીઓને મેરિટ સ્કોલરશિપ એનાયત કરી રહ્યા છે તે દૃશ્યો.


























સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી
મનુભાઈ પટેલ અધ્યક્ષીય ઉદ્‌બોધન કરી રહ્યા છે...



દાતાશ્રી પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે....



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ અને
દાતા શ્રી વી. પી. પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે...



દાતાશ્રી ભગુભાઈ પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે....



મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે....



મંડળના મંત્રીશ્રી ડૉ. રમણભાઈ પટેલ આભારવિધિ કરી રહ્યા છે...






સમારોહ પૂર્ણ થતાં રાષ્ટ્રગીત ગાનનાં બે દૃશ્યો .....



દાતાશ્રીઓ અને મહાનુભાવશ્રીઓ નવનિર્મિત 'શ્રીમતી શારદાબેન ભગુભાઈ મંગળદાસ પટેલ નર્સિંગ કૉલેજ', કડીની મુલાકાતે...



દાતા દંપતી : શ્રીમતી શારદાબેન તથા શ્રી ભગુભાઈ મંગળદાસ પટેલ




માનવ કલ્યાણ અર્થે રક્તદાન શિબિરોનું આયોજન કરીને બહુમૂલ્ય સેવાઓ આપવા માટે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગરને 'ઇન્ડિઅન રેડક્રોસ સોસાયટી', અમદાવાદ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં આયોજિત સમારોહમાં સન્માનિત કરવામાં આવ્યું. આ પ્રસંગે મંડળ વતી આચાર્ય શ્રી શૈલેષભાઈ પટેલ અને શ્રી ભાવિક પંડ્યાને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર.



'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગર સંચાલિત 'સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર', સેક્ટર-૧૨, ગાંધીનગરના આચાર્યશ્રી ભાવેશકુમાર જાનીને શિક્ષણક્ષેત્રે પ્રદાન માટે રાષ્ટ્રના ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદહસ્તે સન્માનિત કરવામાં આવ્યા તે પ્રસંગની તસવીર.



'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધામાં 'શ્રીમતી કે. એ. પટેલ શિવહરિ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ', કડીના ચિત્ર શિક્ષક શ્રી ભરતભાઈ ઠાકોર સતત ત્રણ વર્ષથી 'એ' ગ્રેડ સાથે પ્રથમ નંબર લાવી વિજેતા થતાં મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ રૂ. ૧૭૫૦૦/- નો ચેક પુરસ્કાર પેટે એનાયત કરી રહ્યા છે તે પ્રસંગની તસવીર.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ ૧૫ : અંક ૧ : જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૫ : સળંગ અંક ૮૫

સંપાદક: **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


- સંપાદકીય : ગુજરાતમાં ગ્રામ્યગ્રંથાલયો (1960-2024) — મણિભાઈ પ્રજાપતિ — 1
- શ્રદ્ધાંજલિ : શિક્ષણવિદ્ અને કુશળ શિક્ષણપ્રબંધક ડૉ. જિતેન્દ્રકુમાર એચ. પંચોલી — 12
- પ્રાસંગિક :
  - — રાષ્ટ્રના 76માં પ્રજાસત્તાક દિનની ઊજવણી — 15
  - — શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ — 16
  - – સદ્‌ગત ચૅરમૅનશ્રી માણેકલાલ પટેલ સાહેબની સ્મૃતિમાં આયોજિત રકતદાન શિબિર — 25

1. શ્રી ઇકબાલ ચાગલા — શરદભાઈ પી. શાહ — 26
2. સૉક્રેટિસ ઉવાચ : અવિચારી દેશભક્તિ વિ. સમજદારી : ભારતીય દેશભક્ત અને સૉક્રેટિસ વચ્ચેનો એક કાલ્પનિક સંવાદ — પ્રવીણ જ. પટેલ — 29
3. વિશ્વ-સાહિત્યની અટારીએથી : વેદના અને સાહિત્ય (ભાગ – ૧) — મનીષ વ્યાસ — 34
9. ગ્રંથ સૌરભ — મણિભાઈ પ્રજાપતિ
   - પ્રેરણાદાયી કાનૂનવિદોઃ દસ કાનૂનવિદોની જીવનગાથા / શરદભાઈ પી. શાહ — 41
   - વાઙ્મયસૂચિઃ ગુજરાતી બાળસાહિત્ય / સંકલન – સંપાદનઃ ડૉ. ઊર્જિતા પટેલ — 45
10. સંસ્થા સમાચાર
   - યુનિવર્સિટી / કૉલેજ વિભાગ — 46
   - શાળા વિભાગ — 50


**પત્રવ્યવહારનું સરનામું:**
**મણિભાઈ પ્રજાપતિ:** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ,
સેક્ટર-15 ગાંધીનગર-382016
Email: manibhaiprajapati@gmail.com
ફોનઃ (મો) ૯૯૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

# ગુજરાતમાં ગ્રામ્યગ્રંથાલયો (1960-2024)

### પૂર્વપીઠિકા

સ્વસ્થ, સમરસ, જ્ઞાનસમૃદ્ધ અને આર્થિક સમાજનિર્માણ માટે ગ્રંથાલયોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની રહે છે. આ એક એવું જ્ઞાનતીર્થ છે કે જેની કૃતસંકલ્પ સાથે ઉપાસના કરનાર ઇષ્ટસિદ્ધિ મેળવે જ. ગ્રંથાલયો તો વિશ્વની સંસ્કૃતિઓનાં સંગમતીર્થો તેમજ સંવર્ધન અને સંરક્ષણ કેન્દ્રો છે. દેશ-વિદેશના શિક્ષણવિદો અને શિક્ષણપંચો વગેરે અનેકાનેકોએ પોતપોતાના ગ્રંથો/અહેવાલોમાં સાર્વજનિક ગ્રંથાલયોને 'જનસમાજનું વિશ્વવિદ્યાલય', 'જીવનઘડતરની પાઠશાળા', 'પાવરહાઉસ-શક્તિપ્રતિષ્ઠાન' વગેરે તેમજ શૈક્ષણિક ગ્રંથાલયોને શિક્ષણ સંસ્થાઓનાં હૃદય સમાન ગણાવેલ છે. ડૉ. રંગનાથને ગ્રંથાલયોની મહત્તા દર્શાવતાં નોંધ્યું છે કેઃ 'Libraries are not mere storehouses; they are rich springs from which knowledge flows out to irrigate the wide fields of education and culture' અર્થાત્ 'ગ્રંથાલયો માત્ર ગ્રંથભંડારો નથી, પરંતુ તે તો ખળખળ વહેતાં જ્ઞાન સમૃદ્ધ ઝરણાં છે કે જે શિક્ષણ અને સંસ્કૃતિરૂપી વિશાળ ખેતરોને સિંચન કરવા સતત વહ્યાં કરે છે. યુનેસ્કોના બંધારણમાં પણ કહેવામાં આવ્યું છે કે '... since wars begin in the minds of men, it is in the minds of men that the defences of peace must be constructed'. અહીં શાંતિ સ્થાપનાર કિલ્લાઓ પૈકીનો એક કિલ્લો પુસ્તકોનો અભિપ્રેત છે. અર્થાત્ માનવજીવનના બહુઆયામી અને બહુશ્રુત ઉત્કર્ષ માટે પુસ્તકો /

ગ્રંથોલયો અનિવાર્ય છે. આમ છતાં શું વાંચવું અને શું ન વાંચવું તેનો વિવેક જરૂરી બની રહે છે. આપણું અસ્તિત્વ 'Read to live, not Live to Read' અર્થાત્ "જીવવા માટે વાંચવું જોઈએ, નહીં કે વાંચવા માટે જીવવું જોઈએ, તે હૈયે ધરવું રહ્યું.

## ગુજરાતમાં સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિ : એક ઝલક

ગુજરાતમાં પ્રાચીન-મધ્યકાળમાં ગ્રંથાલયોની સ્થાપનાની શરૂઆત કરવામાં આવી હતી. આ વિશે વિવિધ સાહિત્યિક સ્રોતોમાં ઉલ્લેખો જોવા મળે છે, પરંતુ આ ગ્રંથાલયો કોઈ ધાર્મિક સંપ્રદાયો-મઠો, મંદિરો, જિનાલયો વગેરે, તેમજ રાજા-મહારાજાઓ, અમાત્યો, શ્રેષ્ઠીઓ કે કોઈ વ્યક્તિ વિશેષની અંગત માલિકીનાં હતાં. આ સમયગાળામાં સાર્વજનિક ગ્રંથાલયોનો કોઈ ખ્યાલ ઉદ્ભવ્યો ન હતો. ભારત 1947માં આઝાદ થયું તે પૂર્વે ભારતના વિવિધ પ્રદેશો મહદંશે બ્રિટિશશાસન ઉપરાંત દેશીરાજ્યો વગેરે દ્વારા શાસિત હતા. આ પૈકી ગુજરાત પ્રદેશ બોમ્બે પ્રેસિડેન્સી (બ્રિટિશશાસન), સૌરાષ્ટ્ર - કચ્છનાં દેશી રજવાડાં, વડોદરા રાજ્ય વગેરેમાં વિભાજિત હતો. આમ છતાં પ્રાયઃ સમગ્ર ગુજરાત એક યા બીજી રીતે બ્રિટિશ અંકુશ હેઠળ હતું. વિદ્યાપ્રેમી બ્રિટિશ અધિકારીઓના પ્રભાવ અને તેમના અંગતરસ તેમજ અંગ્રેજી શિક્ષણથી પ્રભાવિત સુધારાવાદીઓના સહયોગથી 19મી સદીથી ગુજરાતનાં ઘણાંખરાં શહેરોમાં સાર્વજનિક ગ્રંથાલયો સ્થપાવાની શરૂઆત થઈ હતી. આ સમયગાળામાં ગુજરાતમાં સ્થપાયેલ સાર્વજનિક ગ્રંથાલયો પૈકી નેટિવ ગ્રંથાલય (1849) કે જે સમયાંતરે નામમાં ફેરફાર થતાં હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ, ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું ગ્રંથાલય, એન્ડ્રુઝ લાઇબ્રેરી, સુરત (1850), રાયચંદ દીપચંદ લાઇબ્રેરી, ભરૂચ (1858), લેંગ લાઇબ્રેરી, રાજકોટ (1885), બાર્ટન લાઇબ્રેરી, ભાવનગર (1860/1882), ડાહીલક્ષ્મી પુસ્તકાલય, નડિયાદ (1892), શ્રીમંત ફતેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય, પાટણ (1890), સયાજી વૈભવ લાઇબ્રેરી, નવસારી (1898), બ્રધરહૂડ લાઇબ્રેરી, મોડાસા (1898) વગેરે અંદાજિત અર્ધશતકથી અધિક ગ્રંથાલયો સ્થપાયાં હતાં. જોકે પ્રારંભમાં આ ગ્રંથાલયો પણ લવાજમી હતાં. આ પૈકી ક્વચિત અપવાદ બાદ કરતાં આ બધાં ગ્રંથાલયો પોતાનું અસ્તિત્વ જાળવી રાખીને સમૃદ્ધ ગ્રંથસંગ્રહ ધરાવવાની સાથે ક્રિયાશીલ બની રહી યથોચિત સેવાઓ પૂરી પાડી રહ્યાં છે, પરંતુ આ સમયગાળામાં ગ્રામ્યગ્રંથાલયોની સ્થાપના વિશે કોઈ ચોક્કસ માહિતી મળતી નથી. જોકે 20મી અને 21મી સદીમાં સાર્વજનિક ઉપરાંત શૈક્ષણિક, વિશિષ્ટ ઈત્યાદિ પ્રકારનાં ગ્રંથાલયોની સ્થાપના અને વિકાસ ધ્યાનાર્હ બની રહ્યો છે.

## ગ્રામ્યગ્રંથાલયની વિભાવના અને કાર્યો / સેવાઓ

ગ્રામ્યગ્રંથાલય એટલે શું ? સહજ રીતે જ પ્રત્યુત્તર સાંપડે કે ગામમાં સ્થિત સાર્વજનિક ગ્રંથાલય કે જે ગ્રામ્યપ્રજાની વાંચન અને માહિતી જરૂરિયાતોને પોષતું હોય. ગુજરાત સરકારના ગ્રંથાલયખાતા દ્વારા રાજ્યનાં વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો કે જે વિવિધ સાર્વજનિક ટ્રસ્ટો/મંડળો દ્વારા ચલાવવામાં આવે છે તે ગ્રંથાલયોને સહાયક અનુદાન આપવા માટે નિયમો નક્કી કરવાની સાથે સાર્વજનિક ગ્રંથાલયને વ્યાખ્યાયિત કરતાં નોંધ્યું છે કે 'સાર્વજનિક ગ્રંથાલય એટલે સામાન્ય જનતાની જ્ઞાન વૃદ્ધિ, માહિતી તથા અનુલય સેવાની સગવડો વિના લવાજમ/ગ્રંથાલય નિયામકશ્રી દ્વારા અથવા સરકારે નામંજૂર કર્યાં ન હોય તેવાં પુસ્તકો, સામયિકો, વર્તમાનપત્રો, ચિત્રશિક્ષણ સાધનો વગેરે યોગ્ય સાહિત્ય દ્વારા પૂરી પાડતી સંસ્થા.' ગ્રંથાલય ખાતા દ્વારા અનુદાન હેતુ ગ્રંથાલયોના 9 પ્રકારો પાડીને પ્રત્યેકને વ્યાખ્યાયિત કર્યાં છે. આ પૈકી 'ગ્રામ્યગ્રંથાલય એટલે 5000થી ઓછી વસતીવાળા ગામમાં કામ કરતું ગ્રંથાલય, જ્યારે 5000થી અધિક અને 25000 થી ઓછી વસતી ધરાવતા નગર/ગામને નગરકક્ષા-૨ ગ્રંથાલય તરીકે ગણવામાં આવે છે. ગ્રામ્ય ગ્રંથાલય એ સાર્વજનિક ગ્રંથાલય છે, પરંતુ તેનાં કાર્યો/સેવાઓ અન્ય પ્રકારનાં સાર્વજનિક ગ્રંથાલયો, જેમકે રાજ્ય ગ્રંથાલય, જિલ્લા ગ્રંથાલય, તાલુકા ગ્રંથાલય, શહેર ગ્રંથાલય વગેરેની તુલનાએ સીમિત છે. જેમ શૈક્ષણિક ગ્રંથાલયો અંતર્ગત વિશ્વવિદ્યાલય ગ્રંથાલય અને પ્રાથમિક શાળાના ગ્રંથાલયનાં કાર્યો, હેતુઓ વગેરે અલગ-અલગ છે તે રીતે ગ્રામ્યગ્રંથાલયનાં મૂળભૂત કાર્યો અને સેવાઓ ગામની વાંચન અને આવશ્યક માહિતી સેવાઓ પૂરી પાડવાનાં છે.

આપણો દેશ 1947માં આઝાદ થયો ત્યારે પ્રચલિત સાક્ષરતા દર, ગરીબાઈ, અજ્ઞાનતા વગેરે

અનેકાનેક બાબતોને ધ્યાને રાખતાં તત્કાલીન સમયે ગ્રામ્યગ્રંથાલયોની સ્થાપનાના હેતુ અને કાર્યો અને આજે 21મી સદીની પ્રથમ પચીસી વટાવતાં દેશે બહુવિધ ક્ષેત્રે હાંસલ કરેલ પ્રગતિને ધ્યાને લેતાં ગ્રામ્યગ્રંથાલયો પાસે રાખવામાં આવતી અપેક્ષાઓમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. અલબત્ત, સુરુચિપૂર્ણ વાંચન સાહિત્ય પૂરું પાડવા ઉપરાંત પ્રવર્તમાન સમયની જરૂરિયાતો, વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આપણાં Vision અને Mission આભને આંબે તેવાં રહ્યાં હોઈ તેને પણ સાકાર કરવાનાં છે. આઝાદી સમયે સમગ્ર ભારતમાં સાક્ષરતા દર 14% હતો, જ્યારે આજે આઝાદીનાં 75 વર્ષ બાદ પણ ગુજરાતમાં 50% જેટલો છે. આજનો સમાજ, ગ્રામજનો, નીતિનિર્ધારકો વગેરે જીવંત ગ્રામ્યગ્રંથાલયની અનિવાર્યતાની અપેક્ષા સેવે છે, નહીં કે પરંપરાગત તથાકથિત ગ્રામ્યગ્રંથાલયની. પ્રત્યેક ગ્રામ્યગ્રંથાલયમાં અદ્યતન ICTનો વિનિયોગ કરીને સાચા અર્થમાં માહિતી અને જ્ઞાનકેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કરવું જોઈએ. પ્રવર્તમાન સમયના ગ્રામ્યગ્રંથાલયે/સૂચિત જ્ઞાનકેન્દ્રએ પુસ્તક આપ-લે ઉપરાંત ગામના પ્રજાજનોના ઉત્કર્ષ હેતુ આવશ્યક માહિતી, જેમ કે, કૃષિ, પશુપાલન, આરોગ્ય, શિક્ષણ, સરકારી યોજનાઓ, બેંકસેવાઓ, મફત કાનૂની સેવાઓ, વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના અભ્યાસક્રમો, ટૂંકા ગાળાના વ્યવસાયિક તાલીમી કોર્સિસ, શિષ્યવૃત્તિઓ, વગેરે વિશે સમયસર માહિતી પૂરી પાડવા સક્રિય બની રહેવું અનિવાર્ય છે. અને ખાસ તો ખેડૂતો અને ગ્રામ્યકારીગરોને જ્ઞાનકેન્દ્રનો ઉપયોગ કરવા અને વાંચન માટે પ્રોત્સાહિત કરવા જોઈએ કે, જેથી પોતપોતાનાં કાર્યોમાં વૈજ્ઞાનિક સંસાધનોનો ઉપયોગ કરીને અપેક્ષિત ઉચ્ચતમ સિદ્ધિ હાંસલ કરી શકે. સમયાંતરે ગામલોકોને ઉપયોગી એવી દસ્તાવેજી ફિલ્મોનું નિદર્શન, નિરક્ષરતા નિવારણ પ્રવૃત્તિ, પ્રબુદ્ધજનોનાં વ્યાખ્યાનો વગેરેનું આયોજન કરીને તેમના સંસ્કારઘડતરમાં ઉપકારક બની રહેવું જોઈએ.

## ગુજરાતની ગ્રામ્યગ્રંથાલય પ્રવૃત્તિ – અને ગ્રામ્યગ્રંથાલયોની સ્થાપનામાં મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનું પ્રદાન

20મી સદીના પૂર્વાર્ધમાં ગુજરાતના માત્ર અન્ય ભૂભાગોની તુલનાએ જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં શિક્ષણપ્રેમી અને કલ્યાણ રાજ્યના પુરસ્કર્તા વડોદરા રાજ્યના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડે પોતાના રાજ્યમાં સાચા અર્થમાં સાર્વજનિક ગ્રંથાલયોની સૌપ્રથમ સ્થાપના અને વિકાસ માટે સુદ્રઢ વ્યવસ્થાતંત્ર ગોઠવીને અને ખાસ તો અલગ ગ્રંથાલય ખાતું ખોલીને ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવા માટે અંગતરસ લઈને દીવાદાંડી સમાન કાર્ય કર્યું છે. ભારતની સાર્વજનિક ગ્રંથાલયોની પ્રવૃત્તિના ઇતિહાસમાં વડોદરાનરેશનું પ્રદાન સુવર્ણાક્ષરે અંકિત થયેલું હોઈ સદાકાળ સ્મરણીય બની રહેશે '1911માં સ્થપાયેલ વડોદરા મધ્યસ્થ ગ્રંથાલય એ ભારતનું સૌથી પહેલું મુક્ત દ્વાર પ્રવેશવાળું, ન્યાતજાત વગેરેના કોઈ પણ ભેદભાવ વિનાનું અને વાચકો પાસેથી કોઈ પણ જાતની ફી લીધા સિવાયનું સાર્વજનિક ગ્રંથાલય હતું... વડોદરા રાજ્યના વિલીનીકરણ વખતે 1948માં 73 શહેર ગ્રંથાલય, 1420 ગ્રામગ્રંથાલય, 14 બાળગ્રંથાલય અને 24 મહિલાગ્રંથાલયો થયાં હતાં.' (શુકલ, ચંપકલાલ. ગુજરાતમાં ગ્રંથાલય પ્રવૃત્તિનો વિકાસ. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ, ભાગ-9: આઝાદી પહેલાં અને પછી. સંપા. હરિપ્રસાદ જી. શાસ્ત્રી અને પ્રવીણચંદ્ર સી. પરીખ. અમદાવાદ: ભો. જે. વિદ્યાભવન, 1987. પૃ. 328-329). વડોદરા રાજ્યમાં 194 ગ્રામગ્રંથાલયોનાં પોતાનાં સ્વતંત્ર ગ્રંથાલયભવન હતાં (ચારણ, શિવદાન. ગ્રંથાલય: ઇતિહાસ, સામાજિક સંદર્ભ. અમદાવાદ: ગ્રંથાગાર, 1991, પૃ. 107). આ ઉપરાંત વડોદરા રાજ્યનાં જે ગામોમાં ગ્રામ્યગ્રંથાલયો શરૂ કરવામાં આવ્યાં ન હતાં તે ગામોમાં ફરતા ગ્રંથાલયોની સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી.

## - ગ્રામ્યગ્રંથાલયોની સ્થાપના અને વિકાસમાં મોતીભાઇ અમીનનું પ્રદાન

સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજાનો ધ્યેયમંત્ર 'ગામ ત્યાં શાળા અને શાળા ત્યાં ગ્રંથાલય' ને સાકાર કરવામાં શ્રી મોતીભાઈ અમીનનું પ્રદાન દીપસ્તંભ સમાન રહ્યું છે. શ્રી મોતીભાઈએ વડોદરામાં શિક્ષણ મેળવવાના પ્રારંભકાળમાં જ પોતાના વતન વસોમાં મિત્રમંડળ ગ્રંથાલયની શરૂઆત 1890-91 માં કરી હતી, જે 'સાર્વજનિક ગ્રંથાલય' તરીકે 1894માં પરિવર્તિત કરવામાં આવ્યું હતું. હાઈસ્કૂલના શિક્ષક/ આચાર્ય તરીકે સાર્વજનિક ગ્રંથાલયોનું સંચાલન તેમજ મિત્રમંડળ ગ્રંથાલય પ્રવૃત્તિ 1906 થી 1910 દરમિયાન

ઉદાહરણસ્વરૂપ ચલાવી હતી. તેમણે 1906ના માર્ચમાં વડોદરા મેલ ટ્રેનિંગ કૉલેજમાં અભ્યાસ કરતા શિક્ષકોને ગ્રામ્યગ્રંથાલયો શરૂ કરવાની પ્રેરણા આપતાં 50 ગામોના શિક્ષકો દ્વારા ગ્રંથાલયો શરૂ કરવામાં આવ્યાં હતાં. આ દૃષ્ટિએ જોઈએ તો તેમણે 1906ના જુલાઈની પહેલી તારીખે ગુજરાતમાં 'મિત્રમંડળ પુસ્તકાલયો' નામની સૌથી પહેલી સાર્વજનિક ગ્રંથાલય પ્રવૃત્તિના શ્રીગણેશ કર્યા હતા. આ સાથે જ તેમણે 1908માં 'ગદ્યપદ્ય સંગ્રહ' માસિક શરૂ કરીને તેમાં શ્રેષ્ઠ પુસ્તકોના સારાંશ, ગ્રંથાલય પ્રવૃતિના સમાચાર વગેરે પ્રગટ કરવાનું રાખતાં વાચકોને સારાં પુસ્તકોના વાચનભણી વાળવામાં મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું

શ્રી મોતીભાઈ અમીનની પ્રવૃતિઓથી પ્રભાવિત થઈ મહારાજા સર સયાજીરાવ ગાયકવાડે વડોદરા રાજ્યના આસિસ્ટન્ટ ક્યૂરેટર તરીકે તેમની નિમણૂક કરતાં તેમણે 4/1/1911 થી તા. 28/11/1935 સુધી નિવૃત્તિપર્યંત સેવાઓ આપી હતી. અને ખાસ તો જિલ્લા ગ્રંથાલયો, ગ્રામ્યગ્રંથાલયોના ઇન્ચાર્જ હોવાના કારણે ગ્રામ્યગ્રંથાલયોની સ્થાપના માટે પ્રેરણા પૂરી પાડતાં તેમના કાર્યકાળ દરમિયાન 700 જેટલાં ગ્રામ્યગ્રંથાલયોની સ્થાપના કરાવી શકયા હતા. આ ઉપરાંત ગ્રંથાલયોના વ્યવસ્થાપન અને સંચાલન સંબંધી પ્રશ્નોના ઉકેલ તરીકે 'પુસ્તકાલય', 'કેળવણી' વગેરે માસિકોમાં વિવિધ વિષયક લેખો લખીને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત રાજ્યના વિવિધ ગ્રંથાલયોના ગ્રંથપાલો, ગ્રંથાલય મંત્રીશ્રીઓ વગેરે દ્વારા ગ્રંથાલય વ્યવસ્થાપન, કાર્યો, વ્યવહારિક મુશ્કેલીઓ વગેરે સંદર્ભે વખતોવખત પૂછેલા 64 પ્રશ્નોના તેમણે આપેલા વિગતે ઉત્તરો 'પુસ્તકાલય' માસિકમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. વડોદરા રાજ્ય દ્વારા વિવિધ ગ્રંથાલયો માટે 1935 સુધી જે પરિપત્રો કાઢવામાં આવ્યા હતા તેનું સંકલન 'સેન્ટ્રલ લાઇબ્રેરી ડિપાર્ટમેન્ટના સરક્યુલરો, સૂચનાઓ, જાહેરાતો વગેરેનું એકીકરણ' શીર્ષક હેઠળ ત્રણ ભાગોમાં અનુક્રમે 1925, 1932 અને 1935માં પુસ્તકાલય સહાયક સહકારીમંડળ લિમિટેડ, વડોદરા દ્વારા કરાવ્યું. આ પૈકી બીજા ભાગ (પૃ. 89-176)માં આગળ ઉપર નિર્દેશિત 64 પ્રશ્નોના ઉત્તરો પુનર્મુદ્રિત કર્યા છે. તેમણે આપેલા ઉત્તરો આજે પણ પ્રસ્તુત હોઈ હરકોઈ ગ્રંથાલયીએ વાંચી જવા જેવા છે. તેમની જ પ્રેરણાથી તૈયાર કરવામાં આવેલી 8000 (1929) અને 4000 (1933) ગુજરાતી પુસ્તકોની વર્ગીકૃત નમાવલિઓ 'પુસ્તકાલય સહાયક સહકારી મંડળ', વડોદરા દ્વારા પ્રકાશિત કરવામાં આવી હતી, જેનો ઉદેશ ગ્રંથપાલો, ગ્રંથાલય મંત્રીશ્રીઓ વગેરેને પુસ્તકો પસંદ કરવા તેમજ વર્ગીકરણ માટે એક આધારસ્રોત પૂરો પાડવાનો રહ્યો હતો. ગ્રંથાલય મંત્રીશ્રીઓ અને ગ્રંથપાલશ્રીઓ ગ્રંથાલય વ્યવસ્થાપનનું કામકાજ સારી રીતે સંભાળી શકે તે હેતુસર ટૂંકાસમયગાળાના 'ગ્રંથાલય શિક્ષણવર્ગો' પણ શરૂ કરાવ્યા હતા. આમ તેઓશ્રી ગ્રંથાલયોની સ્થાપના અને તેના સુચારુ નિર્વાહ માટે જીવનપર્યંત સમર્પિત બની રહયા હતા. (શાહ, ગીતા કિરણકુમાર. પુસ્તકાલય પ્રવૃત્તિના પિતામહ મોતીભાઈ અમીન. અમદાવાદઃ નીરવ પ્રકાશન, 2001ના આધારે)

### - ગુજરાતમાં ગ્રામ્યગ્રંથાલયો (1 મે, 1960-)

સૌરાષ્ટ્ર રાજ્યનું મુંબઈ રાજ્યમાં 1958માં વિલીનીકરણ થયું ત્યારે દાનવીર મેઘજી પેથરાજની સહાયથી 800 જેટલાં ગ્રામ્યગ્રંથાલયો અસ્તિત્વમાં આવ્યાં હતાં. મુંબઈ રાજ્યનું વિભાજન કરવામાં આવતાં ગુજરાત સ્વતંત્ર રાજ્ય તરીકે 1 મે, 1960ના રોજ અસ્તિત્વમાં આવ્યું ત્યારે કેટલાં ગ્રામ્યગ્રંથાલયો અસ્તિત્વમાં હતાં તેની સંખ્યા કે સ્થિતિ વિશે કોઈ ચોક્કસ માહિતી પ્રાપ્ત થઈ શકી નથી, પરંતુ વિવિધ પ્રકારનાં 3477 ગ્રંથાલયો અસ્તિત્વમાં હતાં (ભાવસાર, કિરીટ. અનુદાન લેતાં સાર્વજનિક ગ્રંથાલયો: એક અધ્યયન, અપ્રગટ શોધ નિબંધ. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, 1991).

ગુજરાત રાજ્ય ગ્રંથાલય નિયામક માનનીયશ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામીનો રૂબરૂ સંપર્ક કરતાં લેખિતમાં પ્રાપ્ત થયેલ માહિતી અનુસાર નાણાકીય વર્ષ 2009-2010માં 3395 ગ્રામ્યગ્રંથાલયોને રૂ. 1,54,78,702 અનુદાન ચૂકવવામાં આવ્યું હતું, પરંતુ છેલ્લા 10 વર્ષ એટલે કે વર્ષ 2014-15 થી 2023-24 સુધીમાં અનુદાનિત ગ્રામ્યગ્રંથાલયોની સંખ્યા ઉત્તરોત્તર ઘટતી જઈ છે, એટલે કે વર્ષ 2023-24માં ફક્ત 1801 સુધી નીચે ઉતરી ગઈ. જે નીચેના ટેબલ ઉપરથી સ્પષ્ટ જોઈ શકાય છે.

| વર્ષ | અનુદાનિત ગ્રંથાલયોની સંખ્યા | ગ્રંથાલયોને ચૂકવેલ અનુદાન |
|---|---|---|
| 2014-15 | 2772 | 26628590.00 |
| 2015-16 | 2623 | 25861525.00 |
| 2016-17 | 2604 | 35737281.00 |
| 2017-18 | 2550 | 36799887.00 |
| 2018-19 | 2534 | 36494826.00 |
| 2019-20 | 2245 | 33121622.00 |
| 2020-21 | 2025 | 29721579.00 |
| 2021-22 | 1982 | 29354413.00 |
| 2022-23 | 1910 | 27836518.00 |
| 2023-24 | 1801 | 70337653.00 |

અનુદાનિત ગ્રામ્યગ્રંથાલયોની ઘટતી જતી સંખ્યા ચિંતાકારક છે. દિનપ્રતિદિન ગ્રામ્યગ્રંથાલયો બંધ કરવામાં આવે છે કે અનુદાન મેળવતું ગ્રામ્યગ્રંથાલય કોઈ કારણોસર અનુદાન મેળવવાની પાત્રતા ગુમાવતું જાય છે એ શોધનો વિષય બની રહે છે.

સંખ્યાત્મકની તુલનાએ ગુણાત્મક દૃષ્ટિએ જોઈએ તો ગ્રંથાલય નિયામકોની વ્યવસાયિક પ્રતિબદ્ધત્તા અને ગ્રંથાલયોના વિકાસ માટેની દૂરંદેશિતા ધ્યાનાર્હ હોઈ અભિનંદનીય બની રહે છે. સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે ગ્રંથાલયખાતા દ્વારા વિવિધ પ્રકારનાં ગ્રંથાલયો અને ગ્રંથપાલોના પ્રોત્સાહન માટે વર્ષ 1974થી ‘શ્રી મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર’ની શરૂઆત કરવી અને ઉત્તરોત્તર આ રકમમાં ધ્યાનાકર્ષક વધારો કરતા રહેવા ઉપરાંત વિવિધ પ્રકારનાં અનુદાનિત સાર્વજનિક ગ્રંથાલયોને આ યોજનામાં ઉમેરવાં, જેમ કે, પ્રારંભ સમયે ફક્ત બે પ્રકાર-શહેર અને ગ્રામીણ વિભાગનાં ગ્રંથાલયોને આ ઍવૉર્ડ એનાયત કરવામાં આવતો હતો, જ્યારે આજે ૫ પ્રકારનાં ગ્રંથાલયોને આ ઍવૉર્ડ માટે પસંદ કરવામાં આવે છે. આ ઍવૉર્ડના પ્રારંભના દ્વિતીય વર્ષ 1975 થી વર્ષ 2022-23 સુધી કુલ 24 વખત ગ્રામ્યગ્રંથાલયો અને ગ્રંથપાલોને આ ઍવૉર્ડ એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યાં છે. પ્રસ્તુત ઍવૉર્ડ એનાયત કરવાના સમારોહ પ્રસંગે ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવતી માહિતી પત્રિકા “શ્રી મોતીભાઈ અમીન ગ્રંથાલય સેવા પારિતોષિક અને ઉત્તમ ગ્રંથાલય સેવા પ્રમાણપત્ર વિજેતા ગ્રંથાલયોનો પરિચય’, તા. 01/08/2024નું અવલોકન કરતાં જાણવા મળ્યું કે આ ઍવૉર્ડ શરૂ કર્યાના વર્ષ 1974થી ગ્રામ્યગ્રંથાલયનો સમાવેશ કરવામાં આવ્યો હોવા છતાં આ ઍવૉર્ડ માટે પ્રતિવર્ષ ગ્રામ્યગ્રંથાલયને પસંદ કરવામાં આવ્યું નથી. આ અન્વયે આ યોજના શરૂ થવાના 50 વર્ષના સમયગાળામાં ફક્ત 24 વખત ગ્રામ્યગ્રંથાલયોને ઍવૉર્ડ માટે પસંદ કરવામાં આવ્યાં છે. વધુમાં વર્ષ 2004-05 અને 2005-06થી આ ઍવૉર્ડ પ્રતિ વર્ષના સ્થાને પ્રતિ બે વર્ષના સમયગાળા માટે એનાયત કરવામાં આવે છે. પુરસ્કૃત ગ્રામ્યગ્રંથાલયો પૈકી “સયાજી સુવર્ણ મહોત્સવ સાર્વજનિક પુસ્તકાલય’, ધમડાછા, તા. ગણદેવી જિ. વલસાડ અને તેના ગ્રંથપાલશ્રી આ ઍવૉર્ડથી 3 વખત પુરસ્કૃત કરવામાં આવેલ છે, જ્યારે આ ગ્રંથાલયના ગ્રંથપાલ શ્રી દર્શનાબહેન રોહિતભાઈ પારેખ બે વખત આ ઍવૉર્ડ મેળવવા યશભાગી થયાં છે. આ કેટેગરીમાં પુરસ્કૃત ગ્રંથપાલો પૈકી એકમાત્ર શ્રી દર્શનાબહેને 2 વખત આ ઍવૉર્ડ મેળવ્યો છે. શ્રી દર્શનાબહેન આપણ સૌના અભિનંદનનાં અધિકારી બની રહે છે. આ ઉપરાંત સાર્વજનિક પુસ્તકાલય, મગરોડા, તા. વિસનગર, જિ. મહેસાણાએ પણ આ ઍવૉર્ડ ત્રણ વખત મેળવ્યો છે. આ ઍવૉર્ડ અન્વયે પ્રારંભમાં રૂ. 500/- પુરસ્કાર પેટે એનાયત કરવામાં આવતા હતા, પરંતુ આ રકમમાં અભૂતપૂર્વ વધારો કરવામાં આવ્યો છે. વર્ષ 2022-23 થી ગ્રામ્યગ્રંથાલયને રૂ. 10,000 અને ગ્રંથપાલને રૂ. 7500 પુરસ્કાર પેટે એનાયત કરવામાં આવે છે. આ ઉપરાંત અનુદાનિત ગ્રામ્યગ્રંથાલયોને વર્ષ 1989 થી 1994 દરમિયાન વાર્ષિક રૂ. 1500/- ચૂકવવામાં આવ્યા હતા. તેમાં ક્રમશ વધારો કરતાં વર્ષ 2023 થી રૂ. 40,000/- ચૂકવવાનું શરૂ કરવામાં આવ્યું છે. આ અનુદાનમાં વધારો કરવાની સાથે જ લોકફાળો ઉમેરવાના પ્રાવધાનનો નિયમ રદ કરીને અર્થાત્ લોકફાળા સિવાય 100% અનુદાન સંબંધિત ગ્રંથાલયોને ચૂકવવાનું અમલીકૃત કરવામાં આવ્યું છે. વર્ષ 2023થી ઍવૉર્ડની રકમમાં તથા ગ્રંથાલયોને 100% અનુદાનની યોજના અમલીકૃત કરાવવાનું

શ્રેય પ્રવર્તમાન ગ્રંથાલય નિયામકશ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામીના શિરે જાય છે. ડૉ. પંકજભાઈની દષ્ટિવંત ક્રિયાશીલતા અને વ્યવસાયિક પ્રતિબદ્ધતા આપણા વિશેષ અભિનંદનની અધિકારી બની રહે છે.

ગુજરાત સરકારના ગ્રંથાલયખાતા દ્વારા પ્રત્યેક જિલ્લાનાં કેટલાં ગ્રામ્યગ્રંથાલયોને અનુદાન આપવામાં આવે છે, તે આંકડા જોતાં સહજ પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે શું પ્રત્યેક જિલ્લાનાં ગામડાંઓમાં આટલી સામાન્ય સંખ્યામાં જ ગ્રામ્યગ્રંથાલયો હશે? વર્ષ 2023-24માં કચ્છ જિલ્લાનાં ફક્ત 12 ગ્રામ્યગ્રંથાલયોને અનુદાન આપવામાં આવ્યું હતું. આ સંદર્ભે ગુજરાત રાજ્યનાં સેવાનિવૃત્ત ગ્રંથાલય નિયામક અને કચ્છનાં નિવાસી ડૉ. વર્ષાબહેન મહેતા સાથે ચર્ચા કરતાં આ લખનારને જણાવેલ કે કચ્છનાં ઘણાંખરાં ગામોમાં ગ્રામ ગ્રંથાલયો/ વાચનાલયો અસ્તિત્વમાં છે. આ ગ્રંથાલયોની સ્થાપના અને નિભાવ માટે કચ્છના દાનવીરો દાન આપતા રહે છે. વળી, સરકારી અનુદાનની રકમ ઘણી ઓછી, જ્યારે કર્મચારીઓના અભાવે તેનું ઑડિટ કરાવવાનું, હિસાબો સમયસર રજૂ કરવા વગેરે પ્રશ્નોના કારણે અનુદાન ન લેવાનું વલણ રહ્યું છે. આ સંદર્ભે તેમણે પીએચ.ડી. ડિગ્રી હેતુ કચ્છ યુનિવર્સિટીમાં રજૂ કરેલ શોધપ્રબંધમાં પણ નોંધ્યું છે કે 'સરકારી અનુદાન સિવાય ગામના લોકો દ્વારા દરેક ગામમાં વાચનાલયો ચલાવવામાં આવે છે. ભૂકંપબાદ કચ્છનું દરેક ગામ અદ્યતન બન્યું ત્યારે તેમાં ગ્રંથાલય કે વાચનાલયનો સમાવેશ કરવામાં આવેલ છે... 'શ્રી સહજાનંદ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ', ભુજ દ્વારા કચ્છના ગામડાંઓમાં 'કેશવકાન ગ્રામ્ય નોલેજ બેંક'ના નામથી પુસ્તકાલયો શરૂ કરવાની યોજના અમલમાં મુકાયેલ છે. આ યોજના ગામનું મંડળ, પંચાયત કે શાળાના શિક્ષકો દ્વારા શરૂ કરી શકાય છે. પ્રાયોગિક ધોરણે કચ્છના ૫ ગામો સુવઈ અને બાલાસર (તા. રાપર), માધાપર (રામનગર, તા. ભુજ), રતનપર (તા. અબડાસા), અને લાકડિયા (તા. ભચાઉ)માં શરૂ કરવામાં આવેલ છે.... સૌથી અગત્યની અને આજના યુગને અનુરૂપ શરત એ છે કે માત્ર 20% જ નવલકથા, નવલિકા જેવું સાહિત્ય હોય, જ્યારે 80% ટૅક્ નોલૉજીનાં પુસ્તકો વસાવવાં, જેમાં સ્પર્ધાત્મક પરીક્ષા અને અન્ય કોઈ પણ પ્રકારની ટૅક્ નોલૉજી કે કમ્પ્યૂટર શીખવાનું થતું હોય તેવા વિષયનો સમાવેશ કરવાનો હોય છે... આ ટ્રસ્ટો દ્વારા 'પુસ્તકાલય પરબ' યોજના શરૂ કરવાની તૈયારીઓ પૂર્ણ થયેલ છે. (કચ્છના સર્વાંગી વિકાસમાં માહિતી અને જ્ઞાનકેન્દ્રોની ભૂમિકા. ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ, 2011. પૃ. 148, 161). અહીં કચ્છ જિલ્લાનાં ગ્રામ્યગ્રંથાલયોનો નિર્દેશ કરવાનો હેતુ એ રહ્યો છે કે ગુજરાતના અન્ય જિલ્લાઓનાં ગામોમાં ક્વચિત અપવાદ બાદ કરતાં ઘણી મોટી સંખ્યામાં ગ્રંથાલયો/ વાચનાલયો અસ્તિત્વમાં હશે, પરંતુ સરકારી અનુદાનના અભાવે અને પ્રજાજનોના ઉત્સાહ અને સહકારના અભાવે સાતત્યતાપૂર્ણ પ્રોત્સાહક વિકાસ સાધી શકાતો નથી તે એક હકીકત સ્વીકારવી રહી! આ સાથે જ નોંધ લેવી રહી કે રાજા રામ મનોહર રૉય લાઇબ્રેરી ફાઉન્ડેશન, કોલકતાના અનુદાનથી કેટલાંક ગ્રામ્યગ્રંથાલયો સ્વતંત્રભવનોનું નિર્માણ કરી શક્યાં છે.

પ્રવર્તમાન ગ્રામ્યગ્રંથાલયોની યથાતથ સ્થિતિ જાણવા હેતુ આ લખનારે મહેસાણા, વિસનગર, અને સરસ્વતી તાલુકાઓનાં કેટલાંક ગામો, જેમકે, અલોડા, કડા, કમાણા, કંસારાકુઈ, દેલોલી, મગરોડા, મીઠા, વદાણી, વધાસર વગેરે પૈકી કડાની રૂબરૂ મુલાકાત લીધી જ્યારે અન્ય ગામોનાં ગ્રંથાલયો વિશે અધિકૃત માહિતી મેળવવા પ્રયાસ કરતાં જાણવા મળ્યું કે જે ગામોમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ગ્રંથાલયો રાખવામાં આવ્યાં છે તેનો નહિવત્ ઉપયોગ થાય છે, જ્યારે જે ગામોના અગ્રણીઓએ સ્વતંત્ર ગ્રંથાલય ભવનોનું બાંધકામ કરવા ઉપરાંત સુયોગ્ય વ્યક્તિઓની ગ્રંથપાલો તરીકે નિમણૂક કરતાં પ્રોત્સાહક પરિણામો સાંપડ્યાં છે. કડાના ગ્રામ્યગ્રંથાલયની રૂબરૂ મુલાકાત લેતાં અગ્રણી શિક્ષણવિદ પ્રો. ડૉ. મફતલાલ પટેલ કે જેઓશ્રી મંડળના પ્રમુખશ્રી છે તેમણે જણાવ્યું હતું કે આ ગ્રંથાલયમાં અન્ય સાહિત્ય ઉપરાંત વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું સાહિત્ય ખાસ વસાવવામાં આવે છે, વિદ્યાર્થીઓને વાંચન સગવડ પૂરી પાડવા મોડી રાત સુધી વાંચનખંડ ખુલ્લો રાખવામાં આવે છે, ગ્રામજનો વાંચવા પ્રેરાય તે હેતુ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આ ગ્રંથાલયનો નિયમિત લાભ લેનાર પૈકી ગામના 36 વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરતાં સરકારી નોકરી મેળવવા યશભાગી થયા છે. આ પૈકી એક વિદ્યાર્થિનીએ સી.એ.ની ડિગ્રી મેળવી છે. આવી જ સિદ્ધિ મગરોડા, (તા. વિસનગર)ના ગ્રંથાલયે

પણ મેળવી છે. જેના સંચાલનમાં ખેરાલુ કૉલેજના સેવાનિવૃત્ત પ્રિ. રણછોડભાઈ ચૌધરી સહયોગ આપી રહ્યા છે. સરસ્વતી તાલુકાના વદાણી ગામમાં સાર્વજનિક અનુદાનિત ગ્રંથાલય નથી, પરંતુ વદાણી આસપાસનાં 10 ગામોના સુજ્ઞજનો દ્વારા વિદ્યાર્થીઓના લાભાર્થે છેલ્લાં ૫ વર્ષથી ખાનગી 'Reading Library' શરૂ કરવામાં આવી છે, જેમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું સાહિત્ય વસાવવામાં આવે છે, પરિણામે ઘણા વિદ્યાર્થીઓ વ્યવસાયિક કારકિર્દી ઘડવામાં સફળ રહ્યા છે. આ વાસ્તવિકતાને ધ્યાને લેતાં રાજ્ય સરકારની સાથે સાથે સ્થાનિક મંડળોએ પણ ગ્રામ્યગ્રંથાલયોની સ્થાપના અને તેના સુયોગ્ય નિર્વાહ માટે પ્રાથમિકતા આપવી આવશ્યક બની રહે છે.

## "ગુજરાત સાર્વજનિક ગ્રંથાલય – ધારો 2001" અને ગ્રામ્યગ્રંથાલયો

સર્વસ્વીકૃત બાબત છે કે 'સાર્વજનિક ગ્રંથાલય ધારો' એ રાજ્યમાં મફત ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવા માટે કાયદાકીય પીઠબળ પૂરી પાડતી સુનિયોજિત પદ્ધતિ છે કે જે સરકાર અને પ્રજાને ઉત્તરદાયી બનાવે છે. સક્ષમ સાર્વજનિક ગ્રંથાલય સેવાઓ વ્યક્તિ, રાજ્ય અને અંતતઃ રાષ્ટ્રના આર્થિક, સામાજિક, શૈક્ષણિક વિકાસ માટે ઉપકારક બની રહેતી હોવા છતાં આઝાદીનાં 75 વર્ષ અર્થાત્ આઝાદીનો અમૃતકાળ પૂર્ણ થવા છતાં આજદિન સુધી દેશનાં ફક્ત 18 રાજ્યો દ્વારા સાર્વજનિક ગ્રંથાલય ધારો પસાર કરવામાં આવ્યો છે. ગુજરાતમાં આ ધારો પસાર કરતાં 37 વર્ષ લાગ્યાં. અલબત્ત આ પૂર્વે 1964થી 1999 દરમિયાન 12 વખત કરવામાં આવેલા પ્રયાસો બાદ વર્ષ 2001માં 13મા પ્રયાસે આ ધારો પસાર થયો. આ ધારામાં કેટલીક નોંધપાત્ર વિશેષતાઓ હોવાની સાથે ગ્રામ્યગ્રંથાલયો સંદર્ભે સૌથી મોટી મર્યાદા એ છે કે આ ધારાની કલમ 13 અને 14 અંતર્ગત ફક્ત રાજ્ય-જિલ્લા-તાલુકા ગ્રંથાલયોના માળખાનું પ્રાવધાન છે, જેમાં ગ્રામ્યગ્રંથાલયો વિશે કોઈ ઉલ્લેખ નથી. જોકે કલમ 12.2 અન્વયે સાર્વજનિક ગ્રંથાલયોના નિયામકનાં કાર્યો અંતર્ગત રાજ્યમાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના અને વિકાસની તેમજ કલમ 17 - નાણાંકીય બાબતો અંતર્ગત નવાં સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના તથા સ્થાનિક મંડળો દ્વારા ચલાવવામાં આવતાં સાર્વજનિક ગ્રંથાલયોને અનુદાન આપવાની જોગવાઈ કરવામાં આવી છે. ધારાકીય જોગવાઈના અભાવે ગુજરાતમાં રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય - જિલ્લા અને તાલુકાઓનાં ગ્રંથાલયો સિવાય કોઈ શહેર કે ગામમાં સરકારી સાર્વજનિક ગ્રંથાલય અસ્તિત્વમાં નથી, પરંતુ આ સંદર્ભો આશ્ચર્ય અને દુઃખ તો એ છે કે આ ધારો પસાર થયાના 25માં વર્ષે પણ અમલીકૃત કરવામાં આવ્યો નથી. જોકે આ સંદર્ભે ગ્રંથાલય નિયામકશ્રી ડૉ. પંકજભાઈ ગોસ્વામીએ પ્રસંગોચિત ઉદ્દબોધનમાં આ ચિંતા અંગે પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે પ્રાવધાનથી જે રકમ મળે તેનાથી ઘણી અધિક રકમ ગ્રંથાલયોના વિકાસ પાછળ સરકાર ફાળવે છે જે સુખદ બાબત ગણવી રહી.

સરકારી ગ્રામ્યગ્રંથાલયો સંદર્ભે અપવાદ એ છે કે તાજેતરનાં વર્ષોમાં રાજ્ય સરકાર દ્વારા 142 ગ્રામ ગ્રંથાલયસહ સાંસ્કૃતિક કેન્દ્રો અને કેટલાંક આદિજાતિ સરકારી ગ્રામ ગ્રંથાલયોની સ્થાપના કરવામાં આવી છે. આ કેન્દ્રના સંચાલકને માસિક રૂ. 500 વેતન આપવામાં આવે છે. આ પ્રકારનાં ગ્રંથાલયો કયા હેતુઓ ચરિતાર્થ કરતાં હશે ?

એક જાગરૂક ગ્રંથાલય વ્યવસાયિક તરીકે આપણે સરકારને રજૂઆત કરવી રહી કે પસાર કરવામાં આવેલ સાર્વજનિક ગ્રંથાલય ધારામાં ગ્રંથાલય માળખા અંતર્ગત ગ્રામ્યગ્રંથાલયનો સમાવેશ કરતો સુધારો કરવામાં આવે. ગ્રામ્યગ્રંથાલયનું ધારામાં પ્રાવધાન હશે તો પ્રત્યેક ગામમાં સરકારી ગ્રંથાલય સ્થાપવાનું સમયાન્તરે પણ શક્ય બનશે. આ ઉપરાંત ઉલ્લેખનીય છે કે 'ગોવા સાર્વજનિક ગ્રંથાલય ધારો 1993'માં તેની કલમ 15 અંતર્ગત 'ગ્રામ્યગ્રંથાલય સમિતિની જોગવાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે 'ધી અશોક મહેતા કમિટી ફોર પંચાયતી રાજ' (1977) એ ગામના વિકાસમાં ગ્રામ્યગ્રંથાલયોની આવશ્યકતાને ધ્યાને લઈને ગ્રામ્યગ્રંથાલયોની રચના માટે વ્યાપક પરિપ્રેક્ષ્યમાં સુનિયોજિત ગ્રંથાલયધારા માટે ભલામણ કરી છે. (Quoted by Champawat, C. S. Rural development & information system' in : Indian Encyclopedia of Library and Information Science / comp & edited by P.S.G. Kumar, Vol. 24, p. 172-177).

## ગ્રામ્ય માહિતી અને જ્ઞાનકેન્દ્રો

પરંપરિત રીતે ચલાવવામાં આવતાં ગ્રામ્યગ્રંથાલયો કે જે પ્રાયઃ ગ્રંથ આપ-લેથી સંતર્પક સંતુષ્ટિ અનુભવી રહ્યાં છે તેને પ્રવર્તમાન સમયની જરૂરિયાતોને ધ્યાને લેતાં નવો પ્રાણ ફૂંકીને પુનર્જિવિત કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. નવો પ્રાણ એટલે કે ગ્રામ્યનિવાસીઓને પ્રત્યક્ષ ઉપયોગી એવી વિવિધ માહિતી, જેમ કે, ખેતી માટે અદ્યતન બિયારણો, દવાઓ, ખાતર, અવનવા પાકોનું ઉત્પાદન અને તેના બજાર વગેરે સંબંધી, આરોગ્ય, ગ્રામ્ય કારીગરો માટે વ્યવસાયિક તકો, શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓ, બેંકિંગ સેવાઓ, સરકારની યોજનાઓ વગેરે સંબંધી અધિકૃત માહિતી પૂરી પાડવાની સાથે-સાથે ગ્રંથાલયોને નિરક્ષરતા નિવારણ તથા જ્ઞાન અને સંસ્કારની પ્રવૃત્તિનાં જીવંત કેન્દ્રો તરીકે પરિવર્તિત કરવાં. અને આવા દૂરંદેશી હેતુઓને ક્રિયાન્વિત કરવા માટે ગ્રામ્યગ્રંથાલયોને ગ્રામ્ય માહિતી અને જ્ઞાન કેન્દ્રોમાં પરિવર્તિત કરવાં જોઈએ. આ કેન્દ્રો આવશ્યક વાચન સામગ્રીથી હર્યાભર્યા ઉપવન સમાન હોવાની સાથે અદ્યતન ICTના વિનિયોગથી સજ્ઞ હોવાની સાથે જ તાલુકા-જિલ્લારાજ્ય-ગ્રંથાલય સાથે નેટવર્કથી જોડાવાં જોઈએ. ગ્રામ્યજ્ઞાનકેન્દ્રોની સ્થાપના સંદર્ભે આપણા પૂર્વ-રાષ્ટ્રપતિ ડૉ. એ.પી. જે. અબ્દુલ કલામનું દૂરંદેશિતાશીલ મંતવ્ય: 'I Visualise establishment of village knowledge centres in the Panchayats to empower the Villegers with the knowledge, and to act as a nodal centre for knowledge connectivity for the villagers... These village Panchayat knowledge centres will become a helpdestk and confidence builder for the villegers, and also act as a e-governance nodal point for the villagers. Through such centres demand for books and reading habits will increase. These centres, which will function as digital libraries, would be equipped with 1000 books on different subjects, a computer terminal, telephone connection, modem, printer and other type of necessary infrastruatures" (7th August, 2005, Delhi; Quoted by Shah, Pravin. Need for Village Information and Knowledge Centres. DLIBCOM. 3.2 (Feb. 2008) ; 1-2). સુચિંતનીય બની રહે છે. પ્રવીણભાઈ શાહે સદર લેખમાં આ પ્રકારનાં જ્ઞાન કેન્દ્રો રાષ્ટ્રમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક વિકાસ હાંસલ કરવા માટે ઉપયોગી બની રહેવાનું જણાવવાની સાથે સવિશેષતઃ આ કેન્દ્રો પાસે સ્થાનિક ઉત્પાદનો, તજ્જ્ઞો વગેરે વિશે ડેટાબેઝ તૈયાર કરવા અને તેનો ફેલાવો કરવા, ગ્રામ્યજનોને વૈજ્ઞાનિક આભિગમ અપનાવવા અને જ્ઞાનકેન્દ્રોનો લાભ લેવા પ્રોત્સાહિત કરવા અને અન્ય આનુષંગિક બાબતો વિશે સૂચનો કર્યાં છે, જે ધ્યાનાર્હ છે. અત્રે આ સાથે નોંધ લેતાં ગર્વ અનુભવું છું કે આ લખનારના માર્ગદર્શન હેઠળ વર્ષાબહેન મહેતાએ 'કચ્છના સર્વાંગી વિકાસમાં માહિતી અને જ્ઞાનકેન્દ્રોની ભૂમિકાઃ એક અભ્યાસ' વિષયમાં 'ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી' ભુજમાં વર્ષ 2011માં પીએચ.ડી. ડિગ્રી હેતુ રજૂ કરેલ શોધપ્રબંધમાં કચ્છ માટે કચ્છની વિવિધ સંસ્થાઓ - શૈક્ષણિક, સાહિત્યિક, ધાર્મિક, સામાજિક, સરકારી એજન્સીઓ વગેરે ઉપરાંત વંશપરંપરાગત સંસાધનો વગેરેને સાંકળી લઈને દષ્ટિપૂત માહિતી અને જ્ઞાનકેન્દ્રનો ખ્યાલ રજૂ કર્યો છે. આ અંતર્ગત કચ્છનાં વિવિધ ગ્રંથાલયો અને ગ્રામ્યગ્રંથાલયોની ભૂમિકા વિશેનું ચિંતન અનુકરણીય હોઈ શ્લાઘનીય બની રહે છે.

### ગ્રામ્યગ્રંથાલયો શામાટે ક્રિયાશીલ (Vibrant) નથી ?

- મોટા ભાગનાં ગ્રામ્યગ્રંથાલયો સ્વતંત્ર ભવનના અભાવે સરકારી પ્રાથમિક શાળામાં સ્થિત છે, જેનું સંચાલન પ્રાથમિક શાળાના શિક્ષક દ્વારા કરવામાં આવે છે.
- સામાન્યતઃ આ જવાબદારી વધારાની અને બોજસ્વરૂપ ગણવામાં આવતાં ગ્રંથાલયના વિકાસ માટે નિષ્ક્રિયતા.
- શાળાના સમય દરમિયાન જ સંબંધિત શિક્ષક આ સેવા આપતા હોવાથી શિક્ષણકાર્ય દરમિયાન ક્વચિત કોઈ પુસ્તક દેવડ-દેવડ માટે આવે તો તે તેને કે ઉપયોગકર્તાને સ્વાભાવિક રીતે જ પસંદ ન પડે એટલે ગ્રંથાલયોનો નહિવત ઉપયોગ થતો હોય છે.
- શાળાના કામકાજના સમય પૂર્વે કે બાદમાં કે રવિવારસહિત જાહેર રજાઓના દિવસોમાં આ ગ્રંથાલયો ખુલ્લાં રાખવામાં આવતાં ન હોવાથી નહિવત ઉપયોગ થાય છે પરિણામે ગામનો નોકરિયાત વર્ગ ગ્રંથાલયસેવાથી સદંતર વંચિત રહે છે.

● ગ્રંથાલયના ઇન્ચાર્જ શિક્ષકને વધારાના આ કાર્ય હેતુ અપર્યાપ્ત વેતન આપવામાં આવતું હોવાથી સ્વાભાવિક રીતે જ આ પ્રવૃત્તિ પ્રતિ ઉપેક્ષા સેવાય. વધુમાં સામાન્ય વેતનની સાથે જ ગ્રંથસંગ્રહ સંભાળવાની, નિર્વાહ કરવાની, ઓડિટ કરાવવા વગેરેની અને સંબંધિત શિક્ષકની બદલી થતાં ગ્રંથાલયનાં પુસ્તકોની ગણતરી કરીને અન્ય શિક્ષકને સોંપવાની જવાબદારીના કારણે યથાસંભવ ગ્રંથાલયને બંધ રાખવાનું વલણ રહે છે.

● જે કોઈ ગામોમાં સ્વતંત્ર ગ્રંથાલય ભવનો છે ત્યાં પ્રાયઃ આવશ્યક નાણાંકીય જોગવાઈના અભાવે ગ્રંથસંગ્રહ તરોતાજા ન રાખી શકવાની સાથે જ પ્રશિક્ષિત ગ્રંથપાલની નિમણૂક ન કરી શકતાં ગામના સેવાનિવૃત્ત શિક્ષક કે અન્ય કોઈ વ્યક્તિને ગ્રંથાલયની જવાબદારી સોંપવામાં આવતી હોય છે, પરંતુ આ ગ્રંથાલયો નિયમિત રીતે ખુલ્લાં રાખવામાં આવતાં નથી.

● ગ્રંથાલય સંભાળતા કર્મચારી / ગ્રંથાલયની સાથે જ વર્ગ-4ના સહાયક કર્મચારીની નિમણૂકના અભાવે કે અલ્પતમ વેતનના કારણે ગ્રંથાલયોમાં ક્રિયાશીલતા કે સ્વચ્છતા જળવાતી નથી.

● ગ્રંથાલયનો ઉપયોગ શા માટે કરવો જોઈએ ? અથવા ગ્રંથાલયનો ઉપયોગ કરવાથી શું ફાયદો થાય ? વગેરેથી ગ્રામજનોમાં તેની જાગરૂકતાનો અભાવ તેમજ નિરક્ષરતાના કારણે ગ્રામ્યગ્રંથાલયોનો નહિવત ઉપયોગ થાય છે.

● વિદ્યાર્થીઓ, ગ્રામજનો વગેરેમાં ઘટતી જતી વાંચનટેવ

● ગામના શ્રેષ્ઠીઓ અને પ્રબુદ્ધજનોની ગ્રંથાલયના સુયોગ્ય નિર્વાહમાં રસવૃત્તિ કે જાગૃતિના અભાવના પરિણામે ગ્રામ્યગ્રંથાલય ભવનના નિર્માણ કે નિર્વાહ માટે દાન આપવા પ્રતિ ઉદાસીન વલણ ધરાવતા જોવા મળે છે, જ્યારે ગામમાં મંદિર, મસ્જિદના નિર્માણ કે હોમ-હવન ઈત્યાદિ માટે લાખો રૂપિયાનાં દાન આપવામાં અગ્રેસર બની રહેતા હોય છે. જીવતચર્યા તથા બારમા પાછળ લાખો રૂપિયા ખર્ચાય છે. આ માનસિકતામાં બદલાવ લાવી જ્ઞાનમંદિરોના નિર્માણ માટે પ્રેરિત કરવાની તાતી જરૂરિયાત છે.

● ગ્રંથાલયોનો ગ્રંથસંગ્રહ સુરક્ષિત રાખવાની તથા ઓડિટ કરાવવાની જવાબદારી અને અન્ય આનુષંગિક પ્રશ્નોના કારણે ઘણાં અનુદાનિત ગ્રામ્યગ્રંથાલયોએ અનુદાન લેવાનું બંધ કરતાં, આવાં ગ્રંથાલયો દિનપ્રતિદિન નિષ્પ્રાણ બનતાં ગયાં.

● અમારા ગામમાં રોડ કે અન્ય સગવડો નથી તેના પ્રશ્નો માટે સંબંધિત ધારાસભ્ય, સંસદસભ્ય, મંત્રીશ્રી કે મુખ્યમંત્રીશ્રીને રજૂઆતો કરવા ગામના અગ્રણીઓની સક્રિયતા, પરંતુ સરકારી સાર્વજનિક ગ્રંથાલય નથી કે ગામમાં ગ્રંથાલયની સ્થાપના કરીને તેને અનુદાનિત કરવા માટે તેની રજૂઆત પ્રતિ નિષ્ક્રિયતા.

● ગામના સ્થાનિક મંડળ સંચાલિત અનુદાનિત કે બિનઅનુદાનિત ગ્રંથાલયમાં ગ્રંથાલય પ્રશિક્ષિત વ્યક્તિ નોકરીમાં જોડાવા અનુત્સુક

● પ્રવર્તમાન નિયમો અનુસાર ગ્રામ્ય અનુદાનિત ગ્રંથાલયને વાર્ષિક રૂ. 40,000નું 100% અનુદાન અર્થાત લોકફાળો આપ્યા સિવાય આપવામાં આવે છે, પરંતુ આ અનુદાનની રકમમાંથી નિયમ મુજબ 50% રકમ પુસ્તક ખરીદી માટે અને બાકીની રકમમાંથી ફર્નિચર, ગ્રંથાલય વ્યવસાયિક કર્મચારી, વર્ગ-4 ના કર્મચારી, લાઇટબીલ, સ્ટેશનરી, ઓડિટ વગેરે ખર્ચ પાડતાં કર્મચારીઓને કેટલું વેતન મળી શકે ? કહેવાયું છે કે ‘ભૂખે ભગતિ ન હોઈ ભલાઈ’

## ગ્રામ્યગ્રંથાલયોને ક્રિયાશીલ (Vibrant) જ્ઞાનકેન્દ્રો તરીકે પરિવર્તિત કરવા તેમજ નવાં જ્ઞાનમંદિરો, ગ્રંથાલયો શરૂ કરવા માટેના ઉપાયો

● પ્રસ્તુત લેખમાં ગ્રામ્યગ્રંથાલયની વિભાવના અને કાર્યો/સેવાઓના મુદ્દા હેઠળ ગ્રામ્યગ્રંથાલયની અનિવાર્ય આવશ્યકતા દર્શાવવામાં આવી છે, તે હૈયે ધરીને પ્રત્યેક ગામમાં સાર્વજનિક ગ્રંથાલય, સરકારી પ્રાથમિક શાળાની માફક અનિવાર્ય જ બની રહે છે.

● સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા અમલમાં મૂકવામાં આવેલ નીતિ **‘ગામ ત્યાં શાળા અને શાળા ત્યાં ગ્રંથાલય’** ને ચુસ્ત રીતે અપનાવીને ગુજરાતનાં ગામડાંમાં સરકારી સાર્વજનિક ગ્રંથાલયોની સ્થાપના અને સુયોગ્ય નિર્વાહ અનિવાર્યપણે કરવો.

● રાજ્ય સરકાર દ્વારા પ્રત્યેક ગામમાં સરકારી પ્રાથમિક શાળા સ્થાપવામાં આવે છે તે જ નીતિનિયમો મુજબ પ્રત્યેક ગામમાં સરકારી સાર્વજનિક ગ્રંથાલય સ્થાપવું જોઈએ. ભારત સરકાર દ્વારા 1957માં શ્રી કે. પી. સિન્હાના ચેરમૅનપદે નિયુકત ‘એડવાઈઝરી કમિટી ફોર લાઇબ્રેરિઝ’ દ્વારા પણ પ્રત્યેક ગામમાં ગ્રંથાલય સ્થાપવાની, તેમજ 2500 કે તેથી અધિક વસતી ધરાવતાં ગામોના ગ્રંથપાલો માટે પ્રાથમિક શિક્ષકથી

મિડલ સ્કૂલના હેડમાસ્તર સુધીનો સમાન દરજ્જો આપવાની ભલામણ કરી છે, તેનો અમલ કરવો.

● જે ગામોમાં કોઈ કારણોસર શાળાઓ શરૂ કરવામાં ન આવી હોય તેવા ગામોમાં ફરતા પુસ્તકાલયની યોજના અમલમાં મૂકવી.

● ગ્રામ્યગ્રંથાલયોને પરંપરિત વ્યવસ્થાતંત્ર અને કામગીરીના સ્થાને અદ્યતન ICTનો વિનિયોગ કરીને માહિતી અને જ્ઞાન કેન્દ્રોમાં પરિવર્તિત કરવાં, તેમજ તાલુકા-જિલ્લા-રાજ્ય ગ્રંથાલયો સાથે નેટવર્કથી જોડવાં.

● જે શાળામાં કે ગામમાં ગ્રામ્યગ્રંથાલય હોય તે શાળાના વિદ્યાર્થીઓને ગ્રંથાલયનો ઉપયોગ કરવા પ્રેરવા જોઈએ અને ગ્રંથાલયની સમયાંતરે મુલાકાત લેવડાવવી જોઈએ. આ ઉપરાંત વિદ્યાર્થીઓના વાલીઓની સભા બોલાવીને ગ્રંથાલયનો ઉપયોગ કરવા પ્રેરિત કરવા જોઈએ.

● રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર ગ્રામ્યગ્રંથાલયોને રૂ. 40,000/- અનુદાન આપવામાં આવે છે. આ રકમમાંથી ગ્રંથાલયોને સુયોગ્ય નિર્વાહ અસંભવિત છે, તેથી આ રકમમાં ઘણો વધારો અપેક્ષિત બની રહે છે.

● ધ્યાને લેવું રહ્યું કે બિન-સરકારી અનુદાનપાત્ર માધ્યમિક -ઉચ્ચ માધ્યમિક શાળાઓ અને કૉલેજોમાં શિક્ષકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓના 100% પગારની ચુકવણી રાજ્ય સરકાર કરે છે, તે નીતિનો અક્ષરશઃ અમલ કરીને પ્રત્યેક અનુદાનિત ગ્રામ્યગ્રંથાલયના ગ્રંથપાલને પ્રાથમિક શાળાના શિક્ષક સમકક્ષ પગાર ધોરણ નિયત કરીને સરકાર દ્વારા સીધો પગાર ચૂકવવો જોઈએ.

● ગ્રામમાં ગ્રંથાલયોની સ્થાપના, નિર્વાહ અને ભવન નિર્માણ માટે ગામના દાનવીરોને આ કાર્યમાં સહયોગ આપવા પ્રેરિત કરવા જોઈએ. અથવા રાજ્ય સરકાર દ્વારા 100% અનુદાન ગામગ્રંથાલય ભવન માટે ફાળવવું જોઈએ.

● ગ્રામ્યગ્રંથાલય / જ્ઞાનકેન્દ્રના કાર્યકાળનો સમય ગ્રામજનતાને અનુકૂળ હોય તેવા સમયે અને જાહેરરજાના દિવસે ખુલ્લુ રાખવું જોઈએ.

● માનવજીવનમાં વાંચનનું મહત્ત્વ અને આ હેતુ ગ્રામ્યગ્રંથાલયોની આવશ્યકતા સમજાવવા હેતુ ખાસ શિબિરો, પ્રબુદ્ધજનોનાં વ્યાખ્યાનો, ગ્રંથાલયકથાઓ અને ઉત્તમ કૃતિઓના રસાસ્વાદોનું સમયાંતરે આયોજન કરવું.

● 'ગુજરાત સાર્વજનિક ગ્રંથાલય-ધારો - 2001' ગુજરાત વિધાનસભા દ્વારા પસાર કરવામાં આવ્યો, પરંતુ તેનો અમલ આજ દિન સુધી કરવામાં આવ્યો નથી. આ ધારામાં ગ્રંથાલયોને અનુદાન આપવાની જોગવાઈ છે, પરંતુ પ્રત્યેક ગ્રામમાં ક્રમશઃ સરકારી ગ્રંથાલયની સ્થાપનાનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, તેથી આ સુધારો આમેજ કરવો જોઈએ.

● વર્ષ 2011ની વસતી ગણતરી મુજબ ગુજરાતમાં 18225 ગામડાં છે. આ બધાં જ ગામોમાં ગ્રંથાલય સેવાઓની ઉપલબ્ધિ વિશે બહુવિધ પરિપ્રેક્ષ્યમાં સર્વેક્ષણ કરીને, જેમ કે, ગામમાં સાક્ષરતાનું પ્રમાણ, સુશિક્ષિત ગ્રામજનો, ગ્રંથાલય સ્થાપવામાં આવેલું હોય તો તેના સ્થાપકો, ગ્રંથસંગ્રહની સમૃદ્ધિ (19મી સદીમાં પ્રકાશિત પુસ્તકોના વિશેષ પરિપ્રેક્ષ્યમાં તપાસ), પુસ્તકોનો ઉપયોગ, પ્રવર્તમાન સ્થિતિ વગેરે વિશે પ્રાપ્ત હકીકતોને ધ્યાને લઈ પ્રત્યેક ગામમાં સાર્વજનિક ગ્રંથાલયની સેવાઓ સુલભ કરાવવા ઘટતાં પગલાં લેવાં જોઈએ.

● ગ્રામ્યગ્રંથાલયમાં બાળકો અને મહિલાઓ માટે અલગ વિભાગ ઊભો કરવો જોઈએ. ગ્રંથાલયના પ્રાંગણમાં બાળકો માટે ખેલકૂદનાં સાધનો વસાવવાં જોઈએ.

● સંબંધિત ગામના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં ઇતિહાસ અને સંસ્કૃતિ વિશે માહિતી એકઠી કરવી જોઈએ.

● જે ગામમાં ગ્રામ્યગ્રંથાલય શાળામાં રાખવામાં આવતું હોય તેની કામગીરી સંબંધિત શાળાના શિક્ષકે નિભાવવી તે મતલબનો પરિપત્ર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવે તો સંભવ છે કે ફરજના ભાગ તરીકે આ જવાબદારી સ્વીકારીને તેનો યથાયોગ્ય નિર્વાહ કરવામાં આવે. પરિણામે ગ્રંથાલય સ્થાપના પાછળના હેતુઓ કંઈક અંશે ફળીભૂત થાય. ઉલ્લેખનીય છે કે વડોદરા રાજ્યમાં આ જવાબદારી શિક્ષકોને ફરજના ભાગ તરીકે સોંપવામાં આવતી હતી.

● અને છેલ્લે ખૂબ જ મહત્ત્વની બાબત એ કે કાકાસાહેબ કાલેલકરની શીખઃ 'ગ્રંથપાલ વગરનું ગ્રંથાલય મડદા જેવું છે' તેને 'હૈયે ધરીને ગ્રામ્યગ્રંથાલયનો પ્રાણાધાર એવા ક્રિયાશીલ, પૂર્ણતઃ સમર્પિત અને પ્રશિક્ષિત ગ્રંથપાલની નિયુક્તિ કરવી જોઈએ. આ ગ્રંથપાલ ગ્રંથાલયમાં અદ્યતન ICTનો વિનિયોગ કરવા સુસજ્ઞ, સારો વાચક, સંવેદનશીલ, ઉત્સાહી હોવા ઉપરાંત **'ગ્રામજ્ઞાનગુરુ'** બની રહે તેવી ક્ષમતા ધરાવતો હોવો જોઈએ.

**સમાપન**

ગ્રંથસંસ્કૃતિ વિહોણા માનવજીવનની કલ્પના જ ભયાવહ બની રહે છે. ગ્રામ્યગ્રંથાલય એ ગામના હર્યાભર્યા સંસ્કારજીવનનું ધરુવાડિયું છે. ગામના પ્રજાજનોને આર્થિક અને જ્ઞાનસમૃદ્ધ જીવન જીવવા માટેનાં સ્વપ્નો સેવવા માટેનાં બીજારોપણનો એક આધારસ્રોત છે. આમ છતાં એક ગ્રંથાલયી તરીકે વ્યથા અનુભવું છું કે આજે ગ્રામ્યગ્રંથાલયો પ્રાયઃ ઉપેક્ષિત છે. 2011ની વસતી ગણતરી અનુસાર ગુજરાતમાં 18225 ગામડાં છે, પરંતુ આ પૈકી આજે ગુજરાતમાં સ્થાનિક મંડળો વગેરે દ્વારા સંચાલિત કેટલાં ગ્રામ્યગ્રંથાલયો છે અને કેવી સ્થિતિમાં છે તેનો કોઈ અંદાજ પણ નથી કે નથી કોઈ સર્વે કરવામાં આવ્યો. આ ગામડાં પૈકી વર્ષ 2023-24માં ફક્ત 1801 ગામોનાં એટલે કે કુલ ગામો પૈકીનાં 10% ગ્રામ્યગ્રંથાલયોને અનુદાન આપવામાં આવ્યું હતું. ગ્રંથાલયની આવશ્યકતાને ધ્યાને લેતાં પ્રત્યેક ગામમાં સરકારી પ્રાથમિક શાળાની માફક સરકારી ગ્રંથાલય હોવું જોઈએ. સરકારી ગ્રામ્યગ્રંથાલય સ્થાપવાનું શકય ન બને તો જેમ સ્થાનિક મંડળો સંચાલિત શાળા-કૉલેજોના વિવિધ સ્તરના બધા જ કર્મચારીઓને રાજ્ય સરકાર દ્વારા સરકારી નિયમો મુજબ 100% પગારની રકમ ચૂકવવામાં આવે છે તે જ ધોરણે અનુદાનિત ગ્રંથાલયોના ગ્રંથાલયીઓને સરકારી પ્રાથમિક શાળાના શિક્ષક સમાન પગારધોરણ સુનિશ્ચિત કરીને પગાર ચૂકવવો જોઈએ અને ગ્રંથાલયના નિભાવ માટે શાળા/કૉલેજોને આપવામાં આવતા અનુદાનના ધોરણે અનુદાન આપવું જોઈએ. ગામમાં ગ્રંથાલયની સ્થાપના માટે ગ્રામ્ય-પ્રજાજનોને પ્રેરણા પૂરી પાડીને તેમનો સહયોગ મેળવીને પ્રત્યેક ગામમાં સ્થાનિક મંડળ સંચાલિત ગ્રામ્યગ્રંથાલય સ્થાપવું જોઈએ. અને ખાસ તો અસ્તિત્વ ધરાવતાં ગ્રામ્યગ્રંથાલયો અને નવાં સ્થપાનાર ગ્રંથાલયોમાં અદ્યતન ICTનો વિનિયોગ કરીને માહિતી અને જ્ઞાનકેન્દ્રો તરીકે વિકસાવવાં જોઈએ કે જે ગામની જરૂરિયાત અનુસાર ગામના દૂરંદેશી વિકાસ માટે અદ્યતન માહિતી પૂરી પાડી શકે. આ હેતુ ગ્રામ્યગ્રંથાલયોમાં પ્રશિક્ષિત ગ્રંથપાલોની નિમણૂક કરવી જોઈએ. આ પ્રકારના ગ્રંથાલયના ગ્રંથાલયીની ભૂમિકા ગ્રામજ્ઞાનગુરુ તરીકેની હોવી જોઈએ.

અલબત્ત, એક ગ્રંથાલયી તરીકેનાં આ અરમાનો છે. બીજી તરફ ક્વચિત અપવાદ બાદ કરતાં વાસ્તવિકતા એ છે કે સરકારી પ્રાવધાનના અભાવે ગ્રામ્યગ્રંથાલયો સરકારી ગ્રંથાલયો અને પ્રશિક્ષિત ગ્રંથાલયીઓ વિહોણાં છે જ, પ્રાયઃ છેલ્લા 20-25 વર્ષોથી વિવિધ પ્રકારની અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓમાં ગ્રંથપાલોની ભરતી સ્થગિત કરવામાં આવી છે. સરકારનું આ વલણ શિક્ષણનું અહિતકારક હોઈ ચિંતાકારક બની રહે છે. ગ્રંથપાલોની ભરતી નહીં કરીને સરકાર શું સિદ્ધ કરવા માંગે છે તે કલ્પનાતીત બની રહ્યું છે. ગ્રંથાલયો શૈક્ષણિક સંસ્થાઓનાં હૃદય અને મસ્તિક હોવા છતાં, તેના વિહોણી સંસ્થાઓની કથળતી જતી શૈક્ષણિક સ્થિતિનો ધબકાર નીતિનિર્ધારકોના હૈયા સુધી ક્યારે પહોંચશે ? દુઃખ તો એ છે કે સરકારના આ વલણ સામે સંબંધિત ગ્રંથાલયોના ઉપયોગકર્તા વર્ગ અધ્યાપકો, વિદ્યાર્થીઓ કે વ્યાપક સમાજમાંથી કોઈ માંગ ઉઠતી સાંભળવા મળતી નથી કે અમારે ત્યાં ગ્રંથપાલની જગ્યા વર્ષોથી ખાલી કેમ છે કે તેની ભરતી કેમ કરવામાં આવતી નથી કે અમારે સમૃદ્ધ ગ્રંથાલય સેવાઓની જરૂર છે. આ હેતુ ગ્રંથાલય વ્યવસાયિકોએ પણ જાગવું જરૂરી બની રહે છે. ગુજરાતમાં ગ્રંથાલયો અને ગ્રંથપાલોની અનિવાર્ય આવશ્યકતા માટે આહ્‌ લેક જગાડવાની જરૂર છે. **'વાંચે ગુજરાત'**ના વિચારને સાર્થક કરવા સમૃદ્ધ અને ક્રિયાશીલ ગ્રંથાલયો અને મેરુદંડ સમાન ગ્રંથપાલોનો કોઈ વિકલ્પ નથી તે હકીકત આત્મસાત્ કરીને અમલ કરવો એ સમયની અને પ્રજાની માંગ છે. અને છેલ્લે આપણા દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદના નવનિર્મિત ભવનનું તા. 5 જાન્યુઆરી, 1955ના રોજ ઉદ્‌ઘાટન કરતાં પ્રસંગોચિત્ત ઉદ્‌બોધનમાં અભિવયક્ત કરેલ અભિલાષા 'It should be our endeavour to locat at least one library in every village in the country', અને ગ્રંથાલયોની સ્થિતિ અને સુધારણા હેતુ ભારત સરકાર દ્વારા શ્રી કે. પી. સિન્હાના ચૅરમૅનપદે રચવામાં આવેલી 'Advisory Committe for Libraries' (1957)ના સુચિંતનિય મંતવ્ય 'If free fundamental education is an essential pre-requisite of a democracy, there is no reson to deny the same pride of place to free public libraries' (p. 35)'નો અમલ અનિવાર્ય બની રહે છે.

(નોંધ: ગુજરાત ગ્રંથાલય સેવાસંઘ, અમદાવાદ દ્વારા આયોજિત 10મો રાષ્ટ્રીય અને 40મો રાજ્યકક્ષાનો ગ્રંથાલય સેમિનાર, પાલિતાણા, તા. 31 જાન્યુઆરી, 1-2 ફેબ્રુઆરી, 2025માં રજૂ કરેલ વિશેષ વક્તવ્યના આધારે)

**– મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## શિક્ષણવિદ્ અને કુશળ શિક્ષણપ્રબંધક ડૉ. જિતેન્દ્રકુમાર એચ. પંચોલી

**(1950-2025)**



હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ-ઉપકુલપતિ (2008-2010) અને કાર્યકારી કુલપતિ (તા.27/7/2010થી 15-9-2010) તથા નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, પાટણના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડૉ. જિતેન્દ્રકુમાર એચ. પંચોલીનું તા. 8 ફેબ્રુઆરી, 2025ના રોજ અવસાન થતાં પાટણના શિક્ષણજગતમાં શોકની લાગણી પ્રસરી ગઈ. ડૉ. પંચોલી વર્ષ 2012થી અવસાનપર્યંત એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે સેવાઓ આપતા રહ્યા હતા. તેઓશ્રીએ વ્યવસાયિક કારકિર્દીનો પ્રારંભ મીરાંદાતાર હાઈસ્કૂલ, ઉનાવામાં કારકુન તરીકે કરીને અહીં 6 વર્ષ સેવાઓ આપ્યા બાદ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયના શિક્ષક તરીકે 3 વર્ષ સેવાઓ આપી. આ સમગ્ર સમયગાળો કૃતસંકલ્પ સાથે વિદ્યાસાધનામાં પરિવર્તિત કરીને B.Ed. અને M.Com.ની ડિગ્રીઓ વિશેષ યોગ્યતા સાથે મેળવી. પરિણામે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણામાં વ્યાખ્યાતા તરીકે નિયુક્તિ પામ્યા અને સતત 13 વર્ષ સુધી સેવાઓ આપી. વિદ્યાપ્રાપ્તિનો ધખારો સતત પ્રજ્વલિત બની રહેતાં LL.B., M.Ed.ની ડિગ્રીઓ મેળવવા ઉપરાંત શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખામાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાંથી પીએચ.ડી. થવાની સાથે જ સતત વાંચન, ચિંતન, લેખન અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જાતને પરોવતા રહ્યા. એક ઉત્સાહી, અધ્યયનશીલ અને વિદ્યાર્થીવત્સલ અધ્યાપક તરીકે આગવી ઓળખ પામ્યા. આ કૉલેજના તત્કાલીન વિચક્ષણ પ્રિન્સિપાલ શ્રી ચંદ્રકાન્ત ત્રિવેદીએ આ નખશીખ અધ્યાપકના મૂઠી ઊંચેરા અધ્યાપકત્વને ઓળખીને પૂરાં પાડેલાં હૂંફ, પ્રોત્સાહન અને સધિયારો તેમના વ્યક્તિત્વ વિકાસમાં વિશેષ ઉપકારક બની રહ્યાં.

નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, પાટણ સંચાલિત એલ.એન.કે. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણમાં પ્રિન્સિપાલ તરીકે ધુરા સંભાળતાં 1996થી 2006 સુધી પ્રશસ્ય સેવાઓ આપી. આ કૉલેજને શિક્ષણ અને શિસ્ત માટે આગવી ઓળખ અપાવનાર યશસ્વી પૂર્વ પ્રિન્સિપાલો શ્રી બી. સી. પટેલ અને તેમના અનુગામી પ્રિ. કે. સી. પંચાલની પ્રોજ્જ્વલતમ પરંપરાઓનો સુયોગ્ય નિર્વાહ કરવાની સાથે નવાં શિખરો સર કરીને આગવી ઓળખ ઊભી કરી. અને ખાસ તો 'હું માનવી માનવ થાઉં તો'ની ભાવનાને હૈયામાં રાખીને કૉલેજનું સંચાલન કર્યું. આ કૉલેજમાં M.Ed.ના અભ્યાસકાળ દરમિયાનના આ બંને ગુરુવર્ય પ્રિન્સિપાલોએ શિષ્યની સવાઈ સિદ્ધિઓ જોઈને **'पुत्रात् शिष्यात् पराजयेत्'**ની ભાવનાને આત્મસાત કરીને સ્વર્ગમાં રહે રહે અભિનંદનની હેલી જરૂર વરસાવી હશે. વિદ્યાર્થીઓ, માધ્યમિક શાળાઓના શિક્ષકો અને અધ્યાપકો માટે અનેકવિધ પરિસંવાદો, કાર્યશિબિરો, તજ્જ્ઞ વ્યાખ્યાનો વગેરે પ્રવૃત્તિઓનું સાતત્યપૂર્વક આયોજન કરતા રહીને કૉલેજને ધબકતી રાખી અને તે પણ અનુશાસન પ્રિય પૂર્વ પ્રિન્સિપાલ શ્રી બી. સી. પટેલે અમલીકૃત કરેલી 100 ટકા હાજરીની પરંપરાના અનુમોદન સાથે. કૉલેજોમાં આજે આ પ્રથાનો છેદ ઊડી જતાં ભારે વ્યથા અનુભવાય છે. તેમને અહીં મળ્યા સન્મિત્ર અને માર્ગદર્શક, રાષ્ટ્રપતિ પુરસ્કૃત શિક્ષક અને કૅમ્પસની એક્સપરિમેન્ટલ હાઈસ્કૂલના કર્મઠ અને દૃષ્ટિપૂત આચાર્યશ્રી ડૉ. કાનજીભાઈ વી. પટેલ કે જેમનાં સહયોગ, હૂંફ અને ઉભય પક્ષે ઉષ્માપૂર્ણ સંબંધોનું માધુર્ય શબ્દાતીત છે. બહુવિધ રીતે ઉપકારક બની રહ્યો.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા સ્વવિત્ત ધોરણે શિક્ષણશાસ્ત્ર અનુસ્નાતક વિભાગ

શરૂ કરવામાં આવતાં પ્રિન્સિપાલપદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવીને વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે વર્ષ 2006માં જોડાઈને 2012 સુધી સેવાઓ આપી. આ સમયગાળા દરમિયાન જ ઉપકુલપતિ તરીકે નિયુક્તિ પામ્યા હતા. વધુમાં તેઓશ્રી 2012થી 2018 સુધી શિક્ષણશાસ્ત્ર વિભાગમાં માનદ્ અધ્યાપક તરીકે સેવાઓ આપતા રહ્યા હતા. પાટણ યુનિવર્સિટીમાં તેમનો આ કાર્યકાળ વ્યવસાયિક કારકિર્દી ક્ષેત્રે ઉચ્ચતમ સિદ્ધિનાં શિખરો સર કરવામાં ફળદાયી બની રહ્યો. અલબત્ત, આ પાછળ તેમનાં વિદ્યોપાસના, કાર્યનિષ્ઠા, અણીશુદ્ધ પ્રમાણિકતા, પ્રતિબદ્ધ સમર્પિતતા અને ફાળવેલ નિર્બંધ સમય જ વિશેષ ઉપકારક બની રહ્યાં.

પાટણ યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનમાં વ્યવસાયિક કારકિર્દીના સુયોગ્ય નિર્વાહ સાથે જ યુનિવર્સિટીમાં શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખાના ડીન, સિન્ડિકેટ, સેનેટ, બી. યુ. ટી. બાર., બોર્ડ ઑફ સ્ટડીઝ (શિક્ષણ), બી.એડ., એમ.એડ, બી.પી.એડ. એમ. પી. એડ. માટેની પ્રવેશ સમિતિના ચેરમેન, યુનિવર્સિટી દ્વારા પ્રસંગોપાત્ત રચવામાં આવતી અનેકવિધ સમિતિઓના સભ્યપદે તટસ્થ રહીને આપેલ સેવાઓ સ્મરણીય બની રહી છે. યુનિવર્સિટીમાં તેમજ કૉલેજોમાં તેમણે વિવિધ હોદ્દાઓ ઉપર આપેલી સરાહનીય સેવાઓનો આ લખનાર પણ પ્રાયઃ ત્રણ દશકથી પરિચિત હોવા ઉપરાંત યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ સુધી સાથે કાર્ય કરવાના કારણે પ્રત્યક્ષ સાક્ષી રહ્યો છે. તેમની માનવીય અભિગમ સાથે સંવાદિતાના સાધક તરીકેની પ્રકૃતિ હરકોઈને સ્પર્શી જાય તેવી અનુભવી છે. આપણા આર્ષગ્રંથ **'શ્રીમદ્ભગવદ્ગીતા'**માં દર્શાવેલ ગુણાતીત વ્યક્તિત્વનું તેમનામાં દર્શન કરું છુંઃ

**समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।**
**तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥**
**मानपमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।**
**सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥**

(14.24-25)

(જે નિરંતર આત્મભાવમાં સ્થિત છે, સુખ-દુઃખને સમાન સમજે છે, માટી, પથરા તેમજ સોનામાં સમાન ભાવ રાખે છે, જ્ઞાની છે, પ્રિય અને અપ્રિયને એક જેવાં માને છે તથા પોતાની નિંદા કે સ્તુતિમાં પણ સમાન ભાવ રાખે છે. જે માન અને અપમાનમાં સમ છે, મિત્ર અને વેરી પક્ષમાં પણ સમ છે, તેમજ સર્વ કર્મોમાં કર્તાપણાના અભિમાન વિનાનો છે, એ પુરુષ ગુણાતીત કહેવાય છે.)

પાટણ યુનિવર્સિટી ઉપરાંત રાજ્યની કેટલીક યુનિવર્સિટીઓ જેમ કે, સૌરાષ્ટ્ર, ભાવનગર, ડૉ. બાબાસાહેબ આંબેડકર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગણપત વગેરેમાં બોર્ડ ઑફ સ્ટડીઝના સભ્ય કે અન્ય કામગીરી હેતુ સતત સંકળાયેલા રહ્યા હતા. આ ઉપરાંત ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગર તથા હે.ઉ.ગુ.યુ.સંલગ્ન કૉલેજ પ્રિન્સિપાલ ઍસોસિયેશનના પ્રારંભમાં મંત્રી અને ઉપપ્રમુખ તરીકે એક કુશળ સંગઠક તરીકે સેવાઓ આપી હતી.

રાષ્ટ્રીય સ્તરે કૉલેજોનું એક્રિડિટેશન કરીને ગ્રેડ નક્કી કરતી સંસ્થા NAAC, પુને દ્વારા રચવામાં આવતી સમિતિઓના ચૅરમૅન કે સભ્યપદે રહીને પણ અનેક કૉલેજોનું મૂલ્યાંકન કરવામાં તેમજ NCTE, west zone, Bhopalની પૅનલ ઇન્સપેક્શન સમિતિના ચૅરમૅન તરીકે તેમજ ઑલ ઇન્ડિયા ઍસોસિયેશન ફોર એજ્યુકેશનલ રિસર્ચ, ગુજરાત ચેપ્ટરના ચૅરમૅન તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી.

શૈક્ષણિક સંસ્થાઓના કુશળ પ્રબંધક તરીકેની મૂઠી ઊંચેરી ઓળખ પ્રાપ્ત કરવાની સાથે જ પૂરી કારકિર્દી શિક્ષકોના ઘડતર અને ચણતર માટે સમર્પિત કરનાર ડૉ. પંચોલી સ્વયં સ્વાધ્યાયશીલ અને સંશોધક અધ્યાપક બની રહ્યા હતા. કૉલેજ અને યુનિવર્સિટીમાં ફરજ દરમિયાન પરિસંવાદો ઇત્યાદિનું આયોજન કરીને શોધપત્રો રજૂ કરતા રહેવાની સાથે અન્ય સંસ્થાઓ દ્વારા આયોજિત રાજ્ય, રાષ્ટ્ર કે આંતરરાષ્ટ્રીય સ્તરના 40 જેટલા પરિસંવાદોમાં સહભાગી થઈ શોધપત્રો રજૂ કર્યાં છે. તેમજ વિવિધ સામયિકો, જર્નલ્સમાં તેમના 25 જેટલા સંશોધનલેખો પ્રકાશિત થયા છે. આ ઉપરાંત બી.એડ. અને પી.ટી. સી.ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પાઠ્યસામગ્રીનાં 5થી અધિક પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. પ્રો. ડૉ. પંચોલીની સંશોધકીય પ્રતિભાને ઉજાગર કરતું એક પ્રમાણ એ કે તેમના માર્ગદર્શન હેઠળ પાટણ યુનિવર્સિટી, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી, અમદાવાદમાંથી તેમના માર્ગદર્શન હેઠળ 54 વિદ્યાર્થીઓએ શિક્ષણશાસ્ત્ર તથા કૉમર્સ વિદ્યાશાખામાં પીએચ.ડી.ની ડિગ્રી મેળવી છે. આ

શોધપ્રબંધોનું વિષયવૈવિધ્ય પણ દ્રષ્ટવ્ય બની રહે છે.

પાટણ યુનિવર્સિટીમાંથી વર્ષ 2012માં વયોચિત સેવા નિવૃત્ત થયા બાદ ઉત્તર ગુજરાતનાં ગુણવત્તાશીલ શિક્ષણ અને સમાજસેવાની ભાવનાને વરેલાં ગણતરીનાં મંડળો પૈકીના એક 'નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી', પાટણ દ્વારા તેમની સેવાઓ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે લેવામાં આવતાં તેમણે વર્ષ 2012થી અવસાનપર્યંત અર્થાત્ તા. 8 ફેબ્રુઆરી, 2025 સુધી પૂર્ણતઃ સમર્પિત બનીને સેવાઓ આપી. આ સોસાયટી દ્વારા વિવિધ અભ્યાસક્રમોની 9 કૉલેજો, 2 ગુજરાતી માધ્યમની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, 1 ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ તથા 5 છાત્રાલયોનું સંચાલન કરવામાં આવે છે. આ બધી શાળા/કૉલેજોમાં 14500 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને 500 જેટલા શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓ સેવા આપે છે. આ સોસાયટી 34 એકરનું કૅમ્પસ ધરાવે છે. જે કોઈએ વર્ષ 2012 પૂર્વે મુલાકાત લીધી હશે તે સૌ કોઈ આજના હરિયાળા, રળિયામણા, સ્વચ્છ અને આંખ તથા હૃદયને ઠારતા સુવિકસિત કૅમ્પસને જોઈને – દાતાશ્રીઓ સુધ્ધાં અચૂક રાજીપો અનુભવતા હશે. તેમણે બાહ્ય સૌંદર્યના સંવર્ધનમાં અભૂતપૂર્વ વિકાસ કરવા ઉપરાંત શિસ્ત સાથે મૂલ્યનિષ્ઠ ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવામાં પણ સૌને પ્રેરિત કરીને, પોતીકા બનાવીને, સૌને સુલભ બનીને અને ખાસ તો હું નહીં પણ આપણેની ભાવના પેદા કરીને સમગ્ર કૅમ્પસને એક પરિવાર તરીકે જોડવાની તેમની રીત અને કામગીરી પ્રશસ્ય બની રહી. અને આમેય તેઓશ્રી સાચા અર્થમાં પેલા સુપ્રસિદ્ધ સુભાષિત :

**वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाचः ।**
**करणं परोपकरणं येषां केषां न ते वन्धाः ॥**

અર્થાત્ 'જેમનું મુખ પ્રસન્નતાનું ઘર છે, હૃદય દયાથી ભરેલું છે, વાણી અમૃતરસ વરસાવનારી છે અને કાર્ય પરોપકાર કરનારાં છે, તેવા સજ્જન વ્યક્તિ કોને માટે વંદનીય નથી ?' તેનું સાકાર સ્વરૂપ હતા.

પાટણ યુનિવર્સિટીમાંથી પ્રેરણા લઈને કૅમ્પસમાં સેતુરૂપ 'હેમવાચા' શીર્ષક હેઠળ વૃત્તપત્ર પણ શરૂ કર્યું, પોતે તેના સંપાદક પણ રહ્યા હતા. એક સંવેદનશીલ અધ્યાપક હોવાના નાતે તેમણે શાળા/કૉલેજોમાં ગ્રંથાલય અને ગ્રંથપાલોની ક્રિયાશીલતાને અનિવાર્ય સ્વીકારીને અનુદાનિત કૉલેજોમાં ગ્રંથપાલોની ખાલી જગ્યાઓ ઉપર મંડળ દ્વારા ભરતી કરાવી. સ્વવિત્ત ધોરણે સંચાલિત સંસ્થાઓના કર્મચારીઓને સુયોગ્ય વેતન મળે તે તથા તેમના માટે પ્રોવિડન્ડ ફંડની પણ ઉચિત જોગવાઈ મંડળ દ્વારા કરાવી આપવાની તેમની કામગીરી સ્મરણીય બની રહેશે. તેઓશ્રીએ આ કૅમ્પસ- સાચા અર્થમાં આ ગુરુકુળને અંતિમ શ્વાસ સુધી પૂર્ણતઃ સમર્પિત બની રહીને શિક્ષણદાત્રી માતૃસંસ્થાનું ઋણ ઉતાર્યું છે.

સોસાયટીના વતનપ્રેમી આર્ષદૃષ્ટા અને સેવાપરાયણ સંચાલકો મુંબઈ નિવાસી છે કે જેઓશ્રી પ્રસંગોપાત્ત સંસ્થાની મુલાકાત લેતા રહે છે. આ સૌ સન્માનનીય સદસ્યશ્રીઓ ડૉ. પંચોલીસાહેબની પ્રપત્તિભાવપૂર્વકની સંસ્થાભક્તિ અને કાર્યનિષ્ઠાથી પ્રભાવિત બની રહ્યા, જેની પ્રતીતિ તેમનું અવસાન થતાં સંસ્થા દ્વારા નવનિર્મિત હૉલને **'ડૉ. જિતેન્દ્રકુમાર પંચોલી સ્પોર્ટ્સહૉલ'** તરીકે નામાભિધાનિત કરીને તેમને અંજલિ આપવી. સદ્‌ગત કર્મયોગી કૅમ્પસ ડાયરેક્ટરને મરણોત્તર સન્માનિત કરવાની આ એક અસાધારણ ઐતિહાસિક ઘટના ગણવી રહી. આ ઉમદા અને દૃષ્ટિપૂત અંજલિ માટે સોસાયટીના વતનપ્રેમી અને દૂરંદેશિતાશીલ પ્રમુખશ્રી તનિલભાઈ કીલાચંદ અને સોસાયટીના સભ્યોને ને શત શત વંદન

ડૉ. જિતેન્દ્રભાઈનું વતન પાટણ તાલુકાનું માતપુર ગામ, જ્યાં તેમનો જન્મ તા. 1 જૂન, 1950ના રોજ થયો હતો. તેમણે વતન સાથેનો અનુબંધ મમત્વ સાચે જાળવી રાખ્યો હતો. પોતાના વતનમાં તથા તેમના જ્ઞાતિ/સમાજમાં તેમજ સમાજસેવાના મંડળોના હોદ્દેદાર, ટ્રસ્ટી, સભ્ય તરીકે રહીને તેનાં ધ્યેયોની પૂર્તિમાં સદ્‌ભાગી બની રહ્યા હતા.

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગર અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગરને પણ તેમની સેવાઓ એક યા બીજી રીતે સતત મળતી રહી હતી. મંડળના ચૅરમૅનશ્રી તથા વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ડૉ. પંચોલીનું નિધન થતાં દુઃખદ લાગણી અનુભવે છે અને શોકસંતપ્ત હૈયે ઈશ્વરને પ્રાર્થે છે કે સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમનાં સ્વજનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે. ॐ શાંતિ ! ॐ શાંતિ ! ॐ શાંતિ !

**સંપર્ક :** ડૉ. સત્યમ જિતેન્દ્ર પંચોલી
મો. 9825249247

**- મણિભાઈ પ્રજાપતિ**

# પ્રાસંગિક

## રાષ્ટ્રના 76માં પ્રજાસત્તાક દિનની ઊજવણી

રાષ્ટ્રના ગૌરવ સમા ૭૬માં પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે સર્વ વિદ્યાલય પરિસર, કડીમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રીશ્રી જગદીશભાઈ પટેલના વરદહસ્તે ધ્વજવંદન કરાવી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી હતી. મંડળના સન્માનનીય ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં પ્રજાસત્તાક પર્વનું મહત્ત્વ સમજાવી રાષ્ટ્ર માટે સમર્પિત બની રહેવાની શીખ આપી હતી. વધુમાં સરકારશ્રી દ્વારા પ્રેરિત '૨૦૪૭ મારા સ્વપ્નનું ભારત' નિબંધસ્પર્ધાનો ખ્યાલ વિગતે રજૂ કર્યો હતો. તેમજ મંડળ દ્વારા સંચાલિત કડી – ગાંધીનગરની શાળા/કૉલેજોના ૨૮૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ 'વસુધૈવ કુટુમ્બકમ'ની થીમ આધારિત સ્પર્ધામાં ભાગ લીધેલા પૈકી વિજેતા વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કર્યા હતા. આ ઉજવણી અતંર્ગત ૧૩ કૃતિઓ જેવી કે ભારતનો ભવ્ય વારસો, ઇતિહાસ, લોક સંસ્કૃતિની ઝાંખી, લોક નૃત્યો, સામાજિક અને પારિવારિક કાર્યક્રમો વગેરેની પ્રસ્તુતિ વિવિધ શાળા/કૉલેજોના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. NCCના ૧૦૦ કેડેટસ અને NSSના ૮૦૦ કેડેટસ દ્વારા પરેડ કરી રાષ્ટ્રધ્વજને સલામી અપાઈ હતી. આ પ્રસંગે મંડળના ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રીશ્રીઓ, આમંત્રિત મહેમાનશ્રીઓ, શાળા-કૉલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, કર્મચારીઓ, વાલીશ્રીઓ, વિદ્યાર્થીઓ, વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત વિવિધ શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રના ૭૬માં પ્રજાસત્તાકપર્વની ઉજવણી સેક્ટર-૨૩માં સ્થિત પરિસરમાં તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી વી.પી. પટેલના અધ્યક્ષપદે અને મુખ્ય મહેમાન દાતાશ્રી દિનેશભાઈ પટેલ અને કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં ઇન્ચાર્જ ડાયરેક્ટર ડૉ. ગાર્ગીબેન રાજપરાનાં સાંનિધ્યમાં કરવામાં આવી. મુખ્ય મહેમાન શ્રી દિનેશભાઈના વરદહસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. દાતાશ્રીનો પરિચય અધ્યક્ષશ્રી વી. પી. પટેલ દ્વારા કરાવવામાં આવતાં તેમને ઉમદા દાનવીર, સેવાપરાયણ અને મંડળના નિષ્ઠાવાન સેવક તરીકે ઓળખાવ્યા હતા. મુખ્ય મહેમાનશ્રી દિનેશભાઈ પટેલે પ્રસંગોચિત સુચિંતનીય ઉદ્‌બોધનમાં પ્રજાસત્તાક પર્વનું મહાત્મ્ય અને તેનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પરિચય કરાવ્યો હતો. રાષ્ટ્રધ્વજને સલામી આપ્યા બાદ મંડળ સંચાલિત 'શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર', 'સી. એમ. પટેલ કૉલેજ ઑફ ફિઝિયોથેરાપી', 'અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ', 'ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ', 'શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ' અને 'ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિન્ટિસ્ટ્રેશન' દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ પ્રસંગે દાતાશ્રીઓ શ્રી ભગુભાઈ પટેલ, શ્રી નરેશભાઈ પટેલ, શ્રી રસિકભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ પટેલ, શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, શ્રી રાકેશભાઈ પટેલ, શ્રી નિલેશભાઈ પટેલ, શ્રીમતી શિલ્પાબેન પટેલ, શ્રી સુમનભાઈ પટેલ, ડૉ. શેખાવત, કુલસચિવશ્રી એસ. કે. મંત્રાલા, કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. કેયૂરભાઈ શાહ, વિશ્વવિદ્યાલયના અધિકારીશ્રીઓ, કૅમ્પસની તમામ શાળા કૉલેજોના આચાર્યશ્રીઓ, શૈક્ષણિક-બિન શૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. સમારોહનું સંચાલન એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ

હાયર સેકન્ડરી સ્કૂલ તથા અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્‌બોધક તરીકે ડૉ. સ્નેહા પટેલ અને રાજ પુરોહિતે સેવાઓ આપી હતી.

'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'માં ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ધો. ૧ અને ૨ના વિદ્યાર્થી માટે રાષ્ટ્રધ્વજ બનાવવાની પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો દ્વારા રાષ્ટ્રધ્વજ વિશે સમજ આપવામાં આવી.

'એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ'માં ૨૬મી જાન્યુઆરી ગણતંત્ર દિન નિમિત્તે રાષ્ટ્રીય ચિહ્નો, દેશના વિવિધ ખેલાડીઓ તેમજ વિવિધ સંગીત વાદકો, સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ વિવિધ પાંખના સૈનિકોનો વિધાર્થી દ્વારા અભિનય કરવામાં આવ્યો હતો. તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટ જેવી અદાલતોના માધ્યમથી વિદ્યાર્થીઓને કાયદાકીય જ્ઞાન આપવાના હેતુસર નાટ્યકરણ કરવામાં આવ્યું હતું.

શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૨૩/૧/૨૫ના રોજ ધોરણ ૩થી ૫ના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રધ્વજ બનાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં આશરે ૧૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે આચાર્યાશ્રી નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રપ્રતીકો વિશે સમજાવીને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. માનનીય સુરેશભાઈ (સારંગભાઈ) પટેલ, (શ્રી ચૅરમૅન, રંગાણી ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રી)ના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ રાષ્ટ્રપ્રેમને ઉજાગર કરતાં ગીતોનું સુમધુર ગાન કર્યું. સાથે સાથે રાષ્ટ્રભક્તિ પ્રત્યે ગૌરવ અપાવતાં વક્તવ્યો પણ રજૂ કર્યા હતાં.

*

## શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ એનાયત સમારોહ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના આર્ષદૃષ્ટા સંવર્ધક ચૅરમૅનશ્રી તથા 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગરના પ્રેસિડેન્ટશ્રી સદ્‌ગત માણેકલાલ એમ. પટેલ સાહેબની સ્મૃતિમાં મંડળ દ્વારા પ્રસ્થાપિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ મેરિટ સ્કૉલરશિપ' એનાયત કરવાના સમારોહનું આયોજન પૂ. સાહેબશ્રીની ૧૩ મી પુણ્યતિથિ તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં સ્થિત 'શ્રી અંબાલાલ હરજીવનદાસ પટેલ (શેરથા) ઇન્ડોર સ્પોર્ટ્સ ઍન્ડ મલ્ટીપર્પઝ હૉલ'માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી મનુભાઈ જે. પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું. આ પ્રસંગે મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી વી. પી. પટેલ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ, ચૅરમૅનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, દાતાશ્રી પ્રો. વિઠ્ઠલભાઈ અં. પટેલ, દાતાશ્રી ભગુભાઈ પટેલ વગેરે દાતાશ્રીઓ, મંડળના મંત્રીશ્રીઓ, શ્રી અરવિંદભાઈ ટી. પટેલ, સન્માનનીય સભ્યશ્રીઓ, આચાર્યશ્રીઓ સહિત સમગ્ર સંસ્થા પરિવારજનો, વાલીશ્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' દ્વારા મેરિટ સ્કૉલરશિપ અને આર્થિક રીતે જરૂરતમંદ વિદ્યાર્થીઓને ફી માફીના ચેક એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત અમેરિકાની કેલિફોર્નિયા સ્ટેટ યુનિવર્સિટી પોલિટેકનિક, હમ્બોલ્ટના ગણિતશાસ્ત્ર વિભાગના એમિરિટ્સ પ્રોફેસર અને શેરથાના વતની ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલે માનવવિદ્યા, સમાજવિદ્યા, વિજ્ઞાન અને ટેક્નૉલૉજીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના પ્રત્યેક વર્ષમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રતિવર્ષ મેરિટ સ્કૉલરશિપ એનાયત કરવા માટે મંડળને આપવામાં આવેલા રૂપિયા એક કરોડના દાનના વ્યાજની આવકમાંથી ચાલુ વર્ષે **'અનિતા અડકે સ્કૉલરશિપ ફોર હ્યુમેનિટિસ ઍન્ડ સોશ્યલ સાયન્સિસ'** અંતર્ગત મોકશાબેન

ચેતનભાઈ પટેલ (બી. કોમ. પ્રથમ વર્ષ), નેહા લક્ષ્મણદાસ પટેલ (બી.બી.એ. પ્રથમ વર્ષ) અને નિયતિ રાકેશભાઈ નાયક (બી. સી. એ. પ્રથમ વર્ષ) તથા **'શ્રી મિહિર પટેલ સ્કૉલરશિપ ફોર સાયન્સ એન્ડ ટેક્નોલૉજી'** અંતર્ગત પ્રણાલી સુહાગકુમાર વોરા (બી. એસસી. રસાયણશાસ્ત્ર, પ્રથમ વર્ષ), સુચિતાબા પરમાર (બી. એસસી. માઈક્રોબાયોલોજી, પ્રથમ વર્ષ) અને પંકિત અતુલકુમાર ઠક્કર (બી. ઈ. – ઈ. સી., પ્રથમ વર્ષ) ને રૂ. ૨૫૦૦૦-૨૫૦૦૦ના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં દીપ્રાગટ્ય, પ્રાર્થના બાદ 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'નાં ઇન્ચાર્જ ડાયરેક્ટરશ્રી તથા એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજનાં પ્રિ. ડૉ. ગાર્ગીબહેન રાજપરાએ ભાવવિભોર હૈયે સૌનું સ્વાગત કરતાં ધન્યતા અને ગૌરવની લાગણી અનુભવતાં જણાવ્યું હતું કે આપણા સંચાલક મંડળ, દાતાશ્રીઓ અને માનનીય ચૅરમૅન સાહેબની દીર્ઘદૃષ્ટિના પરિણામે આ કાર્યક્રમ યોજવાનું શક્ય બન્યું છે. મારે કહેવું જોઈએ કે વિદ્યાર્થીઓને ઉચ્ચતમ ધ્યેય હાંસલ કરવા માટે આચાર્યશ્રીઓ સહિત અધ્યાપકોનો મહામૂલો ફાળો રહ્યો છે. તેમના માર્ગદર્શન અને પ્રોત્સાહનથી વિદ્યાર્થીઓ પ્રત્યેક કક્ષામાં પ્રથમ કે દ્વિતીય ક્રમ મેળવીને સંસ્થાને ગૌરવાન્વિત કરી રહ્યા છે. આપણે ૨૦૧૩ના વર્ષથી 'શ્રી એમ. એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ' આપવાનું શરૂ કરેલ છે. ચાલુ વર્ષે આપણે કુલ ૫૪૭ વિદ્યાર્થીઓને રૂપિયા એક કરોડથી અધિકની સ્કૉલરશિપ આપવા જઈ રહ્યા છીએ, જેમાં ૪૧૯ વિદ્યાર્થીઓને મેરિટ અને ૧૨૪ વિદ્યાર્થીઓને મીન્સ સ્કૉલરશિપ એનાયત કરવામાં આવશે. આપણે ૨૦૨૦-૨૧ થી ૨૦૨૩-૨૪ સુધીના સમય દરમિયાન કોવિડના કારણે સમારોહ યોજી શક્યા ન હતા, પરંતુ જરૂરતમંદ વિદ્યાર્થીઓને ફી માફી આપતા રહ્યા હતા. વધુમાં જો કોઈ વિદ્યાર્થીની આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો તેને Earn while you learn સ્કીમ દ્વારા પણ અભ્યાસ પૂરો કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ સ્કૉલરશિપને પાત્ર બન્યા છે તે સર્વેને ખૂબ-ખૂબ અભિનંદન અને ભવિષ્યમાં પણ આ જ રીતે પૂરતા ખંતથી કાર્ય કરીને પોતાની યોગ્યતા જાળવી રાખે તેવી શુભેચ્છાઓ. અને જેઓ આ સ્કૉલરશિપનો લાભ નથી મેળવી શક્યા તે સર્વેને પણ મહેનત કરીને બીજા વર્ષે પોતાની યોગ્યતા પુરવાર કરે તેવી શુભેચ્છા. હું આશા રાખું છું કે લાભાર્થી વિદ્યાર્થીઓ ભવિષ્યમાં સક્ષમ બનીને આ જ રીતે પોતાના કુટુંબ, સમાજ અને દેશની પ્રગતિમાં પોતાનો ફાળો આપવાની તત્પરતા દાખવશે. આ સાથે સર્વે સભાસદોનો આભાર માની વિરમું છું. જયહિંદ. ધન્યવાદ.

સ્વાગત બાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો સર્વ શ્રી મનુભાઈ જે. પટેલ, શ્રી વી. પી. પટેલ, ડૉ. મણિભાઈ એસ. પટેલ, શ્રી ભગુભાઈ પટેલ, શ્રી જયંતીભાઈ પટેલ (સાલડી), પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલ, શ્રી મિહિરભાઈ પટેલ, શ્રી અમૃતભાઈ પટેલ (વાઈસ પ્રેસિડેન્ટ, કાલુપુર બૅંક), શ્રી શંકરલાલ પટેલ (ઊંટવા), શ્રી અરવિંદભાઈ ટી. પટેલ, શ્રી કે. સી. પટેલ (રણેલા), શ્રીમતી પારુલબેન સંજયભાઈ પટેલ, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી પ્રવીણભાઈ પટેલ, ડૉ. પ્રભુદાસ પટેલ, શ્રી અરવિંદભાઈ પટેલ (પ્રમુખ, ઉમિયાધામ, એડિસન, યુએસએ), અને શ્રી નયનભાઈ પટેલ (ઊંટવા)નું મંડળના મોવડીઓ દ્વારા સ્વાગત – સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દાતાશ્રીઓ શ્રી શંકરભાઈ પટેલ (ઊંટવાવાળા) તરફ રૂ. ૫ લાખના દાનની અને શ્રી અરવિંદભાઈ પટેલ (જોરણગના વતની અને એડિસન, યુએસએ નિવાસી) તરફથી રૂ. ૧૧ લાખના દાનની જાહેરાત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરવા પેટે કરવામાં આવી હતી. દાતાશ્રીઓ પ્રતિ મંડળ પરિવાર આભારની લાગણી વ્યક્ત કરે છે.

પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનના પ્રારંભમાં સર્વ વિદ્યાલયના શિક્ષકોને કડી-ગાંધીનગરનું ગર્વ ગણાવીને જણાવ્યું હતું કે આપ સૌને પ્રશ્ન પૂછીશ કે અમેરિકા મંદીમાંથી પસાર થતું હતું ત્યારે તેની સિકલ ફેરવનાર પ્રેસિડેન્ટ ફ્રેન્કલિન રૂઝવેલ્ટ તથા ઇંગ્લૅંડને હિટલરથી બચાવનાર વિન્સ્ટન ચર્ચિલનું નામ કેટલાયે સાંભળ્યું છે? આંગળી ઊંચી કરો તો ? ખૂબ જ ઓછાં જણાંએ આ નામો સાંભળ્યા

છે, તેવું જણાય છે. ચાલો ત્યારે આઇન્સ્ટાઈન અને ન્યૂટનનું નામ કેટલાંયે સાંભળ્યું છે ? ઘણાં-બધાંના હાથ ઊંચા જોતાં આનંદ થયો. આ શું બતાવે છે ? વિદ્વત્તા, સ્કૉલરશિપ વ્યક્તિને ક્યાંયના ક્યાંય ઊંચે લઈ જાય છે. પ્રધાનો કે પૈસાદારો – બિલગેટ્સ આજે છે, આવતી કાલે ન પણ હોય! પરંતુ જે વિદ્વાનો છે તે કાયમ માટે અમર છે એમ માની લેજો.

આવા વિદ્વાનોને ખૂબ જ મહત્ત્વ આપવું જોઈએ. આજે જે કોઈને સ્કૉલરશિપ મળી છે તે તેમની વિદ્વત્તાના કારણે મળી છે. દરેકને મારા અભિનંદન છે. આવી દૂરંદેશી પ્રથા શરૂ કરવા માટે આપણે શ્રી વલ્લભભાઈનો ખૂબ આભાર માનવો જોઈએ. કારણ કે સંસ્થા આ સ્કૉલરશિપના પૈસા કોઈની પાસેથી મેળવીને આપે છે. આવો વિચાર અને સ્કૉલરશિપને મહત્ત્વ માટે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ' અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. જે કોઈને સ્કૉલરશિપ મળી છે તે બધાંએ લાંબી મંજિલ પસાર કરવાની છે. મને પ્રાથમિક શાળાના કોઈ શિક્ષકનો એક પ્રસંગ યાદ આવે છે. વર્ગમાં ૨૦-૨૫ વિદ્યાર્થીઓ હતા. એમણે દરેકને ચૉકલેટ આપીને કહ્યું કે સૌએ આ ચૉકલેટ ૧૦ મિનિટ પછી ખાવાની છે. પોતે બહાર નીકળી ગયા. પોતે નિયત સમયે પરત આવ્યા ત્યારે ફક્ત ૬-૭ વિદ્યાર્થીઓ સિવાય અન્ય સૌ કોઈ ચૉકલેટ ખાઈ ગયા હતા. કોઈને ધીરજ રહી ન હતી. એમણે ડાયરીમાં આ વિદ્યાર્થીઓનાં નામો લખી રાખ્યાં. સેવાનિવૃત્ત થયા. લાંબા સમયે તેમને વિચાર આવ્યો કે મારા વિદ્યાર્થીઓ અત્યારે શું કરતા હશે? તપાસ કરતાં તે જાણી શક્યા હતા કે ધીરજ રાખી ચૉકલેટ નહીં ખાનારા વિદ્યાર્થીઓ સમાજમાં ઊંચાં પદો ઉપર હતા, સુખી હતા, જ્યારે ધીરજ ન રાખનારા સામાન્ય માણસો હતા. સ્કૉલરશિપ મેળવનારને મારે એક જ વાત કહેવાની કે તમે ધીરજ રાખશો, પ્રયત્ન કરશો. અને તમે નહીં માનો, પરંતુ તમે ધારો તે કરી શકશો. આ વાત સાચી પુરવાર થઈ શકે તેમ છે. નહિતર મારા જેવો સામાન્ય વિદ્યાર્થી કે જેનાં માતાપિતા ભણેલાં ન હતાં તેને યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયામાં ભણવા મળેલું. આ બધું કઠોર મહેનતના કારણે શક્ય બની શક્યું. આ ઉપરથી કહીશ કે મારા જેવો કરી શકે તો તમે પણ ધારો તે કરી શકો. આપ સૌ ખૂબ જ મહેનત કરજો, સૌને ગૌરવ અપાવજો અને આપણા દેશને તમારી ખૂબ જ જરૂર છે. તમે ગામડાંમાં જઈને જોશો કે ત્યાંની કેવી પરિસ્થિતિ છે ? સામાન્ય માણસોની પરિસ્થિતિ શું છે ? આપણી બધાંની મોટી જવાબદારી છે. તમે આદર્શો લઈને જીવજો પ્રભુને પ્રાર્થના કરું કે તમે જિંદગીમાં ખૂબ જ સફળ થાઓ. ધન્યવાદ.

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી અને દાતાશ્રી વી. પી. પટેલે ઉદ્‌બોધનના પ્રારંભમાં પૂ. છગન ભા અને તેમના દ્વારા પ્રદત્ત ધ્યેયમંત્ર 'કર ભલા, હોગા ભલા'નું સ્મરણ કરીને પૂર્વસૂરિઓ પૂ. છગનભા, પૂ. દાસકાકા, વકીલ ધનાભાઈ પટેલ, પૂ. માણેકલાલ સાહેબ, ડૉ. કનુભાઈ પટેલ વગેરેના પ્રદાનનો ઋણસ્વીકાર કરીને આ સંસ્થાને સંસ્કારદાત્રી ગણાવી. વિવિધ અભ્યાસક્રમોનું અધ્યાપન દરેક જગ્યાએ કરાવવામાં આવે છે, પરંતુ કડીની વાત અનોખી છે. ઔપચારિક શિક્ષણની સાથે અહીં ઉચ્ચ સંસ્કારોનું સિંચન થાય છે, જેમાં આપણી શાળા/કૉલેજોના આચાર્યશ્રીઓ/ શિક્ષકોનું મોટું પ્રદાન રહ્યું છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ પણ આ સંસ્થાની મુલાકાત સમયે કહ્યું હતું કે અહીં તમારાં બાળકોને ભણવા મોકલશો તો સારી કેળવણીની સાથે સારા સંસ્કાર પણ મેળવશે. પૂ. માણેકલાલ સાહેબને મારા આદર્શ માનું છું. હું ૧૯૯૦ થી તેમના સતત સંપર્કમાં રહ્યો છું. તેમની અમેરિકાની દાનયાત્રા પ્રસંગોએ હું તેમની સાથે જ રહ્યો હતો. હું માણેકલાલ સાહેબ અને ડૉ. કનુભાઈ સાહેબને કદાપિ ભૂલી શકીશ નહી. આ સાથે જ શ્રી સરદારભાઈના કામને હું બિરદાવું છું. જયશ્રી કૃષ્ણ. અસ્તુ.

દાતાશ્રી ભગુભાઈ પટેલે (યુએસએ) પોતાના સંક્ષિપ્ત ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આજદિન સુધીમાં આ સંસ્થામાં જે સમર્પિત મહાનુભાવો થયા - પૂ. છગનભાથી માંડી હાલના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ સુધી સૌ નિષ્ઠાવાન રહ્યા છે. આ સૌએ ગુણવત્તાશીલ શિક્ષણને મહત્ત્વ આપ્યું છે. પૂ.

માણેકલાલ સાહેબનું Vision આ સંસ્થાને ભારતીય સ્તરે Famous કરવાનું રહ્યું હતું. પરિણામે આજે સર્વ વિદ્યાલયનું નામ શિક્ષણક્ષેત્રે આખા ભારતમાં અજોડ છે. કોઈ કલ્પના પણ ન કરી શકે તેવી પ્રગતિ આ સંસ્થાએ કરી છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખશ્રી તથા સમારોહના અધ્યક્ષ શ્રી મનુભાઈ પટેલે અધ્યક્ષીય ઉદ્‌બોધનના પ્રારંભમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોની સસ્નેહ અભિવંદના કર્યા બાદ શિષ્યવૃત્તિઓ મેળવનાર સૌને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે શિષ્યવૃત્તિની આ રકમ નાની નથી. હું નથી માનતો કે ગુજરાતની કોઈ યુનિવર્સિટી કે સંસ્થા દ્વારા આટલી મોટી રકમ શિષ્યવૃત્તિઓ પાછળ આપવામાં આવતી હશે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની પ્રથમ સેનેટનો હું સભ્ય હતો. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબ કુલપતિ હતા. તેમણે ઇચ્છા દર્શાવી કે વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવા માટે કોઈ દાતાશ્રીઓ તરફથી જાહેરાત થાય તો સારું. પાટણ સમૃદ્ધ શહેર છે. પાટણના ઘણા શેઠિયાઓ મુંબઈમાં રહે છે. ધનાઢ્ય પણ છે, પરંતુ ૧૦-૧૨ હજાર ભેગા કરતાં વર્ષ નીકળી ગયું. કશું થઈ શક્યું નહી. આટલી મોટી રકમ શિષ્યવૃત્તિ પેટે આપવી એ સામાન્ય ઘટના નથી, અસામાન્ય ઘટના છે. સામાન્ય રીતે ઇનામ મેળવવું એ વ્યક્તિગત ગૌરવનો વિષય છે. જેમણે શિષ્યવૃત્તિ મેળવી પરિણામ સુધાર્યું છે, તેમણે વધુ સારું પરિણામ મેળવવા સંકલ્પ કરવાનો છે. આ વાત તેમણે સતત યાદ રાખવાની છે. શિષ્યવૃત્તિઓ મેળવનારા વિદ્યાર્થીઓના વાલીઓ પણ અહીં બેઠા છે. વાલીઓની આર્થિક સ્થિતિ ખરાબ હોય તેમ માનવાને કોઈ કારણ નથી. જેમની ઇચ્છા હોય તે સૌ શિષ્યવૃત્તિ એનાયત કરવામાં જોડાઈ શકે છે. રકમ કરોડોની છે. પરંતુ જે કંઈ શક્ય બને તે માટે આગળ આવવું જોઈએ. સૌએ તૈયાર થવું પડશે. આ સંસ્થા સમાજની છે, જેની સ્થાપના ૧૯૧૯માં કરવામાં આવી હતી. તત્કાલીન સમયે ગુજરાતમાં બે મોટી સાંસ્કૃતિક ઘટનાઓ બનીઃ ૧. પૂ. ગાંધીજીએ ગૂજરાત વિદ્યાપીઠની અને ૨. પૂ. છગનભાએ સર્વ વિદ્યાલયની સ્થાપના કરી. આ બે ઘટનાઓએ સમગ્ર ગુજરાતનું કલેવર બદલી નાંખ્યું. આ બંને સંસ્થાઓ વિદ્યાર્થીઓને સારું શિક્ષણ આપી રહી છે. ઉત્તર ગુજરાતમાં આબાદી, સમૃદ્ધિ અને તેનો પુરુષાર્થ, તેનું ચૈતન્ય અને ચેતના, આર્થિક સમૃદ્ધિ, જે કંઈ છે તેમાં સર્વ વિદ્યાલયનો ફાળો ઘણો મોટો છે તેમ કહીએ તો તેમાં જરાય ખોટું નથી. અહીંથી ભણીને જે કોઈ ગયા છે તે બધા હીરા-મોતી થયા છે. અહીં બેઠેલા છે તે બધા અમેરિકામાં રહે છે. તેઓ ઘણી મહેનત કરે છે. છતાં આપણી સંસ્થાને મદદ કરવા હરહંમેશ તૈયાર રહે છે. એનું કારણ એ છે કે આ સંસ્થાનું જે દૈવત્વ છે, દિવ્યતા છે, તે અદ્‌ભુત અને આનંદજન્ય છે. પૂ. છગનભાએ સંસ્થા શરૂ કરી. તેમણે આપેલ ‘કર ભલા હોગા ભલા’નો સિદ્ધાંત સરસ છે. તેઓશ્રી પૈસા કે છાત્રાલય માટે અનાજ લેવા નહીં, પરંતુ છોકરાં લેવા ગયા. તેમણે ટહેલ નાખી કે તમારાં છોકરાં મને આપો, હું મફત ભણાવીશ, પરંતુ આપણા સમાજે કહ્યું કે આમારા છોકરા ભણશે તો ખેતી કોણ કરશે ? તેમણે ફક્ત ૬ છોકરાંથી આશ્રમ શરૂ કર્યો હતો, આજે ૫૦૦૦૦ થી અધિક છોકરા-છોકરીઓ અહીં અભ્યાસ કરે છે. આ અસાધારણ ઘટના છે. મારે કહેવું રહ્યું કે મેં પણ છગન ભાને જોયા નથી. ૧૯૪૦માં તેમનું અવસાન થયું હતું. છગનભા તો કોથળાની ગાદી-તકિયો બનાવીને બેસતા. જે કોઈ છોકરા ભણવા આવે તે ઉદાસ ન રહે તેનું ખાસ ધ્યાન રાખતા. જે કોઈ છોકરો ઉદાસ દેખાય તેને બોલાવીને પ્રેમથી પાસે બેસાડીને—સમજાવીને કિલ્લોલ કરતો કરીને છાત્રાલયમાં મોકલી આપતા. તેમણે આવી પ્રેમવર્ષા સમગ્ર સમાજ ઉપર કરી, જેનાં વાઈબ્રેશનથી તેનાં મિષ્ટ ફળ આપણે ભોગવી રહ્યાં છીએ. તેમણે બીજું મોટું કામ એ કર્યું કે પાટીદાર સિવાય તમામ જ્ઞાતિઓના છોકરાઓને પણ ભણવા પ્રોત્સાહન આપી ભણાવતા રહ્યા હતા. દાસકાકાનું સ્વપ્ન હતું કે આપણા છોકરા સચિવોની ખુરશીમાં બેસે, તેમનું આ સ્વપ્ન માણેકલાલ સાહેબે પૂરું કર્યું. માણેકલાલ સાહેબે ૧૯૯૫માં સૌ પ્રથમ કાલુપુર બૅંક ફાર્મસી કૉલેજ શરૂ કરી ત્યારે તે કૉલેજ શરૂ કરવા માટે

કેટલી મુશ્કેલીઓ પડી હશે તેની કલ્પના કરવી અઘરી છે. કરોડો રૂપિયા જોઈએ. આટલું મોટું દાન મેળવવું અઘરું હતું. તે વખતે આપણા ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી બળદેવભાઈ પટેલ કાલુપુર બૅંકના ચૅરમૅન હતા. તત્કાલીન સમયના રાજકીય પુરુષો / આગેવાનો સેવાભાવી હતા. સૌ નિષ્ઠાવાન હતા. સમાજસેવકો હતા. શ્રી બળદેવભાઈએ મોટી સહાય કરી. સૌનો ટેકો મળી રહ્યો. માણેકલાલ સાહેબે વિકાસની જે હરણફાળ ભરી તે તેમના સિવાય ભાગ્યે જ કોઈ ભરી શકે કે હિંમત કરી શકે. સાહેબની જે દૃષ્ટિ હતી, આવડત હતી તે અસાધારણ હતી. એક કામ પૂરું થયું ન હોય અને બીજું કામ શરૂ કરી દેતા. સમગ્ર સમાજ અને સરકારમાં એમની ઉજળી છાપ હતી. સૌના મનમાં એક જ ખ્યાલ કે આ સંસ્થા એક પૈસાનું પણ ખોટું કરતી નથી. સમાજ માટે કામ કરે છે. એટલે આપણી પ્રત્યેક માગણી સરકાર અને સમાજ દ્વારા સ્વીકારાતી રહી છે. પરિણામે આજે ઘણીબધી રીતે આગળ પહોંચી શક્યા છીએ. આપણી કમનસીબી એ છે કે આપણે એકસાથે એક જગ્યાએ બધું ન શરૂ કરી શક્યા. આપણે પ્રારંભ છાત્રાલય, નિશાળથી કર્યો અને યુનિવર્સિટી સુધી પહોંચ્યા. આ બધું અલગ-અલગ જગ્યાએ શરૂ કર્યું, પરંતુ જો એક જ જગ્યાએ કૅમ્પસ હોત તો કદાચ ઘણો સારો વિકાસ કરી શક્યા હોત. આજના આપણા કાર્યકરો શ્રી સરદારભાઈ વગેરેના મનમાં ઊંચાં સ્વપ્નો છે. યુનિવર્સિટી કૅમ્પસ માટે સરસ પ્રોજેક્ટ બનાવવાનું તેમનું સ્વપ્ન છે. સરકારને પણ આપણા પ્રત્યે સારી લાગણી છે. સરકાર ગમે તે પક્ષની હોય, છતાં રાજકારણ આડે આવતું નથી. માણેકલાલ સાહેબ કૉંગ્રેસ પક્ષના હતા છતાં સંસ્થા ચલાવવામાં તેમને રાજકારણ આડે આવ્યું નથી. શ્રી મોદીસાહેબ જ્યારે માણેકલાલ સાહેબને જોતાં ત્યારે તેમના મનમાં પ્રશ્ન થતો કે કંઈક લેવા માટે આવ્યા છે. લેવામાં તો જમીન લેવાની હોય. મોદીસાહેબ જમીન આપતા પણ ખરા. જેવી જમીન મળે કે તરત જ હાથ ઉપરનો પ્રોજેક્ટ સાહેબ શરૂ કરી દેતા અને સમયસર પૂરો પણ કરી દેતા. આપણી પાસે મેડિકલ સિવાય બધી જ વિદ્યાશાખાઓની કૉલેજો છે. મને કહેતાં ગર્વ થાય છે કે આપણા શિક્ષકો, અધ્યાપકો, આચાર્યશ્રીઓ, વાઇસ ચાન્સેલર, ડાયરેક્ટરો, કર્મચારીઓ વગેરે સારામાં સારું કાર્ય કરતાં રહે છે એટલે જ આપણે આટલો સરસ વિકાસ કરી શક્યા છીએ. આપણા વિકાસનો પાયો ગામડું હતો. ધરતીને ધ્યાને લઈને આપણે કામ કર્યું. માણેકલાલ સાહેબની દૃષ્ટિ અને કાર્ય કેવું હતું તેના એકાદ-બે દાખલા આપું. એકાદ વર્ષે MBAમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓનું ઇન્ટરવ્યૂ હતું. એક છોકરો ચાણસ્માનો હતો. ભારે ફી હોવાથી મનોમન મૂંઝાય. તેની સ્થિતિ ફી ભરી શકે તેવી હતી નહીં. સાહેબે મને ફોન જોડીને આ છોકરાના વાલીની સ્થિતિ વિશે પૃચ્છા કરી. મેં તપાસ કરીને સાચી હકીકત જણાવી તો તે જાણીને તે છોકરો ભણ્યો ત્યાં સુધી તેની ફી માફી કરી આપી. આટલું જ નહિ તેનું પરિણામ સારું આવતાં તેને અધ્યાપક તરીકે નોકરી આપી. આજે પણ તે વિદ્યાર્થી નોકરી કરે છે. આમ, ભણવા માટે પ્રોત્સાહન આપવું, ફી માફી કરવી અને નોકરી આપવી તે કોઈ સંસ્થા ભાગ્યે જ કરી શકે. સાહેબ આવા દીર્ઘદૃષ્ટા અને સેવાપરાયણ હતા. એક અન્ય દાખલો એ છે કે એક છૂટાછેડા લીધેલ M.A., B. ed બહેન. તેની આર્થિક સ્થિતિ સારી નહિ. બે છોકરાંને ઉછેરવાની જવાબદારી તેના માથે હતી. મેં આ બહેન માટે સાહેબને ભલામણ કરી હતી જ્યારે ઇન્ટરવ્યૂ ગોઠવાયું ત્યારે આ બહેન કોઈ પરિસ્થિતિવશાત્ ઇન્ટરવ્યૂમાં હાજર ન રહી શકતાં સાહેબે મને ફોન જોડીને કહ્યું હતું કે પેલી બહેન ઇન્ટરવ્યૂમાં આજે હાજર રહી નથી. કેમ હાજર નથી રહી? તપાસ કરતાં મને જાણવા મળ્યું કે વાહનવ્યવહાર અને અન્ય કારણોસર તે સમયસર પહોંચી શકી ન હતી. મેં આ વાત સાહેબને કહેતાં તેમણે મને તુરત જ કહ્યું કે તેના માટે જગ્યા ખાલી રાખી છે. મને મળી જવાનું કહો. આ બહેનને બીજા દિવસે ઑર્ડર આપી દીધો. તેની અને તેનાં બે બાળકોની જિંદગી સુધારવામાં સાહેબ મદદરૂપ નીવડ્યા. જે ગરીબ છે, જે પીડિત છે તેના માટે સાહેબની હમદર્દી હતી. આ સાથે તેજસ્વીઓ પ્રતિ પણ ગર્વની લાગણી અનુભવી મદદ કરતા રહેતા હતા. સરદારભાઈ પણ વિલક્ષણ દૃષ્ટિસંપન્ન છે. સાહેબને તો કોઈ મળે ત્યારે પહેલાં તો તેને ધમકાવી

જ નાખે, સામેની વ્યક્તિ ગભરાઈ જ જાય, સાહેબનો અવાજ મોટો પણ હૃદય વિશાળ. નબળાં પરિણામવાળાં ગરીબ છોકરાઓને પ્રવેશ આપી દે અને અમારા ઉપર ફોન પણ કરે કે તેને પ્રવેશ આપી દેજો. સર્વ વિદ્યાલય ગરીબો માટે છે, જે લોકો પછાત છે કે પછાત રહી ગયાં છે તેમનાં પ્રત્યે હમદર્દી દાખવી મદદ કરતા હતા. પરિણામે આજે સર્વ વિદ્યાલયનું ગૌરવ ગુજરાતમાં, સમગ્ર દેશમાં અને દુનિયામાં રહ્યું છે. સરદારભાઈએ સંસ્થાની જવાબદારી સંભાળી ત્યારે તેઓ સાહેબથી એક કદમ આગળ. સરદારભાઈને કહીએ કે આ વિદ્યાર્થી દાખલ થવા માગે છે, જરા જોજો. સરદારભાઈ સામેથી પ્રશ્ન કરે કે તેની આર્થિક સ્થિતિ કેવી છે? ચકાસણી કરતાં તે ગરીબ હોય અને ભણવામાં હોશિયાર હોય તો તરત જ કહે કે તેને મોકલી આપો. પ્રવેશ આપીશ. છાત્રાલયમાં મફત પ્રવેશ પણ આપીશ. સર્વ વિદ્યાલયનું આ કેરેક્ટર છે. આ કેરેક્ટરમાં સરદારભાઈનો, અહીં બેઠેલા મંત્રીશ્રીઓ, દાતાશ્રીઓ વગેરેનો ફાળો છે. આ સૌ વર્ષોથી સંસ્થા માટે એક દિલથી કામ કરે છે. તેનું આ પરિણામ છે. સર્વ એટલે બધાં માટે. એક અન્ય વાત જણાવું. અમે સચિવાલયમાં કોઈ કામ સારું શ્રી નીતિનભાઈને મળવા ગયા હતા, ત્યારે શ્રી નીતિનભાઈ મંત્રીશ્રી હતા. તે વખતે ગુજરાત સરકારના ક્લાસ વન અધિકારી અમને મળ્યા હતા. આ અધિકારીશ્રીએ અમને વિનંતી કરી કે સાહેબ, આપ સૌ મારા ઘરે પધારો. હું સર્વ વિદ્યાલયનો ભૂતપૂર્વ વિદ્યાર્થી છું. મારે કંઈક દાન આપવું છે. સાહેબને મેં વિનંતી કરી કે ચાલો આપણે જઈએ. અમે તેના સરકારી બંગલામાં ગયા. પ્રથમ તો તેણે તેનું ઘરમંદિર બતાવ્યું. તેમાં બે ફોટા હતા. આ પૈકી એક ફોટો મેં ઓળખી લીધો અને કહ્યું કે આ તો શ્રી નાથાભાઈ સાહેબ છે. તેણે કહ્યું કે હા, અને આ બીજો ફોટો મારા પિતાશ્રીનો છે. આપ સૌને જાણીને નવાઈ લાગશે કે તેના મંદિરમાં આ સિવાય અન્ય કોઈ દેવી-દેવતાના ફોટા ન હતા. તેણે કહ્યું કે હું પૂજ્ય નાથાભાઈ સાહેબ અને સર્વ વિદ્યાલયના કારણે ભણી શક્યો. તેણે રૂ. 100000નો ચેક અમને દાન પેટે આપ્યો. સર્વ વિદ્યાલય માટે સમાજમાં આવી લાગણી જોવા મળે છે. સમાજ તરફથી આવી લાગણી કે દૃષ્ટિ બહુ ઓછી સંસ્થાઓ માટે જોવા મળતી હોય છે. ગુજરાતનાં મોટાં મોટાં મંડળોમાં/યુનિવર્સિટીઓમાં પણ આટલી શિષ્યવૃત્તિ આપનાર કોઈ જોવા મળતું નથી. અત્યારે તો મંડળો એવાં થયાં છે કે ન પૂછો વાત ! મળ્યું છે તેને પણ દબાવો અને ન મળ્યું હોય તેને પણ પ્રયત્ન કરીને મેળવીને સમૃદ્ધ થાવ. વિદ્યાર્થીઓને કોઈ સમજતું નથી. વિદ્યાર્થીઓને એટલી જ વિનંતી છે કે તમે જે સંસ્થામાં ભણી રહ્યાં છો તે ઊમદા મૂલ્યોવાળી, અનોખા કેરેક્ટરવાળી સંસ્થા છે. તમે જ્યારે ભણી રહો, સમૃદ્ધ થાવ ત્યારે તમે પણ બીજા વિદ્યાર્થીઓને મદદરૂપ બનો તેવી શુભભાવના અને લાગણી તમારા દિલમાં જન્મે અને રહે તેવી અભ્યર્થના. માણસ તરીકે કોઈ જ્ઞાતિ/જાતિ પ્રતિ ભેદભાવ વગર સૌ માટે પ્રેમ રહે તો સર્વ વિદ્યાલયનું નામ ઊજળું રહેશે. પુનઃ સૌ વિદ્યાર્થીઓને ધન્યવાદ

'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગરના ચૅરમૅનશ્રી અને કડી સર્વ વિદ્યાલયના પ્રેસિડન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલે ઉદ્‌બોધનના પ્રારંભમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોની આગવી લાક્ષણિકતાઓ-ગુણરાશિને તેમજ આ સૌ સાથેનાં સ્નેહસભારણાં ઉજાગર કરી આપ્યા બાદ જણાવ્યું કે સદગત ચૅરમૅન માણેકલાલ સાહેબની આજે પુણ્યતિથિ છે. આ પ્રસંગે મને એમની એક વાત હંમેશાં યાદ આવતી હોય છે કે તેઓશ્રી પ્રસંગોપાત્ત કહેતા કે દુનિયાની મોટામાં મોટી ક્રાંતિ, ભારેમાં ભારે વિપરીત સંજોગોમાં અને ઓછામાં ઓછાં સાધનોથી થઈ છે. આ સર્વ વિદ્યાલય એનું પ્રતીક છે. સર્વ વિદ્યાલય આજે 52000 વિદ્યાર્થીઓ-એક યુનિવર્સિટી સાથે ચાલતી સંસ્થા છે કે જે દર વર્ષ દોઢ કરોડ રૂપિયાની સ્કૉલરશિપ અને એટલી જ રકમ ગરીબ વિદ્યાર્થીઓને ફી માફી પેટે આપે છે. આ સંસ્થાની શરૂઆત કરનાર પૂ. છગનભાએ આવી જ પરિસ્થિતિનો સામનો કરેલો છે. એ વખતે સંજોગો હતા જ નહિ કે શિક્ષણ આપી શકીએ. એ વખતે સંસ્થા પાસે એટલી જ ચૅલેન્જીઝ હતી. પૈસા પણ ન હતા. જે ગામથી દાનની શરૂઆત થઈ તે શેરથા ગામ શ્રી વિઠ્ઠલભાઈ સાહેબના વતનનું ગામ છે. પૂજ્ય

છગનભા દાન લેવા આ ગામે ગયા ત્યારે આ ગામે બધું ભંડોળ આપી દીધું તોય તે રકમ રૂ. 3200 જેટલી હતી. આજની પરિસ્થિતિમાં તમે પરિકલ્પના કરી શકશો કે આજથી એકસો પાંચ વર્ષ પૂર્વે રૂ. 3200નું કેટલું મૂલ્ય ગણાય ? આ પરિસ્થિતિમાં જે શિક્ષણ સંસ્થાની શરૂઆત થઈ હોય એ શિક્ષણ સંસ્થાએ કડી બાદ અલગ અલગ સ્થળોએ, જેમ કે, પિલવાઈ, બલોલ, વિસનગર, વડનગર, શેરથા અને છેલ્લે ગાંધીનગરમાં સંસ્થાઓ સ્થાપી. આ સંસ્થાની સ્થાપના અને વિકાસ પૂ. છગનભાએ કર્યો. તેમણે એક બીજનું રોપણ કર્યું છે, પરંતુ ત્યાર પછીના સંચાલકોએ સિંચન કર્યું છે. સિંચન કર્યા પછી આ વટવૃક્ષ ખીલ્યું છે અને તેના ઉપર જે ફળો આવી રહ્યાં છે તે ફળોનો આપણે સૌ વિદ્યાર્થીઓ સહિત તેનો આનંદ મેળવી રહ્યાં છીએ. સમાજમાં હંમેશાં એવી જ સંસ્થાઓ લાંબા સમય સુધી ટકી શકતી હોય છે કે જે સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ તે શરૂ કરવા માટેનો હોય તે જળવાઈ રહેતો હોય તો જ તે ટકી શકતી હોય છે. વિકસિત થતી રહે છે. પૂજ્ય મનુભાઈ સાહેબે કહી તે વાત બિલકુલ સાચી છે કે આપણી સંસ્થાએ વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને જે કામ કર્યું છે તેના લીધે જ સંસ્થાનો વિકાસ થયો છે. સમાજમાં ઘણીબધી સંસ્થાઓ છે કે જેનાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફોરેનની કૉલેજો જેવાં હશે, ત્યાં ભણાવવા આવતા લોકો થોડાક સમય માટે અમેરિકા કે દુનિયાના દેશોમાંથી visiting professor તરીકે બોલાવવામાં આવતા હશે, પરંતુ તેમના કેન્દ્રમાં વિદ્યાર્થી નહીં હોય તો આવી સંસ્થાઓ સારી રીતે ચાલી શકતી નથી. સદગત માણેકલાલ સાહેબ હંમેશાં કહેતાં કે જેની પાસે ખૂબ પૈસા છે તે તો ગમે ત્યાં ભણવા જશે, પરંતુ સર્વ વિદ્યાલયનું કામ સમાજનાં એવા વિદ્યાર્થીઓને ભણાવવાનું છે કે જેમની પાસે પૈસા નથી કે ઘણા ઓછા પૈસા છે, બૂટપોલીસ કરતો હોય તેનો દીકરો, ચાની લારી ચલાવતો હોય તેનો દીકરો, કરિયાણાની દુકાનમાં ત્રાજવે તોલવા બેઠો હોય તેનો દીકરો, કાપડની દુકાનમાં તાકા વાળવાવાળાનો દીકરો, વગેરેને કોણ ભણાવશે? આ શબ્દો માણેકલાલ સાહેબના હતા. પૂજ્ય છગનભાએ આ બાબતની શરૂઆત કરી હતી. આ સંસ્થાનું કામ જ આવા વિદ્યાર્થીઓને ભણાવવાનું છે. મને કહેતાં આનંદ થાય છે કે પૂજ્ય છગનભાથી શરૂ કરી માણેકલાલ સાહેબ સુધીના અને ત્યાર પછી પણ આપણે સૌ તે બાબતને કેન્દ્રમાં રાખીને શિક્ષણ આપી રહ્યાં છીએ. શ્રી મનુભાઈ સાહેબ સાથે બેસવાનું થાય ત્યારે તેમનાં સંભારણાં જણાવતાં કહેતાં કે જો આશ્રમના વિદ્યાર્થીઓની ફી ભૂલેચૂકેય રૂ. 500 વધારી હોય ત્યારે વાલી ફી ભરવા આવે તે વખતે તેની પાસે રૂ. 500 પણ વધારાના ન હોય. એ પૈસા પણ તેણે આજુબાજુથી ઉછીના લઈને ભરવા પડે કે વિનંતી કરે કે અમે બાકીના પૈસા પછી ભરી જઈશું. તેવી સામાન્ય સ્થિતિના બાળકો આપણી સંસ્થામાં અભ્યાસ કરે છે. આવા વિદ્યાર્થીઓ ભણતા હોય ત્યારે મેં કહ્યું તેમ અને વિઠ્ઠલભાઈ સાહેબે પણ બહુ સાચી વાત કરેલ કે જ્યારે તમને મેરિટ સ્કૉલરશિપ આપવામાં આવી છે તેનો મતલબ એવો છે કે તમે સંસ્થાના એવા વિદ્યાર્થીઓ છો કે જે સંસ્થાનું નામ ખૂબ આગળ લઈ જશો. તમે તમારી જાતને અને તમારા પરિવારને આગળ લઈ જશો. અને સાથે સાથે દેશ અને દુનિયામાં જે કોઈ એવું કરવા સક્ષમ છો કે જેમાં દુનિયાના આવા લોકો સમક્ષ દૃષ્ટિ કરતી હોય છે. આજે સર્વ વિદ્યાલયના આવા વિદ્યાર્થીઓને દોઢ કરોડ રૂપિયાની મેરિટ સ્કૉલરશિપ અને એક કરોડ સિત્તેર લાખથી અધિક મીન્સ સ્કૉલરશિપ આપતી હોય ત્યારે હું તમને ખાસ એ કહેવા માગું છું કે આ પૈસા દાતાશ્રીઓ રૂપિયા અગિયાર લાખ, રૂપિયા પાંચ લાખ કે રૂપિયા અઢી કરોડ કે રૂપિયા સાડા ત્રણ કરોડ લખાવે છે તે તેમની પાસે વધારાના નથી આવતા. અહીં બેઠેલા દાતાઓ પૈકી શ્રી ભગુભાઈ પટેલ અને શ્રી વિઠ્ઠલભાઈ સાહેબ એંસી વર્ષથી વધુ ઉંમરના છે. આ બંને જાતે જ ગાડી ચલાવે છે, ડ્રાઇવર પણ રાખતા નથી. જેમણે અઢી કરોડ સાડા ત્રણ કરોડ રૂપિયા આપ્યા છે, તે દાતાશ્રીઓના ઘરે હું જઈ આવ્યો છું. તેઓશ્રી સાદગીપૂર્ણ જીવન જીવી રહ્યાં છે. આપણા ત્યાં થોડાક વધુ પૈસા થાય તો મર્સિડીઝ, BMW, Rolls Royce, વગેરે પ્રકારની ઘણી ગાડીઓ અમદાવાદમાં ફરતી તમે જોતા હશો. આ દાતાશ્રીઓ ઘરે 10-15 લાખ રૂપિયાની ગાડી રાખે છે. તેમના છોકરાઓ

માટે કીમતી ગાડી લાવી શકે તેવી શક્તિ છે છતાં તે લોકો તેમના પૈસાને સમાજમાં ઉપયોગ કરવા માટે આપણા જેવી સંસ્થાઓને દાન આપે છે. રૂપિયા વાપરી નાખતા નથી.

તેમના પૈસા આપણે મેરિટ સ્કૉલરશિપ અને મીન્સ સ્કૉલરશિપ તરીકે આપીએ છીએ. જ્યારે આવા દાતાશ્રીઓના પૈસા આપણને સ્કૉલરશિપ તરીકે મળતા હોય, મિન્સ સ્કોલરશિપ તરીકે મળતા હોય તેને તમે જવાબદારી ગણજો. તમે આ શિષ્યવૃત્તિને ઇનામ ના ગણશો. ઇનામ ક્યારે ગણાય કે તમને આનંદ થતો હોય. અહીં તો તમે મહેનત કરેલી છે. તમારા માટે આ જવાબદારી છે – આ સંસ્થા, આ સમાજ, આ દેશ, આ રાષ્ટ્ર પ્રત્યેની. જે લોકોએ આવી રીતે મહેનત કરીને પૈસા મેળવેલ હોય અને દાન આપતા હોય ત્યારે તે પૈસાનો ચોક્કસ સદુપયોગ થવો જરૂરી છે. માત્ર સદુપયોગ નહીં એ સ્કૉલરશિપ તમે તમારા સમાજમાં વાપરો અને ધીરે ધીરે તમે એવા સક્ષમ બનો કે બે પૈસા કમાઈ શકતા હોય, કમાયા પછી બચત કરી શકતા હોય ત્યારે સૌ પ્રથમ ફરજ તમારા પરિવાર પ્રત્યેની રહે છે. તમારા પરિવાર અને અન્ય સ્નેહીજનોને તમારે મદદ કરવી પડે.

એકાદ પ્રસંગે હું બીજી કોઈ સંસ્થામાં ગયો હતો. હું જે કહેવા જઈ રહ્યો છું તેનો મને આનંદ છે કે આપણી સંસ્થામાં આવું બનતું નથી. એ સંસ્થામાં એક દાતાશ્રીનું બોર્ડ લાગ્યું હતું. એ વખતે મારી સાથે એ દાતાશ્રીના પરિવારના એક સભ્ય ચાલતા હતા. મેં કહ્યું કે તમારા પરિવારનું આ દાન છે. તેમણે ઘણું મોટું દાન આપ્યું છે, ત્યારે તે વાત સાંભળીને તે વ્યક્તિના મોં ઉપર કોઈ પણ એવો આનંદ થયો નહોતો. તે વ્યક્તિ જાણે દુઃખમાં હોય એવું અનુભવ્યું. ત્યાર પછી મને એ વ્યક્તિએ કહ્યું કે એ વ્યક્તિએ ભલે અહીં મોટું દાન આપ્યું, પરંતુ તેના પરિવારમાં કશી જ મદદ કરતો નથી. એટલે કોઈ પણ જગાએ દાન આપવા જઈએ તે પહેલાં આપણો પરિવાર એટલો જ રાજી હોવો જોઈએ. આપણા પરિવારની જરૂરિયાત આપણે પહેલાં જોવી જોઈએ. પરિવારની જરૂરિયાત પૂરી કર્યા બાદ તમારાં સગાં-સંબંધી, મિત્રમંડળ વગેરેને મદદ કરજો. અને ત્યારબાદ તમને લાગે કે હવે તિજોરીમાં પૈસા મૂકીએ તો પણ તિજોરી તૂટી જાય એવી છે – તિજોરીમાં પૈસા સમાઈ શકતા નથી ત્યારે તમે અહીં આપશો કે જેથી સર્વ વિદ્યાલય તમારા જેવા વિદ્યાર્થીઓને મદદ કરી શકે. આ વાત હું વારંવાર એટલા માટે કહેતો રહું છું કે સર્વ વિદ્યાલયનું નિર્માણ જ એવી રીતે અને એટલા માટે જ થયું છે. સર્વ વિદ્યાલયમાં ભણીને જે વિદ્યાર્થીઓ ગયા છે તેમને લાગે છે કે આ સંસ્થા ન હોત તો આજે અમે આ પદ ઉપર પહોંચી ન શક્યા હોત, અમે સમાજમાં આટલો મોભો ન મેળવી શક્યા હોત. આટલાં નાણાં ન મેળવી શક્યા હોત, આવો જ્યારે અહોભાવ થતો હોય છે ત્યારે તે વિદ્યાર્થીઓ, એ સમાજના લોકો સર્વ વિદ્યાલયમાં આવીને દાન આપતા હોય છે. તમારા જેવા બીજા વિદ્યાર્થીઓનું સર્જન કરવા માટે દાન આપતા હોય છે. આ માટે એટલું ખાસ કહી શકાય કે વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી માત્ર સ્કૉલરશિપ આપવાની વાત નથી, સંસ્થામાં વિદ્યાર્થીઓને દરેક સ્તરે તક આપવામાં આવતી હોય છે. આપણા વિદ્યાર્થીઓ માત્ર ક્લાસરૂમ શિક્ષણ મેળવે છે એટલું જ નહીં, પરંતુ જુદા-જુદા સેલ દ્વારા, સર્વ નેતૃત્વ વગેરે દ્વારા ગુણો પણ શિખવાડવામાં આવે છે કે જે વ્યક્તિની સમાજમાં શી જવાબદારી છે. એક વ્યક્તિ તરીકે આપણે સમાજમાં આવતા હોઈએ ત્યારે આપણી જવાબદારી માત્ર આપણા પરિવાર માટે નહીં, માત્ર સ્વલક્ષી નહીં, પરંતુ સમાજમાં તમામ લોકો માટે આપણી જવાબદારી રહેતી હોય છે. આવા સર્વ વિદ્યાલયના તમે વિદ્યાર્થી છો ત્યારે શ્રી મનુભાઈ સાહેબે જેમ કહ્યું તેમ તમારે એવા વિદ્યાર્થી તરીકે તૈયાર થવું જોઈએ જે સંસ્થાને ખૂબ આગળ લઈ જાય. આવી રીતે એક વાત ખાસ કહીશ કે તમારી જરૂરિયાતો મર્યાદિત રાખજો, કારણ કે જરૂરિયાતો ગરીબની પણ સંતોષાય છે. તમારા શોખ પણ એટલા મર્યાદિત રાખજો, કારણ કે શોખ ગમે તેટલા હોય – શોખ પૂરા કરવા માટે રાજાના રૂપિયા પણ ઓછા પડતા હોય છે, જેટલી જરૂરિયાત ઓછી હશે, જેટલા શોખ ઓછા હશે, એટલું જ તમે સમાજને વધારે આપી શકશો. આ બધી જ બાબતો આ સ્ટેજ ઉપર બેઠેલાઓએ પોતાના

જીવનમાં ઉતારી છે. આપણા વિદ્યાર્થીઓએ પણ આ બધું પોતાના જીવનમાં ઉતારવાની જરૂરિયાત છે. અને આગળ જતાં સમાજમાંથી તમે જે કંઈ મેળવ્યું છે તે પાછું આપી શકો. પૂ. છગનભાએ શરૂ કરેલી આ સંસ્થા છે કે જેનો જીવનમંત્ર છે 'કર ભલા હોગા ભલા' અહીં એવું કહેવાનું કોઈ જ તાત્પર્ય નથી કે તમે અહીં જ દાન આપજો, તમે જે કોઈ પ્રાથમિક શાળામાં કે અન્યત્ર ભણ્યા હશો ત્યાં પણ તમારા ગુરુજનોએ તમને સારામાં સારું શિક્ષણ આપી તમને તૈયાર કર્યા હશે. જરૂરી નથી કે શિક્ષણ માત્ર શિક્ષણસંસ્થામાંથી મળે. શિક્ષણ તમારા પરિવારમાંથી પણ મળતું હોય છે. શિક્ષણ તમારા મિત્રો તરફથી પણ મળતું હોય છે. આવી તમામ જવાબદારીઓ તમારે ધ્યાનમાં રાખવાની છે. તમે એક કક્ષા સુધી પહોંચી શકો કે જ્યારે તમે કોઈને આપી શકો તેમ હો ત્યારે આપતા રહેજો.

તો જ તમે આ સ્કૉલરશિપને સમાજમાં પાછી આપી શકી કહેવાશે. આવી જ રીતે સર્વ વિદ્યાલયના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ સમાજમાં ખૂબ પ્રગતિ કરી સર્વ વિદ્યાલયનું નામ રોશન કરે, તેમનાં માતાપિતાનું નામ રોશન કરે અને સરવાળે આપણા રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે તેવી શુભેચ્છા સાથે વિરમું છું. જયહિન્દ, જય ભારત.

સમારોહના અંતમાં મંડળના વરિષ્ઠ મંત્રીશ્રી ડૉ. રમણભાઈ પટેલે ઉપસ્થિત મંચસ્થ આમંત્રિત મહાનુભાવો, મંડળના મંત્રીશ્રીઓ અન્ય હોદ્દેદારશ્રીઓ, દાતાશ્રીઓ, વાલીઓ અને સર્વ વિદ્યાલય પરિવારજનો પ્રતિ ઋણ સ્વીકારની ભાવના અભિવ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આવા ઉમદા સમારંભ અને માહોલમાં આનંદ અનુભવું છું. કોઈ કવિના શબ્દો :

ना छु शकुं मैं आसमाँ को तो कोई गम नहीं,
मगर छू शकुं ईस परमार्थ को तो ये आसमाँ से कम नहीं.
वैसे तो बहुत कुछ है केलवणी के साथ
पर ऐसी साधना से ज्यादा कुछ कम नहीं.

અને ભાવમાં સંમતિ આપું છું. રોજ સવાર પડે છે, રાત પણ પડે છે, સવારે ઊઠીને ભગવાન પાસે માગીએ છીએ. આ સિવાય કોઈ દિવસ આપણે બીજો કોઈ વિચાર કરતા નથી, પરંતુ આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે હે પ્રભુ ! મને એવી સવાર આપજે કે જે સવારે હું તમારી પાસે માગું નહીં, પરંતુ કંઈક વહેંચવાની મને ઇચ્છા થાય, લોકોને કંઈક વહેંચું અને એ રીતે હું આનંદમાં રહું. આપણા નિઃસ્પૃહી, નિષ્ઠાવાન અને આજીવન ભેખધારી એવા આપણા સ્વર્ગીય ચૅરમૅન શ્રી માણેકલાલ પટેલ સાહેબની સેવાઓ નિરંતર આપણા હૃદયમાં ચિરંજીવ બની રહે એ હેતુથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તરફથી તેમની સ્મૃતિમાં દર વર્ષે કોરોના કાળ સિવાય આપણા કડી અને ગાંધીનગર કૅમ્પસનાં હોશિયાર વિદ્યાર્થીઓને મેરિટ સ્કૉલરશિપ આપવામાં આવે છે. આપણી સંસ્થાને આજે 105 વર્ષ થયાં, તેના ઇતિહાસમાં ઘણાબધા કર્મનિષ્ઠ કર્ણધારો થઈ ગયા. સૌએ પોતપોતાની નિષ્ઠાથી, બુદ્ધિગમ્યતાથી સમર્પિત બની રહી સંસ્થાને સેવાઓ આપી છે. તે આપણે જોઈ શકીએ છીએ. એ સૌ કર્ણધારોને હું હૃદયપૂર્વક વંદન કરું છું. આજે આપણે જે માહોલમાં બેઠા છીએ તેના માટે આપણને વધુમાં વધુ જો કોઈ મદદરૂપ થયું હોય તો આપણા દાતાશ્રીઓ છે. આ મંચ ઉપર બેઠેલા આપણા દાતાશ્રીઓએ આ માટે ખૂબ મોટાં દાન આપ્યાં છે. પૂ. માણેકલાલ સાહેબનું સ્વપ્ન યુનિવર્સિટી બનાવવાનું હતું. તેમણે આ સ્વપ્ન 2007માં પૂરું કર્યું. યુનિવર્સિટી શરૂ થઈ તેથી તેમને તેનો ખૂબ આનંદ હતો. આ સાથે અત્યારના આપણા ચૅરમૅન શ્રી વલ્લભભાઈ સાહેબના નેતૃત્વ હેઠળ આપણી બધી વિવિધ સંસ્થાઓ અદ્‌ભુત વિકાસ કરી રહી છે. એ માટે શ્રી વલ્લભભાઈને આપ સૌ વતી અભિનંદન આપું છું. વલ્લભભાઈની વાત નીકળી એટલે યાદ આવ્યું કે 6 દિવસ પહેલાં જ તેમનો જન્મ દિવસ ગયો. એ દિવસે તો અમે સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી. પરંતુ હું ઇચ્છું છું કે તેઓશ્રી સર્વ વિદ્યાલયની લાંબા સમય સુધી સેવા કરી શકે અને તે માટે તંદુરસ્તીયુક્ત આયુષ્ય મળે એવી શુભેચ્છાઓ પાઠવીએ. આજે આ સમારંભમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓના વાલીઓ અને આમંત્રિત સૌ મહેમાનશ્રીઓ અમારા નિમંત્રણને માન આપીને ઉપસ્થિત રહ્યાં છો તે બદલ સંસ્થા વતી આપ સૌનો આભાર માનું છું. દાતાશ્રીઓનો આભાર

જેટલો માનીએ તેટલો ઓછો છે જ્યારે દાતાશ્રીઓ યાદ આવે ત્યારે ડૉ. કનુભાઈ સાહેબની યાદ આવે. તેઓશ્રી સૌ દાતાશ્રીઓને સારી રીતે ઓળખતા, એમની ક્ષમતા પ્રમાણે દાન મેળવીને આપણી સંસ્થાને બહુ મોટી મદદ એમણે કરેલી છે.

આ સંસ્થાના વિદ્યાર્થીઓએ કે જેમણે સ્કૉલરશિપ મેળવી છે તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. તેમના રસક્ષેત્રોમાં તે ખૂબ આગળ વધે એવી ભગવાનને પ્રાર્થના કરું છું. આ વિદ્યાર્થીઓને કહેવાનું મન થાય કે આ સંસ્થાનું ઋણ તમારા ઉપર ચઢ્યું છે એટલે તમે જ્યારે પણ સફળ થાઓ/ સમૃદ્ધિ મેળવો ત્યારે સર્વ વિદ્યાલયને હંમેશાં યાદ તો કરજો તેને મદદરૂપ થવા તત્પર રહેજો. આ સાથે ઉપસ્થિત સંસ્થાના સૌ મંત્રીશ્રીઓ, સૌ વિદ્યાર્થીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકો, કર્મચારીઓ, વગેરે ભાઈ-બહેનોનો સંસ્થા વતી હૃદયપૂર્વકનો આભાર માનું છું. ધન્યવાદ આપું છું. જય હિન્દ.

રાષ્ટ્રગીતના ગાન બાદ સમારોહ પૂર્ણ થયાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ સૌ ઉપસ્થિતજનો ભોજન-પ્રસાદ લઈ છૂટાં પડ્યાં હતાં. પ્રસ્તુત સમારોહનું સંચાલન 'એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી અને હાયર સેકન્ડરી સ્કૂલ'નાં શિક્ષિકા ડૉ. વર્ષા પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

*

## સદ્‌ગત ચૅરમૅનશ્રી માણેકલાલ પટેલ સાહેબની સ્મૃતિમાં આયોજિત રકતદાન શિબિર

સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી અને ગાંધીનગરનાં પરિસરોમાં સ્વ. શ્રી માણેકલાલ પટેલ સાહેબની ૯૬મી જન્મજયંતીએ રકતદાન શિબિરનું આયોજન તા. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. આ પ્રસંગે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગર અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ. પટેલ, 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના પ્રમુખશ્રી ડૉ. મણિભાઈ એસ. પટેલ, મંત્રીશ્રી ડૉ. રમણભાઈ પટેલ, ડૉ. જગદીશભાઈ પટેલ, શ્રી સંજયભાઈ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે દીપપ્રાગટ્ય કરી શિબિરની શરૂઆત કરવામાં આવી હતી. વિવિધ સંસ્થાઓના ડાયરેક્ટરશ્રીઓ, પ્રિન્સિપાલશ્રીઓ, સ્ટાફગણ, વિદ્યાર્થીઓ, વાલીઓ અને નાગરિકોએ ઉત્સાહપૂર્વક રક્તદાન કર્યું હતું. સર્વ વિદ્યાલય, કડી પરિસરમાં ૭૩૩ રક્ત યુનિટ અને ગાંધીનગરનાં ત્રણેય પરિસરોમાં ૮૨૩ રકત યુનિટો સહિત કુલ ૧૫૯૬ રક્ત યુનિટ એકત્રિત કરીને રેડક્રોસ, અમદાવાદ અને સર્વોદય બ્લડ બેંકને મોકલી આપવામાં આવ્યું.

'ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી', અમદાવાદ છેલ્લા ૧૦૨ વર્ષથી રક્તદાન ક્ષેત્રે સતત કાર્ય કરતી સેવારત સંસ્થા છે. ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા તથા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાતના ચૅરમૅનશ્રી અજયભાઈ પટેલ તથા ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદના ચૅરમૅનશ્રી મુકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં સેન્ચ્યુરિયન બ્લડ ડોનર તથા સ્ટાર બ્લડ ડોનેશન કૅમ્પની આયોજક સંસ્થાઓનો અભિવાદન સમારોહ અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગર અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'માં પૂજ્ય માણેકલાલ સાહેબની જન્મજયંતી નિમિત્તે છેલ્લા ૧૩ વર્ષથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવતાં કુલ ૧૩૪૬૯ રક્ત યુનિટો એકત્રિત કરી માનવ કલ્યાણ અર્થે રેડક્રોસ સોસાયટી, અમદાવાદને મોકલી આપવામાં આવે છે. જેની નોંધ લઈ ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી, અમદાવાદ દ્વારા ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈના વરદહસ્તે બ્લડ ડોનેશન કૅમ્પના આયોજન બદલ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય'ને ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો. પ્રસ્તુત ઍવૉર્ડ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડીથી શૈલેષભાઈ પટેલ અને 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગરથી શ્રી ભાવિક પંડ્યાએ સંસ્થાવતી સ્વીકાર્યો હતો.

●

જેમનું તાજેતરમાં અવસાન થયું છે તેવા એક સમર્થ અને બહાદુર વકીલ

# શ્રી ઇકબાલ ચાગલા

**શરદભાઈ પી. શાહ**

**પ્રાસ્તાવિકઃ** 12મી જાન્યુઆરી, 2025ના રોજ મુંબઈમાં શ્રી ઇકબાલ ચાગલાનું 85 વર્ષની વયે અવસાન થયું. ભારતે એક સમર્થ, બાહોશ અને બહાદુર ઍડવોકેટ ગુમાવ્યા. તેમનાં પિતા શ્રી મહમદ કરીમ ચાગલાનું જીવન અને કાર્ય આપણે આ પૂર્વે આ વૃત્તપત્રમાં વિસ્તારથી જોઈ ગયા છીએ. આજે એ મહાન પિતાના મહાન પુત્રની વાત કરવી છે.

**જન્મ, બાળપણ અભ્યાસઃ** 7મી માર્ચ 1939ના રોજ શ્રી ઇકબાલ ચાગલાનો જન્મ મુંબઈમાં થયો. તે વખતે તેમનાં પિતાશ્રી મહમદ કરીમ ચાગલા મુંબઈ હાઈકોર્ટમાં વકીલાત કરતા હતા. તેમણે ખૂબ નામના પ્રાપ્ત કરી હતી. પછી તે મુંબઈ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ, મુખ્ય ન્યાયમૂર્તિ પણ બન્યા તેથી શ્રી ઇકબાલ ચાગલાનું બાળપણ આનંદમાં વીત્યું. તેમનો અભ્યાસ મુંબઈમાં થયો. પ્રાથમિક માધ્યમિક શિક્ષણ મુંબઈમાં લઈને તેમના પિતાશ્રીની જેમ ઇંગ્લૅંડમાં ઉચ્ચ અભ્યાસાર્થે ગયા. ત્યાં કેમ્બ્રિજમાં અભ્યાસ કરી માસ્ટર્સ ઑફ હિસ્ટ્રી અને લૉની ડિગ્રી પ્રાપ્ત કરી અને મુંબઈમાં વકીલાત માટે આવ્યા.

## મુંબઈમાં શરૂઆતનાં વર્ષો

ઇકબાલ ચાગલા 1962માં મુંબઈ આવ્યા અને ફલી નરીમાનને મળ્યા. ફલી નરીમાન તે વખતે બૉમ્બે હાઈકોર્ટમાં નામના પ્રાપ્ત વકીલ હતા. ફલી નરીમાન તેમને બાર ઍસોસિયેશનમાં સાથે લઈ ગયા અને પ્રોત્સાહન પૂરું પાડ્યું. તેમણે ઇકબાલ ચાગલાને તેમના લંચ-ટેબલ પર લંચ માટે સ્થાન આપ્યું. ઇકબાલ ચાગલાને ફલી નરીમાન પાસેથી ઘણું શીખવા મળ્યું. તેમની દલીલો સાંભળી તે પ્રભાવિત થતા, તે જોતા કે ન્યાયાધીશનું વલણ અનુકૂળ ન હોય છતાં ફલી નરીમાન પોતાની વાત પૂરી ધીરજથી અને અકળાયા વીના કરતા અને મોટા ભાગે પોતાની તરફેણમાં ચુકાદો મળવતા. ઇકબાલ ચાગલા કહે છે કે લંચ-ટેબલ પર અમે દરરોજ લગભગ કલાક વિતાવતા. આ રીતે અમે સાથે 60 વર્ષ વિતાવ્યાં, પણ ત્યારે અમે કાયદાની, ન્યાયાધીશની કે ચુકાદાઓની વાત કરતા નહીં, પરંતુ હળવી વાતોથી Relax થતાં. અમે આનંદ ગમ્મત કરતા. આમ શરૂઆતથી જ કુદરતની મહેરબાનીથી ઇકબાલ ચાગલાને સારી વ્યક્તિઓ સાથે સંપર્ક થયો.

બીજી આવી વ્યક્તિ તે સોલી સોરાબજી હતા. ઇકબાલ ચાગલા મુંબઈ આવ્યા અને જાણીતી વકીલની ફર્મ કે. એચ. ભાભાની ચેમ્બરમાં જોડાયા. ત્યાં શ્રી સોલી સોરાબજી પહેલેથી જોડાયેલા હતા. બન્ને વચ્ચે ગાઢી મિત્રતા થઈ. જે જિંદગીભર ટકી. શ્રી ઇકબાલ ચાગલાને સોલી સોરાબજી માટે ખૂબ જ આદર હતો. શ્રી સોલી સોરાબજીનું 91 વર્ષની વયે અવસાન થયું ત્યારે શ્રી ઇકબાલ ચાગલાએ તેમના માટે ઘણી પ્રશંસાના પુષ્પો પાથર્યાં હતાં.

## મુંબઈની વકીલાતમાં સફળતા

પોતાની મહેનત, કામ પ્રત્યેની લગન, પ્રમાણિકતા અને સુંદર રજૂઆતને કારણે ઇકબાલ ચાગલા ખૂબ જ ઝડપથી સફળતાનાં શિખરો પાર કરવા લાગ્યાં. તેમની 20 વર્ષથી ઓછા સમય માટેની વકીલાત હતી અને માત્ર 39 વર્ષની ઉંમર હતી. ત્યારે ઇકબાલ ચાગલાને સિનિયર ઍડવોકેટનું સન્માન પ્રાપ્ત થયું. તેમણે તે સન્માન પછી પણ ગૌરવપૂર્ણ રીતે વકીલાત કરી વકીલમંડળના સભ્યોમાં ખૂબ જ પ્રેમ અને આદર પ્રાપ્ત કર્યાં. તેમને બે વખત હાઈકોર્ટના જજ થવાનું કહેવામાં આવ્યું, પરંતુ તેમણે વિનયપૂર્વક તેનો અસ્વીકાર કર્યો અને વકીલ તરીકેની કામગીરી તેમને વધુ

અનુકૂળ રહેશે તેમ જણાવ્યું.

તેઓશ્રી મુંબઈ હાઈકોર્ટમાં દલીલો કરતા હતા ત્યારે ઘણાં વકીલો તેમની અદ્ભુત છટા અને રજૂઆતથી ખૂબ પ્રભાવિત થતા હતા. અત્યારે સુપ્રીમકોર્ટમાં વકીલાત કરતા ઍડવોકેટ શ્રી આદિત્ય અજગાંવકર લખે છે કે જ્યારે તે મુંબઈમાં કાયદાનો અભ્યાસ કરતા હતા ત્યારે કૉલેજમાં તેમના પ્રોફેસરે શ્રી ઇકબાલ ચાગલાનાં ભરપૂર વખાણ કર્યાં અને તેમની દલીલો સાંભળવાનું સૂચન કર્યું. આદિત્ય બૉમ્બે હાઈકોર્ટમાં ગયા. તે વખતે ચાગલાની ઉંમર 70 વર્ષની હતી, પરંતુ તેમનો જુસ્સો યુવાન જેવો હતો. આદિત્યે પહેલી જ વખત ચાગલાને જોયા અને દલીલો સાંભળી પ્રભાવિત થયા. આદિત્યને લાગ્યું કે તે ખૂબ જ શાંતિપૂર્વક અને પદ્ધતિસર દલીલો કરે છે. તે પછી લંચના ટેબલ પર આદિત્ય શ્રી ચાગલાને મળવા ગયા, ત્યારે તેમની દલીલોથી જેટલા પ્રભાવિત થયેલા તેટલા જ પ્રભાવિત તેમના વિનયભર્યા વ્યવહારથી થયા. શ્રી ચાગલાએ આદિત્યને મીઠું સ્મિત કરી આવકાર્યા અને તેની સાથે વાતો કરી. આદિત્ય લખે છે કે મારા માટે તેમની સાથે ગુજારેલી એ ક્ષણો મારા જીવનભરનું સંભારણું બની ગયેલ છે.

બૉમ્બે બાર ઍસોસિયેશનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રફીકદાદા ખૂબ જ ભાવવાહી શબ્દોમાં શ્રી ઇકબાલ ચાગલાની પ્રશંસા કરે છે. તે લખે છે "Iqbal was one of the greatest giants of the legal profession. I personlly knew him for over 50 yerrs. He was a fine advocate, a great opponent and a wonderful human being. He was role model."

બૉમ્બે બાર ઍસોસિયેશનના હાલના પ્રમુખ શ્રી નીતિન ઠક્કર કહે છે. "There are countless lawyers who are inspired by him. We have seen him from our younger days as lawyers. He was known to be a fair opponent and he worked till the end."

## વકીલમંડળના પ્રમુખ તરીકેની કામગીરી

વકીલાતમાં ઇકબાલ ચાગલા જેટલી નિષ્ઠાભરી રીતે કામગીરી કરતા હતા તેટલી જ નિષ્ઠાથી બૉમ્બે હાઈકોર્ટ બાર ઍસોસિયેશનના પ્રમુખ તરીકે પણ કરી. તે સને 1990થી સને 1999 સુધી બાર ઍસોસિયેશનના પ્રમુખ રહ્યા. તે દરમિયાન વકીલોના પ્રશ્નો અંગેની કાર્યવાહીમાં સક્રિય કામગીરી કરી.

1990માં તે જ્યારે બાર ઍસોસિયેશનના પ્રમુખ હતા ત્યારે મુંબઈ હાઈકોર્ટમાં 5 ન્યાયાધીશોની પ્રામાણિકતા અંગે પ્રશ્નો ઊભા થયા. ન્યાયાધીશ વિરુદ્ધ ઠરાવ કરવો અને તેમનાં વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવા કહેવું તે સરળ કામ નહોતું, પરંતુ વકીલમંડળે ઠરાવ કર્યો અને તેમનાં રાજીનામાંની માંગણી કરી. તેમના મિત્રોએ ઇકબાલ ચાગલાને જણાવ્યું કે ન્યાયાધીશની જગ્યા બંધારણીય જગ્યા છે અને તેમનાં વિરોધ આક્ષેપ કરવો એ contempt of court ગણાશે. તે આક્ષેપમાં સત્યતા હોય તો પણ તે બચાવ તરીકે કામ લાગશે નહીં. છતાં શ્રી ચાગલાએ તે ભયને ગણકાર્યો નહીં અને કહ્યું કે જ્યારે ન્યાયતંત્રનો પાયો દૂષિત થતો હોય ત્યારે એવો ભય રાખી શકાય નહીં. તેમના આક્ષેપમાં તથ્ય હતું, તેમાં પૂર્વગ્રહ કે દ્વેષ નહોતો. પરિણામે એક ન્યાયમૂર્તિએ રાજીનામું આપ્યું, બે ન્યાયમૂર્તિની ટ્રાન્સફર થઈ અને બે ન્યાયમૂર્તિને ન્યાયિક કામગીરી ન સોંપવામાં આવી. આમ ન્યાયતંત્રની ગરિમા જાળવવા તેમણે હિંમતભર્યું કદમ ઉઠાવ્યું.

શ્રી ઇકબાલ ચાગલા માનતા કે બાર ઍસોસિયેશન સંપૂર્ણ સ્વતંત્ર એકમ છે અને તેને યોગ્ય પ્રશ્નો અને યોગ્ય કારણો માટે લડત ચલાવવી જોઈએ. હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓની આડેધડ બદલીઓ થવા લાગી ત્યારે તે વ્યક્તિગત રીતે પિટિશનર બન્યા અને સુપ્રીમકોર્ટમાં અરજ દાખલ કરી. તેમણે સરકાર કે અન્ય સત્તાથી ડર્યા વગર અંતરાત્માના અવાજને અનુસરીને પગલું ભર્યું.

1992-93ના બૉમ્બે રાયોટ્સ અંગે જસ્ટિસ ક્રિષ્ણા કમિશન નિમાયું હતું. ત્યારે વકીલમંડળના પ્રમુખ તરીકે તેમને લાગ્યું કે કમિશનને સત્ય શોધવામાં વકીલ મંડળે મદદ કરવી તે તેમની

ફરજ છે. તેથી ઍસોસિયેશન દ્વારા કેટલાક પીડિતો માટે સોગંદનામાં પણ કરવામાં આવ્યાં તેઓશ્રી સાચા અર્થમાં સેક્યુલર હતા અને બંધારણીય આદર્શોને દિલથી ચાહતા હતા.

## સુપ્રીમકોર્ટમાં કામગીરી

ઇકબાલ ચાગલા સુપ્રીમકોર્ટમાં પણ ખૂબ સક્રિય વકીલાત કરતા હતા. તેઓ સિવિલ-લૉ મૅટર્સ અને કંપની લૉ મેટર્સમાં નિષ્ણાત હતા અને ટોચના થોડાં વકીલોમાં તેમની ગણના થતી હતી. તેમને સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ થવાનું કહેણ મળ્યું. તેમના મિત્રોએ તે સ્વીકારવા જણાવ્યું અને કહ્યું કે તે ચીફ જસ્ટિસ ઑફ ઇન્ડિયા તરીકે નિવૃત્ત થશે. તે એક મોટું સન્માન છે, પરંતુ ખૂબ જ નમ્રતા સાથે તેમણે આ ઑફરનો પણ ઇન્કાર કર્યો અને તેમણે વકીલાત કરવાનું પસંદ કર્યું. તેમણે જણાવ્યું કે મને ચીફ જસ્ટિસ થવાનો અવસર મળે તો પણ મારા માટે પોણા બે વર્ષ માટે તે પદ પર કામ કરવાનું રહે. પછી નિવૃત્ત થવું પડે. તેમણે જણાવ્યું કે મારે ન્યાયતંત્રમાં સુધારા કે યોગ્ય પ્રદાન કરવું હોય તો પોણા બે વર્ષનો ચીફ જસ્ટિસ તરીકેનો ગાળો પૂરતો સમય નથી. તેઓ ન્યાયાધીશ ન બન્યા પરંતુ વકીલ તરીકે તેમની ન્યાયતંત્રની સેવા અમીટ છાપ મૂકનારી બની ગઈ છે. તેઓ ખૂબ પ્રામાણિકતાથી પોતાનું કાર્ય કરતા અને ન્યાયતંત્રમાં અપ્રામાણિકતા જોઈ વ્યથિત થતા. તે કહેતા 'Corruption in judiciary is disheartening.'

## સમાપન

ઇકબાલ ચાગલાનું તેમનાં પત્ની રોશન સાથે સુખી લગ્નજીવન હતું. તેમનો પુત્ર રિયાઝ ચાગલા વકીલાતમાં સફળતા મેળવી 2017થી બૉમ્બે હાઈકોર્ટના ન્યાયમૂર્તિ તરીકે સેવાઓ આપી રહેલ છે. તેમની પુત્રી રોહીકાનું લગ્ન જાણીતા ઉદ્યોગપતિ સાયરસ મિસ્ત્રી સાથે થયું હતું, પરંતુ સાયરસ મિસ્ત્રી અવસાન પામતાં રોહીકા વિધવા જીવન ગાળી રહ્યાં છે.

ઇકબાલ ચાગલાનું અવસાન થતાં ભારતે એક કુશળ, પ્રામાણિક અને બાહોશ ઍડવોકેટ ગુમાવ્યો છે.

**શરદભાઈ પી. શાહ**
એડવોકેટ
5-6, અણમોલ વિલા-2,
સેંટ ઝેવિયર્સ સ્કૂલ પાસે, રામોસણા રોડ,
મહેસાણા-384002. મો. 9429736365

---

*અનુસંધાન પૃષ્ઠ 40નું ચાલુ*

– *Harry Potter and the Prisoner of Azkaban.* London: Bloomsbury, 2014.
– *Harry Potter and the Goblet of Fire.* London: Bloomsbury, 2014.
– *Harry Potter and the Order of the Phoenix.* London: Bloomsbury, 2014.
– *Harry Potter and the Half Blood Prince.* London: Bloomsbury, 2014.
– *Harry Potter and the Deathly Hallows.* London: Bloomsbury, 2014.
Shelley, Percy Bysshe. *Prometheus Unbound.* New Delhi: Lulu, 2007.
Thoreau, Henry David. *Walden; Or, Life in the Woods.* New Delhi: Martino Fine Books, 2016.
Tolstoy, Leo. *Anna Karenina.* London: Penguin, 2003.
Woolf, Virginia. *To the Lighthouse.* New Delhi: Fingerprint, 2016.
– *Mrs. Dalloway.* New Delhi: Maple Press, 2018.
– *Selected Short Stories.* New Delhi: Penguin Classics, 2019.
– *Orlando.* New Delhi: Atlantic Publishers, 2022.
– *A Rooms of One's Own.* New Delhi: Penguin Classics, 2024.
– *The Waves.* New Delhi: Rupa Publications, 2024.

**ડૉ. મનીષ વ્યાસ**
એલ.ડી. આર. પી. એન્જિનિયરિંગ કૉલેજ
સેક્ટર-15, ગાંધીનગર.
9428047463

# સૉક્રેટિસ ઉવાચ

પ્રવીણ જ. પટેલ

## અવિચારી દેશભક્તિ વિ. સમજદારી :
## ભારતીય દેશભક્ત અને સૉક્રેટિસ વચ્ચેનો એક કાલ્પનિક સંવાદ

(પ્રાચીન ગ્રીસમાં થઈ ગયેલ સૉક્રેટિસ (ઈ. પૂ. 470–399)નો એક મહત્ત્વનો વારસો તેની સંવાદ પદ્ધતિ છે. તે આજના જટિલ વિશ્વમાં પણ સુસંગત છે. તેમનો અભિગમ પ્રશ્નોત્તરીના માધ્યમથી, સત્યની શોધ માટે, આત્મ-પરીક્ષણ, વિવેચનાત્મક વિચારસરણી અને નૈતિક જાંચ-પડતાલને ઉત્તેજન આપે છે. સીધા જવાબો આપવાને બદલે, સૉક્રેટિક પદ્ધતિ પૂછપરછ-આધારિત અભિગમને પ્રોત્સાહન આપે છે, જે લોકોને સતત પ્રશ્નોત્તરી અને સ્વ-પરીક્ષા દ્વારા સત્ય શોધવા માટે પ્રોત્સાહિત કરે છે. પ્રવચનોથી વિપરીત, સૉક્રેટિક સંવાદો લોકોના વિચારોમાં દેખાતા વિરોધાભાસને ઉજાગર કરે છે અને લોકોને તેમની માન્યતાઓ અને ધારણાઓ પર સવાલ કરવા, તેમની સમજણને સુધારવા અને વધુ તર્કબદ્ધ પરિપ્રેક્ષ્ય અપનાવવા પ્રેરિત કરે છે. આજના માહિતીના ફુગાવાવાળા અને ખોટી માહિતીને ઝડપથી ફેલાવતા જમાનામાં આ પદ્ધતિ અમૂલ્ય છે. કારણ કે, તે ખુલ્લા મનથી જુદા-જુદા વિચારોની ઊંડી વિચારણા કરવા પ્રેરે છે.

સૉક્રેટિક સંવાદો, વિવેચનાત્મક વિચારસરણી ઉપરાંત બૌદ્ધિક નમ્રતાને પ્રોત્સાહિત કરતા શક્તિશાળી ઉપાય તરીકે પણ અત્યંત મૂલ્યવાન ગણાય છે. આવી સંવાદાત્મક પ્રક્રિયા વિશ્લેષણાત્મક કૌશલ્યને તીક્ષ્ણ બનાવે છે અને માનવજ્ઞાન અને નીતિશાસ્ત્રની જટિલતાઓ પ્રતિ જાગૃતિ આણે છે. સૉક્રેટિક સંવાદોમાં સામેલ થનારાઓને નિખાલસતાથી સ્વતંત્ર રીતે વિચારવાની અને તાર્કિક રીતે સંવાદ કરવાની તાલીમ મળે છે. કોઈ પણ સમાજમાં વિચારશીલ અને જાણકાર નાગરિકોના વિકાસ માટે આવા ગુણો જરૂરી છે. આથી સામાજિક એકતા મજબૂત બને છે અને ન્યાયી સમાજના સર્જન માટે અનુકૂળતા ઊભી થાય છે. આથી જ વિશ્વની શ્રેષ્ઠ ગણાતી યુનિવર્સિટીઓમાં મહદંશે આ પદ્ધતિ દ્વારા શિક્ષણ અપાય છે.

અહીં, સૉક્રેટિસ અને એક સ્વર્ગસ્થ ભારતીય દેશભક્ત વચ્ચે સ્વર્ગમાં થયેલ એક કાલ્પનિક સંવાદ રજૂ કરવામાં આવ્યો છે. સ્વર્ગના શાંત પ્રાંગણમાં, સૉક્રેટિસ એક પ્રખર ભારતીય દેશભક્તને મળે છે. દેશભક્ત ભારતની પ્રાચીન સંસ્કૃતિની પ્રશંસા કરે છે અને પોતાની દેશભક્તિનું નિરૂપણ કરે છે. સૉક્રેટિસ તેને પૂછે છે કે : શું સાચી દેશભક્તિનો અર્થ એ નથી કે પોતાના દેશની પ્રાચીન પરંપરાઓ બદલાયેલ સંજોગોમાં પણ પ્રસ્તુત છે, ન્યાયી છે અને સારી છે તેની ખાતરી કરવી ? અને તે માટે આલોચનાત્મક અભિગમ અપનાવવો જરૂરી નથી ? દેશભક્ત ભારતની એકતા અને સાંસ્કૃતિક જાળવણીનો બચાવ કરે છે અને બતાવે છે કે પોતાના દેશની એકતા માટે એક જ સંસ્કૃતિ હોવી તે હિતાવહ છે. તે માને છે કે પોતાના દેશની પરંપરાગત સંસ્કૃતિની વિવેચના કરવી કે તેથી ભિન્ન વિચારો વ્યક્ત કરવા એ દેશની એકતા માટે જોખમકારક છે. સૉક્રેટિસ દલીલ કરે છે કે આલોચનાત્મક અભિગમ કે વિચાર

વૈવિધ્ય દેશની એકતાને મજબૂત બનાવે છે. અને દેશભક્ત સ્વીકારે છે કે અવિચારી અભિગમ કરતાં પોતાના દેશ પ્રત્યે સતત વિવેચનાત્મક દૃષ્ટિકોણ અપનાવવો એ જ સાચી દેશભક્તિ છે. આમ, આ સંવાદમાં, તાર્કિક વિચાર-વિમર્શના ઉત્સાહી દેશભક્તની સમજ વિકસતી જોવા મળે છે. તે વધુ શાણપણયુક્ત બને છે.)

પાર્શ્વ ભૂમિ : સ્વર્ગના નીરવ વાતાવરણમાં પ્રખ્યાત ગ્રીક ફિલસૂફ સૉક્રેટિસ એક શાંત ઝરણા આગળ વિચારમગ્ન અવસ્થામાં બેઠા છે. ત્યાં એક દેશપ્રેમ અને ઉત્સાહથી ભરપૂર ભારતીય દેશભક્ત તેની નજીક આવે છે.

**ભારતીય દેશભક્ત** (ગૌરવ અને જુસ્સા સાથે) : ઓહ, સૉક્રેટિસ! ઍથેન્સના પ્રખ્યાત ફિલસૂફ. મેં તમારી શાણપણની ઘણી વાતો સાંભળી છે. હું ભારત માતાનો સપૂત છું. તમે તો જાણો જ છો કે ભારત એક અદ્‌ભુત દેશ છે. તે એક એવી પ્રાચીન અને ભવ્ય સંસ્કૃતિથી સમૃદ્ધ ભૂમિ છે, જ્યાં અનેક દેવતાઓએ અવતાર લીધો છે અને અસંખ્ય યોદ્ધાઓએ માતૃભૂમિ માટે તેમના પ્રાણની આહુતિ આપી છે.

**સૉક્રેટિસ** (ઉપર જોઈને, માયાળુ સ્મિત કરતા) : આવો, આવો, મારા મિત્ર! તમારો જુસ્સો અદભુત છે. હા, મેં તમારા ભારત દેશ વિશે ઘણું સાંભળ્યું છે, પરંતુ તમારી દૃષ્ટિએ 'મહાનતા' એટલે શું? શું ભારત તેની પ્રાચીન પરંપરાઓને કારણે મહાન છે કે તેના યોદ્ધાઓની બહાદુરીને કારણે? કે ભારતમાં તેથીયે કંઈક વિશેષ છે જે તેને મહાન બનાવે છે?

**દેશભક્ત** (ખચકાટ વિના) : બધેબધું, સૉક્રેટિસ! ભારતની પ્રાચીન સંસ્કૃતિનું શાણપણ, અમારા ચાર વેદ, અમારે ત્યાં થઈ ગયેલ શક્તિશાળી રાજાઓ અને નિઃસ્વાર્થ યોદ્ધાઓ એ બધું જ ભારતની ભૂમિને મહાન બનાવે છે. અમે અનેક વિદેશી આક્રમણકારોનો પ્રતિકાર કર્યો છે, અમારી પવિત્ર પરંપરાઓનું રક્ષણ કર્યું છે અને જેઓ અમને વિભાજિત કરવા ઇચ્છતા હતા તેમની સામે અમે સદીઓથી અમારી એકતા અડીખમ જાળવી રાખી છે.

**સૉક્રેટિસ** (વિચારપૂર્વક) : ઓહ, તમે એકતાની વાત કરો છો, પરંતુ આ એકતાનું મૂળ શું છે? શું તે શસ્ત્રબળ છે? દુશ્મનોનો ડર છે, કે તેથી પણ કંઈક વિશેષ છે?

**દેશભક્ત** (ગર્વથી) : તે માતૃભૂમિ માટેનો પ્રેમ છે! ભારતમાતા, અમારી માતા! તે અમારી ઓળખ, અમારું ગૌરવ અને અમારા જીવનનો ઉદ્દેશ્ય છે. અમે તેને ભરપૂર પ્રેમ કરીએ છીએ અને તેના માટે અમારું સર્વસ્વ બલિદાન કરવા તત્પર રહીએ છીએ. અમારો પ્રાણ પણ, કોઈ પણ ખચકાટ વિના.

**સૉક્રેટિસ** (હકારમાં) : તમારી વાત સાચી છે. પોતાની માતૃભૂમિ અને પોતાના બાંધવો માટેનો પ્રેમ એ દેશવાસીઓ માટે એક પ્રબળ બંધન હોય છે. અમે ગ્રીક લોકો પણ અમારી માતૃભૂમિને અનહદ પ્રેમ કરતા હતા. તેથી હું તમારો દેશપ્રેમ સમજી શકું છું, પણ મને કહો, ઘણાંબધાં ધર્મો અને સંસ્કૃતિઓ ધરાવતા તમારા દેશમાં એકતાનો અર્થ શું છે?

**દેશભક્ત:** સાચી એકતા માટે અમારા બધા દેશવાસીઓએ સમાન માન્યતાઓ અને મૂલ્યો રાખવાની જરૂર છે. વધુપડતી વિવિધતા આપણને નબળા પાડે છે. જો આપણે ખરેખર એક થવું હોય તો આપણે બધાએ એક આસ્થા અને એક સંસ્કૃતિનું પાલન કરવું જોઈએ.

**સૉક્રેટિસ:** તમે કહો છો કે એક જ પ્રકારની વિચારસરણીથી દેશ શક્તિશાળી બને છે. પણ મને કહેશો, જો લોકો સમજણને બદલે ડરને કારણે એકરૂપ બને તો શું તેને ખરેખર શક્તિ કહી શકાય?

**દેશભક્ત :** ડરથી કે સમજણથી યેન કેન પ્રકારેણ એકતા હોવી જરૂરી છે. એકતા માંગે છે સમાનતા. દરેક વ્યક્તિ સમાન માર્ગે

ચાલે, પસંદગીની વધુ પડતી સ્વતંત્રતા સમાજની સંવાદિતાને ડહોળી નાખે છે. એક રાષ્ટ્ર એક કુટુંબ જેવું હોવું જોઈએ, જેમાં દરેક વ્યક્તિ સમાન નિયમોનું પાલન કરે.

**સૉક્રેટિસ**: શું કોઈ પણ કુટુંબમાં, વિવિધ સભ્યો જુદાં-જુદાં મંતવ્યો નથી ધરાવતા ? જો દરેક વ્યક્તિ એકસરખું વિચારે, તો શું તેને સાચી સમજદારી કહી શકાય ?

**દેશભક્ત** : જો દરેક વ્યક્તિ સમાન મૂલ્યોનો આદર કરે તો સમજણ અપ્રસ્તુત છે. મતભેદો માત્ર વિભાજન પેદા કરે છે.

**સૉક્રેટિસ** : તો, તમારી દૃષ્ટિએ, અન્ય માન્યતાઓને સહન કરવું એ સદ્‌ગુણને બદલે જોખમ છે ?

**દેશભક્ત**: બરાબર. સહિષ્ણુતા સિદ્ધાંતમાં ઉમદા લાગે છે, પરંતુ તે સમાજના ફેબ્રિકને નબળી પાડે છે. જ્યારે તમે બધી માન્યતાઓને સહન કરો છો, ત્યારે તમે નબળા પડો છો. આપણા સમાજને મજબૂત રાખવા માટે આપણે એક જ પ્રકારનાં મૂલ્યો અને એક જ પ્રકારની જીવનશૈલીનો આગ્રહ રાખવો જોઈએ.

**સૉક્રેટિસ** : પણ શું એકરૂપતાનો આગ્રહ રાખવાથી રોષ પેદા થતો નથી ? કદાચ કોઈ વ્યક્તિ તમારી માન્યતાઓને અનુકૂળ હોવાનો દેખાડો કરે, પણ અંદરથી ગૂંગળામણ અને નારાજગી અનુભવે તો શું તે જોખમરૂપ ન બની શકે ?

**દેશભક્ત**: તે હોઈ શકે છે, પરંતુ દેશની એકતા માટે આપણે કોઈ કિંમત તો ચૂકવવી જોઈએ. એકતા મફતમાં નથી આવતી, તેની કિંમત હોય છે. દેશની એકતા માટે લોકોએ પોતાના વ્યક્તિગત મત જતા કરવા જોઈએ. એક મજબૂત રાષ્ટ્રને તેના નાગરિકો પાસેથી બલિદાનની જરૂર હોય છે.

**સૉક્રેટિસ** : પરંતુ, તમારા જેવા વૈવિધ્યસભર દેશમાં કઈ એક વિચારસરણી એકતા લાવી શકે ?

**દેશભક્ત** : અમારી સદીઓથી ચાલી આવતી પ્રાચીન સનાતન સંસ્કૃતિ, અમારી પરંપરાઓ, ઉદાર અને સર્વસમાવેશી છે. તે અમારા દેશમાં નિઃસંદેહ એકતા લાવવા સક્ષમ છે.

**સૉક્રેટિસ** : પરંતુ, તમે માનો છે કે સાચો દેશભક્ત ક્યારેય પોતાની સંસ્કૃતિ કે પરંપરાઓ અંગે ક્યારેય સંદેહ કરતો નથી ? શું તમને નથી લાગતું કે, જેમના પ્રતિ તમને સાચો પ્રેમ હોય, જેમ કે, તમારાં માતા-પિતા કે તમારાં બાળકો, તેમના વિશે, તેમના ભલા માટે, તેઓ સચ્ચાઈ અને ન્યાયના માર્ગથી ચલિત ન થાય તે માટે પ્રસંગોપાત્ત ચાંપતી તજર રાખવી જરૂરી હોય છે ?

**દેશભક્ત** (જુસ્સાપૂર્વક) : જેની મહાનતા વિશે લવલેશ પણ શંકા ન હોય તેની પર સંદેહ શા માટે કરવો જોઈએ ? ભારતની પરંપરાઓ પવિત્ર છે, સ્વયં દેવતાઓ દ્વારા જ તે અમને પ્રાપ્ત થઈ છે. જેમ કે, અમારો સનાતન ધર્મ, અમારી વર્ણ વ્યવસ્થા, અમારી જ્ઞાતિ વ્યવસ્થા, તેના પર સવાલ ઉઠાવવાથી અમારી સંસ્કૃતિ નબળી પડી જાય. અને જેઓ અમને નિષ્ફળ કરવા માગે છે તેવા લોકોને મોકળો રસ્તો મળી જાય.

**સૉક્રેટિસ** (ભમર ઊંચી કરીને) : ઓહ, તો તમે માનો છો કે તમારી મહાન સંસ્કૃતિ જોખમમાં મૂકાઈ શકે છે, પણ મિત્ર, તમે મને કહો, તમે કેવી રીતે ખાતરીપૂર્વક કહી શકો કે જે પરાપૂર્વથી ચાલતું આવ્યું છે તે બધુ જ સાચું કે ડહાપણ ભરેલું છે અને માની લો કે, જે-તે સમયે જે ખરેખર સાચું મનાતું આવ્યું હોય, તે બદલાયેલ સંજોગોમાં તેટલું જ અનુરૂપ કે પ્રસ્તુત રહી શકે છે ? શું તેનું વગર વિચારે કરેલું પાલન ડહાપણ ભર્યું કહેવાય ? જો કોઈ પણ પરંપરાની યથા યોગ્યતાની કદી પણ ચકાસણી કરવામાં ન આવે તો શું તે યાવદચંદ્ર દીવા કરો પ્રસ્તુત કે હિતકારી રહી શકે ?

**દેશભક્ત** (ગુસ્સાથી) : તમે ફિલૉસૉફરો! હંમેશાં શંકા કરો છો, હંમેશાં ઊહાપોહ કરો છો! અમારી ગીતામાં લખ્યું છે કે સંશયાત્મા વિનશ્યતિ. કોઈ પણ રાષ્ટ્રની તાકાત તેના લોકોની પોતાના રાષ્ટ્ર પ્રત્યેની શ્રદ્ધા અને સમર્પિતતામાં રહેલી હોય છે, નહીં કે અર્થવિહીન અને અનંત વાદ-વિવાદમાં. જ્યારે આપણે અંદરોઅંદર ઝઘડીએ છીએ, ત્યારે દુશ્મનો તેનો ફાયદો ઊઠાવે છે. તેઓ આપણને તોડવા માટે તૈયાર જ હોય છે. તેથી સૌએ આવા વાદવિવાદથી દૂર રહેવું જોઈએ.

**સૉક્રેટિસ** (શાંતિથી) : છતાં, મારા મિત્ર, જો આપણું ઘર ગમે તેટલું મજબૂત હોય તો પણ શું તે કોઈ પણ તોફાનમાં ટકી રહેશે કે નહીં તે માટે આપણે તેના માળખાનું નિયમિત નિરીક્ષણ કરવું જોઈએ નહીં? તે જ રીતે, જો રાષ્ટ્રના લોકો પોતાનો વ્યવહાર ખરેખર ન્યાયી, કાનૂન સંમત, અને વાજબી છે કે નહીં તે પોતાને ન પૂછે તો કોઈ પણ રાષ્ટ્ર મજબૂત રહી શકે?

**દેશભક્ત** (રક્ષણાત્મક રીતે) : ન્યાય? ન્યાય આપણા લોકોનું રક્ષણ કરવાથી અને આપણી જીવનશૈલીના અસ્તિત્વને સુનિશ્ચિત કરવાથી મળે છે. જો ન્યાય વિભાજન તરફ દોરી જાય અથવા આપણો સંકલ્પ નબળો પાડે તો તે શું આપણું ભલું કરશે?

**સૉક્રેટિસ** (વિચાર કરીને): તમે તમારા લોકોના રક્ષણની વાત કરો છો, તમારી અસ્મિતાને જાળવી રાખવાની વાત કરો છે. હું માનું છું કે પોતાના લોકોનું રક્ષણ કરવું કે પોતાની અસ્મિતા જાળવી રાખવી સૌ કોઈની ફરજ છે અને મને લાગે છે કે તમે તમારી આઝાદીની લડાઈ આ માટે જ લડ્યા હતા, પરંતુ જો તમે જેને તમારા માનતા હો તેમાંથી કોઈ લોકો અન્યાયી હોય તો શું તમે તેમના વર્તનને ખરેખર વખાણવા યોગ્ય ગણશો? શું આપણે એ પૂછવું જોઈએ નહીં કે એકતાના નામે આપણા લોકોએ કરેલાં બધાં જ કૃત્યો ખરેખર પ્રશંસનીય હોય છે? કે પછી, આવા લોકો માત્ર આપણી સંસ્કૃતિને બહાને આપણી સત્તા જાળવી રાખવા વાસ્તે મદદરૂપ છે માટે આપણે તેમને સારા ગણીએ છીએ, આપણા ગણીને તેમનો બચાવ કરીએ છીએ?

**દેશભક્ત** (આંખો સાંકડી કરીને) : થોભો, શું તમે એમ સૂચવો છો કે અમારો આઝાદીનો સંઘર્ષ અન્યાયી હતો?

**સૉક્રેટિસ** (નમ્રતાથી) : ના, હું એમ નથી કહેતો, પરંતુ હું પૂછું છું : તમે તમારી આઝાદીની લડાઈ શા માટે લડ્યા હતા? શું તે ફક્ત વિદેશી શાસકોથી સ્વતંત્ર થવાની લડાઈ હતી? કે પછી, અન્યાય અને શોષણ સામેની લડાઈ હતી? વધુ શિષ્ટ, ન્યાયી, અને સુસંસ્કૃત જીવન જીવી શકાય તેવી આઝાદી માટેની લડાઈ હતી?

**દેશભક્ત** (નરમ, પરંતુ મક્કમ) : અમે અમારી માતૃભૂમિ અને અમારા લોકોને વિદેશી શાસનથી મુક્ત કરવા માટે લડ્યા હતા. અંગ્રેજોએ અમારી સંપત્તિ અને અમારી પ્રતિષ્ઠા છીનવી લીધી હતી. તેથી અમારે લડવું પડ્યું હતું. શું તે ન્યાય માટેની લડાઈ નહોતી?

**સૉક્રેટિસ** (માથું હલાવતા) : જુલમથી મુક્ત થવાની ઇચ્છા ન્યાયી છે, પરંતુ જુલમી શાસકો ચાલ્યા ગયા પછી શું? શું તેથી દેશભક્તની ફરજ પૂરી થાય છે? શું સાચા દેશભક્તે નવા શાસકોનું શાસન પણ ન્યાયી હોય તે સુનિશ્ચિત કરવાનું ચાલુ રાખવું ન જોઈએ?

**દેશભક્ત** (વિચારીને) હા, તમારી વાત સોએ સો ટકા સાચી છે. અમે અન્યાયી શાસકોને દૂર કરવા, તેમનાથી મુક્ત થવા, અમે અમારી આઝાદીની લડાઈ લડ્યા હતા, પરંતુ કમનસીબે, આઝાદી પછી પણ, કેટલાક પડકારો ચાલુ રહ્યા છે. કેટલાક દેશદ્રોહી લોકો અમારા દેશની એકતા પર સવાલ ઉઠાવતા રહે છે, તેઓ અમને વિભાજિત કરવા માંગે છે.

**સૉક્રેટિસ** (હળવાશથી) : તમે કેવી રીતે નક્કી કર્યું કે કોણ દેશદ્રોહી છે ? શું તે એવા લોકો છે જેઓ ભારતની એક રાષ્ટ્ર તરીકેની તમારી કલ્પના સાથે અસંમત છે, અથવા તેઓ રાષ્ટ્ર નિર્માણ અંગે તમારાથી અલગ વિચારો ધરાવે છે અને જુદા માર્ગે ચાલવા માગે છે ?

**દેશભક્ત** (ચિંતિત થઈને) : સૉક્રેટિસ, કેટલાક વિચારો ખતરનાક હોય છે ! બિનસાંપ્રદાયિકતા, સમાજવાદ, સમાનતા, સામાજિક ન્યાય જેવા કેટલાક વિચારો અમારી સદીઓથી ચાલતી આવતી પરંપરાઓથી વિરુદ્ધ છે. તે અમારી એકતાને નબળી પાડે છે. અમને દુર્બળ બનાવે છે. એક સંસ્કૃતિ, એક વિચારધારા અને એક દૃષ્ટિકોણ ધરાવતા લોકો જ એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

**સૉક્રેટિસ** (વિચારપૂર્વક) : હૈં, એક દૃષ્ટિકોણ, એક સંસ્કૃતિ... પરંતુ શું એક રાષ્ટ્ર વિવિધ વિચારો સાથે મજબૂત ન બની શકે ? શું વિવિધ ફૂલોવાળો બગીચો માત્ર એક જ જાતનાં ફૂલોવાળા બગીચા કરતાં વધુ સુંદર નથી હોતો ? શું કુદરત પણ વિવિધતાને ઉત્તેજન નથી આપતી ?

**દેશભક્ત** (ખચકાતાં) : સૉક્રેટિસ, વિચારોની વિવિધતા સિદ્ધાંતમાં સારી લાગે છે, પરંતુ વાસ્તવમાં તે વિભાજન અને સંઘર્ષ તરફ દોરી જાય છે. ભારત એક મજબૂત દેશ હોવો જોઈએ. જો અમે હંમેશાં વાદવિવાદ કરતા રહીએ તો અમે એક રાષ્ટ્ર તરીકે કેવી રીતે મજબૂત બની શકીએ ?

**સૉક્રેટિસ** (હસતાં) : મારા મિત્ર, શક્તિ ખામોશીમાં નથી, વિવિધતાને દબાવી દેવામાં નથી. સાચી તાકાત તો ડર્યા વિના વિચાર-વિમર્શ કરવાની અનુમતિ આપે છે. એક મજબૂત રાષ્ટ્ર અસંમતિને સહન કરી શકે છે. કારણ કે, તે જાણે છે કે સચ્ચાઈ જાંચપડતાલ કે છાનબીનનો સામનો કરી શકે છે.

**દેશભક્ત** (નિસાસો નાખતાં) : થોભો, કદાચ તમે સાચા છો, પરંતુ જેઓ પોતાના ફાયદા માટે રાષ્ટ્રને નુકસાન પહોંચાડવા માંગે છે તેનું શું ?

**સૉક્રેટિસ** (વિચારપૂર્વક) : જેઓ રાષ્ટ્રને નુકસાન કરવા માગે છે તેમનો સામનો તો કરવો જ જોઈએ, પરંતુ શું આપણે ક્યારેક સત્ય શોધકો અને નુકસાન પહોંચાડનારાઓ વચ્ચે ગોટાળો નથી કરતા ? ક્યારેક જુસ્સામાં આવીને શું આપણે એવા લોકોને દબાવી નથી દેતા જેઓ કદાચ આપણને વધુ શાણા અને સમજદાર બનાવવાનો પ્રયાસ કરતા હોય છે ?

**દેશભક્ત** (ધીમેથી) : સૉક્રેટિસ, મેં મારું જીવન ભારતના ગૌરવ માટે લડવામાં વિતાવ્યું હતું, પણ હવે મને લાગે છે કે શું હું પ્રશ્ન ઉઠાવનારાઓને ચૂપ કરવામાં ખોટું કરતો હતો ? શું હું ન્યાય અને વધુ સારા ભારતની તેમની શોધને સમજી શક્યો નહોતો ? શું દેશભક્તિમાં હું આંધળો થઈ ગયો હતો ?

**સૉક્રેટિસ** (માથું હલાવતાં) : સરસ. આવા પ્રશ્નો ઊભા થવા એ શાણપણની નિશાની છે. આપણા જીવનની અને આપણાં કૃત્યોની તટસ્થતાથી તપાસ કરવી એ પણ એક પ્રકારની દેશભક્તિ છે, તે પણ જરૂરી છે. વિચારશીલતા, એ તમે તમારા દેશને આપેલી તમારી સૌથી મોટી ભેટ છે. તે તમારો સાચો રાષ્ટ્રપ્રેમ બતાવે છે, નહીં કે આંધળી ભક્તિ કે અવિચારી આજ્ઞાપાલન.

આ વાર્તાલાપ પછી બંને વિદ્વાનો હસતાં-હસતાં સ્વર્ગની કેન્ટીનમાં ચા પીવા જાય છે.

**પ્રવીણ જ. પટેલ**
1001, પવનવીર, પ્રતાપગંજ, વડોદરા-39002
મો. 9879763083
e-mail : pravin1943@gmail.com

વિશ્વ-સાહિત્યની અટારીએથી

# વેદના અને સાહિત્ય (ભાગ – ૧)

**મનીષ વ્યાસ**

પ્રસ્તુત લેખનું પેટા-શીર્ષક આમ જોવા જઈએ તો ઘોષણાત્મક કે નિવેદનાત્મક (declarative) લાગે તેવું છે; પરંતુ આ લેખનો ઉદ્દેશ્ય વેદના, દર્દ, યાતનાઓ, પીડા કે વિપદા જ સાહિત્યની જનની છે તેવું સાબિત કરવાનો નથી. જરા થોડા વધુ આગળ જઈએ તો એક સવાલ મને હંમેશાં થતો આવ્યો છે કે લેખકોની રચના પાછળનું જનકબળ કયું હોઈ શકે? (જોકે આ સવાલનો ઉત્તર લગભગ 2400 વર્ષ પહેલાં ગ્રીક તત્ત્વ-ચિંતક પ્લેટોએ The Republic માં આપી દીધો હતો—કવિઓ માટે પ્લેટોના આદર્શ સમાજ-વ્યવસ્થામાં કોઈ સ્થાન નથી કારણ કે, "તેઓ કોઈ ગહન વિચારોથી પ્રભાવિત થઈને નથી લખતા; અપિતુ લાગણીઓના ઉન્માદ અને આવેગને વશ થઈને કાવ્યરચના કરે છે જે સમાજ માટે હાનિ-કારક છે"). સાહિત્યની રચના પાછળના પ્રેરકબળો અગણિત હોય શકે છે. જેમાં સામાજિક, આર્થિક અને રાજકીય કારણો મુખ્ય છે, પરંતુ આ સાથે સાથે વ્યક્તિગત સંવેદનાઓ જેવાં કે પ્રેમ, આક્રોશ, ઘૃણા કે આની સાથે સંકળાયેલી અન્ય કોઈ માનસિક અવસ્થાઓ પણ મોટો ભાગ ભજવતી હોય છે. આ બધામાં દર્દનો સાહિત્ય અને સાહિત્યકારો સાથે શો સંબંધ હોઈ શકે છે તેનું ખેડાણ કરવું એ આ લેખનો મુખ્ય વિષય છે. વેદના સાહિત્ય સાથે સદીઓથી ગાઢ રીતે સંકળાયેલું છે. સામાજિક, આર્થિક અને રાજકીય પરિબળો તો વધતા-ઓછા અંશે બાહ્યકારણો છે; પરંતુ વેદના કે દર્દ હંમેશાં વૈયક્તિક હોય છે. પ્રેમી કે પ્રેમિકાથી હંમેશને માટે છુટા પડવાની વેદના, બાલ્યાવસ્થામાં માતા-પિતા કે ભાઈ-બહેનનો વિયોગ, સમાજની રૂઢિઓને કારણે ઉપેક્ષિત થવાની વેદના, યુદ્ધથી ઊભી થયેલી વિષમ પરિસ્થિતિઓને સહન કરવાની વેદના, પોતાની શારીરિક ખામીઓના લીધે મજાકને પાત્ર બનવાની વેદના, અગણિત પ્રકાશકો તરફથી હડધૂત થવાની વેદના—આમ આવાં કેટકેટલાંયે પરિબળો લેખકને પોતાના દર્દ કે વેદનાને વાચા આપવા માટે પ્રેરતા હોય છે અથવા તો ફરજ પાડે છે. આ બધી નાનાવિધ વેદના માત્ર લેખકને જ સતાવતી હોય છે તેવું પણ નથી. આ પીડાથી તો હર કોઈ સામાન્ય માનવી પોતાના જીવનકાળ દરમિયાન અનેકો વખત ગુજરતો હોય છે. તો પછી લેખક અન્યોથી ભિન્ન કેવી રીતે અને કેમ પડે છે? કદાચ પોતાનાં લખાણો થકી લેખક આ વેદનાને મૂર્તિમંત બનાવવાનો પ્રયત્ન કરે છે, જેથી લેખક અને વેદના વચ્ચે એક વાસ્તવિક મુલાકાત (encounter) શક્ય બને. સાહિત્ય થકી વેદનાનું સમાધાન એ લેખક માટે મૂળમંત્ર બની જાય છે. જે લોકો પોતાના આવેગો, યાતનાઓ અને પીડાને કાગળ ઉપર ઉતારી શકતાં નથી તેમના માટે લેખક એક દાક્તરની ગરજ પૂરી પાડતો હોય છે તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી લાગતી.

બ્રિટિશ લેખિકા વર્જિનિયા વુલ્ફ (Virginia Woolf: 1882-1941) લખે છે કે વેદના થકી જન્મતા શબ્દો રહસ્યવાદી ગૂઢ વાસ્તવિકતા ધારણ કરે છે, તો તુર્કિશ નવલકથાકાર અને નોબેલ પુરસ્કાર વિજેતા ઑર્હન પામુક (Orhan Pamuk: 1952-)ના શબ્દોમાં જોઈએ તો : "લેખક બનવાનો અર્થ એ છે કે આપણે આપણી અંદર વહન કરેલા ગુપ્ત ઘા ને સ્વીકારવા. આ ઘા એટલા ગુપ્ત છે કે આપણે પોતે જ તેનાથી ભાગ્યે જ પરિચિત હોઈએ છીએ, માટે તેનું ધીરજપૂર્વક અન્વેષણ કરવું, તેમને જાણવા, તેમને પ્રકાશિત કરવા અને તેને આપણી ભાવનાઓ અને આપણા લેખનનો સભાન ભાગ બનાવવો જોઈએ." અમેરિકન લેખક અને નાગરિક હક્કો અને અધિકારોના હિમાયતી જૅમ્સ બૉલ્ડવિન (James Baldwin, 1924-1987) તો વળી એક ડગલું આગળ ચાલીને કહે છે કે જે લોકો યાતનાથી ગુજરતા નથી તેઓ ક્યારેય વિકાસ પામી શકતા નથી; તેઓ પોતાની જાતથી જ અજાણ્યા રહી

જાય છે." આમ, સૃજન કરવા માટે લેખક એક યા અન્ય વેદનામાંથી પસાર થતો જ હોય છે; કારણ કે, આ વેદના પોતે જ પ્રેરણા છે. આ વેદના લેખકના વિષયને પરિવર્તનશીલ અનુભવમાંથી પસાર થવાની સ્પષ્ટતા આપે છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ અબ્રાહમ લિંકન (Abraham Lincoln: 1809-1865) 'Letter to My Son's Teacher' (1830) કવિતામાં લખે છે, 'Only the test of fire makes the fine steel.' હવે પ્રશ્ન એ થાય કે જો દર્દ સાહિત્યની રચના માટેનું મુખ્ય પ્રેરકબળ હોય તો શું આ રચનાઓ પણ ગમગીન કે હતાશા જન્માવે તેવી જ હોવાની? આના જવાબમાં અંગ્રેજ કવિ શેલી (P. B. Shelly: 1792: 1822) 'To A Skylark' (1820) કવિતામાં કહે છે: 'Our sweetest songs are those that tell of the saddest thoughts.' જીવનની ઉદાસીન ઘટનાઓ આપણા મન ઉપર હકારાત્મક પ્રતિબિંબ પાડી શકે છે અને આથી જ દર્દ થકી જન્મતી સાહિત્યની રચનાઓએ ક્યારેય માનવ સમુદાયને પીડા પહોંચાડવાનું કાર્ય કર્યું નથી. અપિતુ આ રચનાઓએ તો વાચકોને જીવન જીવવાની નવીનતમ દિશાઓ અને પ્રેરણા જ આપી છે. બીજા વિશ્વ-યુદ્ધમાં હિટલરના નાઝી કૅમ્પમાં લગભગ ત્રણ વર્ષ જેટલો સમય પસાર કરીને હેમખેમ (?) બહાર આવનાર ડૉ. વિક્ટર ફ્રૅંકલ (Dr. Viktor Frankl: 1905-1997)નું ખૂબ જ નાનું પુસ્તક *Man's Search* for *Meaning* (1946) અસહ્ય અને અકથ્ય યાતનાઓ વચ્ચે જીવન પ્રત્યેની હકારાત્મક ભાવનાઓ અંગેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. વિક્ટર ફ્રૅંકલ માને છે કે જે ક્ષણે વેદના અર્થસભર બની જાય છે તે ક્ષણે વેદના વેદના નથી રહેતી.

અહીં કેટલાક ભયસ્થાનો કે ગેરસમજણ ઉપર દૃષ્ટિપાત કરવો પણ જરૂરી છે. રખે ને કોઈ એવું માની બેસે કે જે મહાનતમ કૃતિઓ દર્દ અને વેદનામાંથી જન્મી છે તેમાં માત્ર અને માત્ર વ્યક્તિગત, દુઃખ, યાતનાઓ અને પીડાઓનું જ વર્ણન જોવા મળતું હશે. આવું માનવું તદ્દન ભૂલ-ભરેલું છે. વેદના તો કૃતિને એક વિસ્તૃત આયામ અને માળખું પૂરું પાડે છે. જેમ માનવ શરીરનું મૂળભૂત બંધારણ કંકાલતંત્ર છે તેમ, પરંતુ મનુષ્ય માત્ર કંકાલતંત્ર જ છે એવું તો નથી જ, એમાં માંસ-મજ્જા, કરોડો ચેતા-તંતુઓ અને અન્ય મહત્ત્વનાં અંગો પણ છે જે કંકાલને સજીવ બનાવે છે. આજ રીતે વેદના પણ સાહિત્ય કૃતિઓ માટે એક સુનિયોજિત ચોકઠા (structure)ની ગરજ પૂરી પાડે છે. અન્ય ભાગો જેવાં કે ભાષા, અભિવ્યક્તિની શૈલી, વિષય-વસ્તુ, પાત્ર-નિરૂપણ પણ કૃતિઓના અવિચ્છેદ્ય અંગો છે. આ જ પરિબળો કૃતિઓને કાલાતીત બનાવે છે.

લેખકો અન્ય સામાન્ય વ્યક્તિઓથી કેમ જુદા પડે છે તે પ્રશ્નના ઉત્તરમાં ઊંડા ઊતરીએ તો જોવા મળે છે કે લેખકો માટે લખવું એ એક કર્તવ્ય કે missionથી કમ નથી. અમેરિકન તત્ત્વ-ચિંતક અને અતીન્દ્રિયવાદી (transcendentalist) હેન્રી ડેવિડ થૉરો (Henry David Thoreau: 1817-1862) *Walden; or, Life in the Woods* (1854)માં લખે છે કે મહાન તત્ત્વ-ચિંતકો અને લેખકોમાં ગૂઢ વિચારો અને ઊંડી સૂઝ (wisdom) હોવી એટલું જ પૂરતું નથી. તેઓએ જીવનની સમસ્યાઓનું નિરાકરણ માત્ર સૈદ્ધાંતિક રીતે જ નહીં, પરંતુ વ્યાવહારિક દૃષ્ટિથી પણ શોધવાનો પ્રયત્ન કરવો જોઈએ. આથી જ ઉચ્ચ કોટીના લેખકોને arm-chair philosopherની શ્રેણીમાં સીમિત કરી શકાય નહીં.

છેલ્લે લખવું એક મિશન કે ધ્યેય હોય તો આવી કૃતિઓ અને તેના લેખકોનું વર્ગીકરણ શેમાં થઈ શકે? બોધાત્મક, પ્રચારક કે ઉપદેશાત્મક? આ બધામાંથી એકપણમાં નહીં. એક સાધુ અને લેખક વચ્ચેની સામ્યતા દર્શાવતા નાઇજેરિયન લેખક ચિમેઝાઈ ચિકા (Chimezie Chika) કહે છે કે જેમ એક સાધુ કલાકો સુધી સ્થિતપ્રજ્ઞ રહીને ઈશ્વરનું ધ્યાન કરે છે કે પછી એની પ્રશસ્તિ રચે છે તેવી જ રીતે કોઈ લેખક કલાકો સુધી એક વાક્ય લખવા માટે અથવા તો ફ્રેંચ લેખક ફ્લોબેર (Gustave Flaubert: 1821: 1880)ના શબ્દોમાં 'યોગ્ય શબ્દ'ની ખોજમાં કલાકો સુધી ખોવાઈ જાય છે. ચિમેઝાઈ ચિકાતો ત્યાં સુધી કહે છે કે "Writing is a process of thinking and thinking is living." આમ, સાહિત્ય સર્જનની પ્રક્રિયા સ્વયં જીવનદાતા બની જાય છે. જ્યારે આપણે હતાશા અને નિરાશા વિશે વાંચીએ છીએ ત્યારે આપણે લેખકના નિસ્યંદિત અનુભવની

તિરાડમાં પ્રવેશ કરીએ છીએ. આથી જ કહી શકાય કે સાચી કલા વેદનાને ઉત્કૃષ્ટતામાં (sublimity) ફેરવે છે. આથી જ વિશ્વાસઘાત કે બેવફાઈ જેવા પીડાદાયક અનુભવો *Anna Karenina* (1873) (Leo Tolstoy: 1828-1910), *Madam Bovary* (1856) (Gustave Flaubert: 1821-1880) અને *The Great Gatsby* (1925) (F. Scott Fitzgerald: 1896-1940) જેવી ક્લાસિક્સ કૃતિઓને જન્મ આપે છે. પ્રખ્યાત આયરીશ લેખક જેમ્સ જૉયસના (1882-1941) ઇટલીના ટ્રાયસ્ટે (Trieste)શહેરમાં ગાળેલાં વર્ષો અતિશય નિરાશા અને ગરીબીમાં વિત્યાં હતાં; છતાં આ જ શહેરમાં તેમણે કેટલીક શ્રેષ્ઠ કૃતિઓ જેવી કે, *Chamber Music* (1907), *Dubliners* (1914), *A Portrait of the Artist as a Young* Man (1916), *Exiles* (1918) અને *Ulysses* (1920) લખી હતી. બોસ્તવાનાની સૌથી નોંધપાત્ર લેખિકા Bessie Amelia Emery Head (1937-1986) સ્વાનુભવોનો નિચોડ રજૂ કરતાં કહે છે કે નિરાશાની કારમી અને અંધારી ઘડીમાં તમે જ્યારે રડો છો ત્યારે માનવું કે તમે કોઈ દૈવી સ્રોતની (divine source) નજદીક છો. પચીસ વર્ષની વયે માતાનું અવસાન અને સત્તાવીસ વર્ષે લગ્ન-વિચ્છેદ અને ઉપરથી નાની પુત્રીના ઉછેરની જવાબદારી વહન કરનાર વિશ્વ-વિખ્યાત હૅરી પૉટર શ્રેણીની લેખિકા જે. કે. રૉલિંગ (J. K. Rowling: 1965- ) પૉર્ટુગલથી લંડન પાછાં આવે છે ત્યારે એક હાથમાં નવલકથાના હસ્તપ્રતવાળી સૂટકેશ અને બીજા હાથમાં બે વર્ષની પુત્રી જેસિકા સિવાય બીજું કંઈ જ નહોતું. હૅરી પૉટર શ્રેણી પ્રકટ થઈ ત્યાં સુધી માતા અને પુત્રી સરકારી રાહત સહાય ઉપર જ જીવ્યાં હતાં. અહીં ગરીબાઈ કે દુઃખને romanticize કરવાનો ઉદ્દેશ નથી; પરંતુ તે હકીકતને ઉજાગર કરવાનો પ્રયત્ન છે જેમાં આવા ગહન પીડાના અનુભવો કલાત્મક સર્જનને પ્રેરે છે. આ કડીમાં આગળ વધતા કેટલાક નમૂનારૂપ લેખકોની ચર્ચા કરી છે જેઓએ વ્યક્તિગત જીવનમાં આવેલા પડકારો, મુશ્કેલીઓ અને માનસિક અને શારિરીક યાતનાઓ વચ્ચે પણ સાહિત્ય સર્જનને ન કેવળ જીવંત રાખ્યું હતું, પરંતુ તમણે જે કંઈ પણ રચ્યું તેનાથી સાહિત્ય જગતને નવો જોમ, દિશા અને પ્રેરણા મળી હતી.

(1) **અર્નેસ્ટ હેમિંગ્વે** (Ernest Hemingway: 1899-1961)

અમેરિકાના ખ્યાતનામ નવલકથાકાર અને ટૂંકી વાર્તાકાર અર્નેસ્ટ હેમિંગ્વે તેમની અનન્ય, પૌરુષત્વથી ભરેલી લેખનશૈલી અને સાહસિક જીવનશૈલી માટે જાણીતા છે. તેમની સંક્ષિપ્ત અને સ્પષ્ટ ગદ્યશૈલીએ 20મી સદીમાં અમેરિકન અને બ્રિટિશ સાહિત્ય ઉપર શક્તિશાળી પ્રભાવ પાડ્યો હતો. અમેરિકન રેડ-ક્રૉસ તરફથી પ્રથમ વિશ્વ યુદ્ધમાં ઍમ્બ્યુલન્સ ચાલક તરીકે સેવા આપનાર હેમિંગ્વે યુરોપમાં યુદ્ધ દરમિયાન જખ્મી પણ થયા હતા. એટલું જ નહિ અમેરિકન સૈન્ય ટૂકડીની સાથે ઇંગ્લૅન્ડની રૉયલ ઍર-ફોર્સ વતી ફ્રાંસના નોર્મન્ડી ખાતે નાઝી સૈન્ય સામે લડ્યા પણ હતા. આ લડાઈ બીજા વિશ્વ-યુદ્ધના ઇતિહાસમાં 'D-Day' (જૂન 6, 1944) તરીકે આજે પણ યાદ કરવામાં આવે છે. તેમની સાત નવલકથાઓ, છ ટૂંકી-વાર્તા સંગ્રહો અને બે નૉન-ફિક્શન કૃતિઓ અમેરિકન સાહિત્યની ક્લાસિક્સ કૃતિઓ પૈકીની ગણાય છે. તેમના સમૂચા સાહિત્યના યોગદાન માટે વર્ષ 1954માં તેમને નોબલ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા. અલબત્ત, તેમનું જીવન જેટલું સાહસથી છલોછલ હતું તેટલું જ ડિપ્રેશન, દારૂનું વ્યસન, દિમાગી ચોટ અને માનસિક બીમારીઓથી પણ ગ્રસ્ત હતું. માનસિક બીમારી સામેનો તેમનો સંઘર્ષ તેમના કુટુંબમાં ચાલી આવતી આત્મહત્યાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલો હતો (તેમના પિતા, ભાઈ અને બહેને આત્મહત્યા કરીને જીવન ટૂંકાવી દીધું હતું). આ સાથે-સાથે પહેલા અને બીજા વિશ્વ-યુદ્ધે આણેલી તારાજી અને નિર્દોષ માનવોની હત્યાના પ્રથમદર્શી અનુભવે પણ તેમના મન-મસ્તિષ્ક ઉપર નકારાત્મક અસર પહોચાડી હતી. આથી જ હેમિંગ્વેના લખાણોમાં વારંવાર સાહસ, જીવનના અર્થની ખોજ અને જીવનના વિકરાળ પડકારોનો સામનો કરવા માટેનો સંઘર્ષ જેવી વિષય-વસ્તુ વધુ કેન્દ્રસ્થાને જોવા મળે છે. હેમિંગ્વેની સૌથી ખ્યાતિ-પ્રાપ્ત નવલકથા *The Old Man and the Sea*(1952)માં માનવ અને પ્રકૃતિ વચ્ચેના સંઘર્ષ દ્વારા લેખક મનુષ્યમાત્રના કુદરત સામેના અવિરત સંઘર્ષની ગાથાનું નિરૂપણ કરે છે. હેમિંગ્વેના મત પ્રમાણે આ સંઘર્ષ નિરર્થક હોવા છતા અનિવાર્ય છે. કારણ કે, તે

થકી જ માનવના માનવ તરીકેના ગૌરવની ઉદ્‌ઘોષણા થાય છે. આ કથાનો નાયક સૅન્ટીઆગો (Santiago) વૃદ્ધાવસ્થામાં પણ સમુદ્રમાં દૂર સુધી જઈને 18 ફિટ લાંબી રાક્ષસી માર્લીન માછલીને પકડવા માટે તેની સાથે ત્રણ દિવસ અને ત્રણ રાત્રી સુધી 'યુદ્ધે' ચડે છે. માછીમાર તરીકેની બધી જ કુશળતા તેનામાં હોવા છતાં સૅન્ટીઆગો મહિનાઓ સુધી તેને પકડી શકતો નથી; જે હકીકત તેના સ્વાભિમાન ઉપર કુઠારાઘાત સમાન છે. સમગ્ર નવલકથા દરમિયાન વાચકને સતત એમ લાગ્યા જ કરે છે કે શારીરિક રીતે સંપૂર્ણપણે ક્ષીણ થઈ ગયો હોવા છતાં સૅન્ટીઆગો પ્રકૃતિ સામેની લડાઈમાં વિજેતા જ બનશે. સૅન્ટીઆગોનું પ્રકૃતિ સામેનું આ યુદ્ધ તેના ગર્વની (ego) ઊપજ છે. અલબત્ત, આ જ ઈગો કે પ્રાઇડ હૅમિંગ્વેના કલ્પનાજગતમાં સહનશક્તિ (endurance) બનીને બહાર આવે છે. હૅમિંગ્વેના સમગ્ર સાહિત્યનો સાર છે કે આ વિશ્વ બે જ વિકલ્પો ઉપર રચાયેલું છેઃ પ્રકૃતિ સામે હાર માનીને નતમસ્તક રહેવું અથવા વિનાશ સુધી સંઘર્ષ, પરંતુ હૅમિંગ્વેની ચિંતનામાં બીજો વિકલ્પ વધુ પ્રખર છે; માટે જ તે કહે છે, "... But a man is not made for defeat. A man can be destroyed but not defeated."

જે લેખકે નવલકથાના વિષય-વસ્તુને નવું કલેવર આપ્યું તેણે જ 2જી જુલાઈ, 1961ના રોજ પોતાની જાતને ગોળી મારીને જીવનનો અંત આણ્યો. તેમની નવલકથાઓ અને ટૂંકી-વાર્તાઓમાં માનવ-જીવન એક શાશ્વત સંઘર્ષ તરીકે નિરૂપિત થયેલું જોવા મળે છે. તેમના માટે લેખન એક એવું ઉપક્રમ હતું જે વેદના અને બલિદાન થકી પ્રકટ થાય છે. એક રીતે જોવા જઈએ તો તેમની masculinity(પુરુષત્વ) એક બાહ્ય આવરણ-માત્ર હતી; જેની અંદર તો એક માનસિક રીતે વિક્ષિપ્ત આત્મા નિવાસ કરતો હતો. સાન્ટીઆગોની જેમ જ તેનો લેખક પણ ભૌતિક અને આધ્યાત્મિક (metaphysical) સંઘર્ષ વચ્ચે પિસાતો હતો. 'Grace under pressure'—મુશ્કેલીઓ વચ્ચે પણ માનવ-ગૌરવને મુઠ્ઠીભર ઊંચું રાખવું—સૂત્રનું આજીવન પાલન કરનાર આ લેખકનું ડિપ્રેશન એ હદે ઘાતક બનતું ચાલ્યું કે તેમને વારંવાર ઈલેક્ટ્રિક શૉક થેરાપી પણ આપવી પડતી હતી. છેવટે પોતાના પિતા, ભાઈ અને બહેનની હરોળમાં આવીને હૅમિંગ્વેએ પોતાનું જીવન ટૂંકાવી દીધું.

(2) **વર્જિનિયા વુલ્ફ** (Virginia Woolf: 1882-1941)

વીસમી સદીની સૌથી મહત્ત્વપૂર્ણ આધુનિકતાવાદી લેખિકાઓ પૈકી એક એવી વર્જિનિયા વુલ્ફ બ્રિટિશ નવલકથાકાર, નિબંધકાર અને પ્રકાશક હતી, જેમણે ગત સદીમાં મહિલા અધિકારો માટે પણ સક્રિય રીતે કાર્ય કર્યું હતું. તેમને વર્ણનાત્મક પદ્ધતિ (narrative device) તરીકે stream of consciousnessના ઉપયોગ માટે પહેલ કરનાર લેખક તરીકે પણ યાદ કરવામાં આવે છે. લગભગ આઠ નવલકથાઓ, તેટલા જ નિબંધ-સંગ્રહો અને અન્ય નૉન-ફિક્શન લખનાર આ લેખિકાનું અંગત જીવન અસહ્ય માનસિક પીડાઓથી ગ્રસિત હતું. *The Voyage Out* (1915), Mrs. Dalloway (1925), *To the Lighthouse* (1927) અને *A Room of One's Own* (1929) જેવી તેમની કૃતિઓની ચર્ચા આજે પણ દુનિયાભરના સાહિત્યના વર્ગખંડોમાં થાય છે. *A Room of One's Own*નું 'પોતાનો ઓરડો' શીર્ષકથી ગુજરાતીમાં ભાષાંતર કરનાર ડૉ. રંજના હરીશ નોંધે છે કે આ નવલકથા ફેમિનિઝમનું બાઇબલ કહી શકાય. છેલ્લા સાત દાયકા દરમિયાન ચર્ચાયેલા દરેક નારીવાદી વિચારોના મૂળ 1929માં લખાયેલા આ પુસ્તકમાં છે. 13 વર્ષની ઉંમરે વર્જિનિયાએ માતા ગુમાવી અને તેના બે વર્ષ બાદ પિતા. આ ઘટનાઓએ તેમના મન-મસ્તિષ્ક ઉપર ઊંડો પ્રભાવ પાડ્યો હતો. લગભગ 15 વર્ષની ઉંમરની આસપાસ તેમનામાં આજની ભાષામાં bipolar disorder કહી શકાય તેવાં લક્ષણો જોવાં મળ્યાં હતાં. આ સાથે-સાથે મનોભાવોમાં અચાનક બદલાવ (extreme mood swings), ડિપ્રેશન અને મનોવિકૃતિ જેવી માનસિક બિમારીનો તેમણે જીવન-પર્યંત સામનો કર્યો હતો. આથી જ તેમની ક્લાસિક કૃતિઓ જેવી કે, *Mrs. Dalloway* અને *To the Lighthouse*માં ચેતના, સમયનો બદલાવ અને સ્મૃતિ જેવી વિષય-વસ્તુઓ પ્રમુખ જોવા મળે છે. એક રીતે તો આ કૃતિઓ તેમની પોતાની જ મનોદશાને પ્રતિબિંબિત કરે છે. તેમના પાત્રો આંતરિક સંઘર્ષો થકી જીવનનો

અર્થ અને સમયના પ્રવાહ સામે પ્રશ્નાર્થ ચિહ્ન કરતા જોવા મળે છે.

અસહ્ય અને અકથ્ય મનોવેગો અને હતાશાનો ઉકેલ તેમને સાહિત્યની લેખન પ્રવૃત્તિમાં જોવા મળ્યો. આથી જ તેમના પત્રો અને ડાયરીઓ તેમના મનો-પ્રતિભાવોનું દસ્તાવેજીકરણ જ કહી શકાય. કિશોરાવસ્થાથી જ તેમણે સ્વીકાર્યું હતું કે લેખન તેમના માટે સંપૂર્ણ આવશ્યક્તા (absolute necessity) છે. તેઓ લખે છેઃ "The only way I keep afloat is by working and writing." આ લેખની શરૂઆતમાં નોંધ્યું તેમ વર્જિનિયા હંમેશા પોતાની યાતનાને લઈને એક દ્વંદ્વનો અનુભવ કરતા આવ્યા હતા. 'તેમની યાતના તેમની કળા સામે એક મોટો પડકાર છે કે પછી લખવા માટે એક સાનુકૂળ પરિસ્થિતિનું નિર્માણ કરતું ઉદ્દીપક?'—આ પ્રશ્ન તેમને વારંવાર સતાવતો રહ્યો હતો. તેમના જીવન અને કવનને વાંચ્યા પછી એમ ચોક્કસ કહી શકાય કે સાહિત્ય લેખને તેમના માટે એક મલમની ગરજ પૂરી પાડી હતી. બીમારીથી બચવા માટે સાહિત્ય સર્જનની ઉપયોગિતા વિશે ટિપ્પણી કરતાં તેમણે કહ્યું છે કે લેખન પ્રવૃત્તિ તેમના માટે જીવનથી જરાય ઓછી નથી; ઊલટું તેમની યાતનાઓથી બચવાનો એકમાત્ર માર્ગ છે—યાતનાઓ અને બાહ્યજીવન વચ્ચે એક બફર છે. આ સંદર્ભમાં અંગ્રેજ લેખક Graham Greene (1904-1991) લખે છેઃ "લેખન એ ઉપચારનું એક સ્વરૂપ છે. મને આશ્ચર્ય થાય છે કે જે લોકો લખતા નથી, કંપોઝ કરતા નથી અથવા પેઈન્ટ કરતા નથી તેઓ માનવજીવનમાં રહેલી ખિન્નતા, ગભરાટ અને ગાંડપણથી કેવી રીતે બચી શકે છે" (*Ways of Escape*).

Graham Greeneનું ઉક્ત કથન ગ્રીક નાટ્યકલા અને એમાંય ખાસ કરીને ગ્રીક કરૂણાંતિકાઓમાં વપરાતા catharsis (ચિત્તભાવ શુદ્ધિ)ની યાદ અપાવે છે. ઑક્ટોબર 2010માં બેંગલુરુ ખાતે યોજાયેલા Indian Psychiatric Societyના વાર્ષિક પરિસંવાદમાં બોલતાં ભારતીય લેખિકા શશી દેશપાંડે પણ આજ હકીકતને સમર્થન આપતાં જણાવે છે કે "writing provides a kind of catharsis which helps the person to move on." સાહિત્ય એ દર્દ કે પીડાનું સમાધાન હોય શકે છે; પરંતુ તે વાસ્તવિકતાથી ભાગી જવાનું માધ્યમ નથી. આનાથી ઊલટું સાહિત્ય લેખન એ સ્વયંના અત્યંત નિકટના અને અત્યારસુધી જાણીજોઈને ઉપેક્ષિત રહેલા આવેગો, લાગણીઓ, આક્રોશ વિ.થી રૂબરૂ થવાનું સાધન છે. આ પરિપ્રેક્ષ્યમાં *Mrs. Dalloway* નવલકથા લેખિકાના મનોભાવોનું પ્રતિબિંબ છે. Clarissa Dalloway અને Septimus Warren Smithના પાત્રો થકી પિતૃસત્તાક સમાજ વ્યવસ્થા (patriarchal social environment) અને મહિલાઓની ભૂમિકા, આત્મહત્યાનો અનુભવ અને માનસિક આવેગોનું ચિત્રણ થતું જોવા મળે છે. જીવનના 46 વર્ષ સુધી ડિપ્રેશનનો સામનો કરીને પણ બ્રિટિશ સાહિત્ય જ નહી, પરંતુ વિશ્વ સાહિત્યને સમૃદ્ધ બનાવીને 59મા વર્ષે આજ ડિપ્રેશન જ્યારે અસહ્ય થઈ પડ્યું ત્યારે વર્જિનિયાએ પોતાના ઓવરકોટના ખિસ્સામાં પથ્થરો સાથે ઓસ નદીમાં (Ouse river) ચાલીને 28મી માર્ચ, 1941ના રોજ આત્મહત્યા કરી હતી. મૃત્યુ પામતા પહેલાં પતિ લિઓનાર્ડ વુલ્ફને (Leonard Woolf) લખેલા પત્રમાં તેમની ડિપ્રેશન સામેની લાચારી અને શારીરિક મર્યાદાઓ વિશે તેઓ લખે છેઃ" ...I feel certain that I am going mad again. I feel we can't go through another of those terrible times. And I shan't recover this time. I begin to hear voices, and I can't concentrate. See I am doing what seems the best thing to do...I can't fight any longer...You see I can't even write this properly. I can't read."

(3) **સિલ્વિઆ પ્લાથ** (Sylvia Plath: 1932-1963)

માત્ર 31 વર્ષનું આયખું ભોગવનાર સિલ્વિઆ પ્લાથ વીસમી સદીની સૌથી નોંધપાત્ર મહિલા લેખિકાઓની પંક્તિમાં મોખરાનું સ્થાન ધરાવે છે. વિશ્વ સાહિત્યમાં 'confessional poetry'નો સાહિત્ય પ્રકાર આગળ ધપાવવાનો શ્રેય સિલ્વિઆ પ્લાથને જાય છે. તેમની પ્રમુખ કૃતિઓમાં *The Colossus and Other Poems* (1960), Ariel (1965) અને The Bell Jar (1963)નો સમાવેશ થાય છે. 1981માં પ્રકાશિત થયેલા તેમના કાવ્ય-સંગ્રહ *The Collected Poems* માટે તેમને

મરણોપરાંત પુલિટ્ઝર પ્રાઇઝ એનાયત કરવામાં આવ્યું હતું. કવિતાની સાથે-સાથે સિલ્વિઆ પ્લાથનું કવિ ટૅડ હ્યુજીસ (Ted Hughes) સાથેનું દુ:ખી લગ્ન-જીવન પણ એટલું જ ચર્ચાસ્પદ બન્યું હતું.

લગભગ આઠ વર્ષની નાની વયથી જ સિલ્વિઆ પ્લાથે કવિતા લખવાનું શરૂ કર્યું હતું. તેમની પહેલી કવિતા Boston Travellerમાં છપાઈ હતી. કૉલેજમાં આવતાં સુધીમાં તેમણે 50 ટૂંકી-વાર્તાઓ લખી હતી જે વિવિધ સામયિકોમાં છપાઈ હતી. સ્મિથ કૉલેજમાં તેમના અભ્યાસકાળ દરમિયાન તેમણે અનેકવિધ સાહિત્ય ઍવોર્ડ અને શિષ્યવૃત્તિઓ પણ જીતી હતી. ત્યારબાદ કૅમ્બ્રિજ ખાતે Varsity સામયિક માટે તેમણે લખવાનું શરૂ કર્યું હતું. તેમની પ્રારંભિક કવિતાઓમાં તેમણે અતિવાસ્તવ (surreal) શબ્દચિત્રોનો ઉપયોગ કર્યો હતો; તે ચંદ્ર, લોહી, ભ્રૂણ અને કંકાલ જેવાં વિક્ષિપ્ત (bizarre) રૂપકો થકી નિરાશા, આનંદ અને ચિંતાની તીવ્ર લાગણીઓને પ્રકાશિત કરે છે. લાગણીશૂન્ય સંબંધો થકી જન્મતો એક અકથ્ય ખાલીપો પણ તેમની શરૂઆતની કવિતામાં ઊભરી આવે છે. *The Bee Meeting* કવિતામાં પ્લાથ પોતાની જાતને "chicken neck" સાથે સરખાવે છે. આ કવિતાઓ ઉપર તેમના પ્રિય કવિઓ જેવાં કે Dylan Thomas (1914- 1953), W. B. Yeats (1865-1939) અને Marianne Moore (1887-1972)નો વિશેષ પ્રભાવ જોવા મળે છે.

એક તરફ જ્યાં તેમની સાહિત્ય લેખનમાં રુચિ અને પુસ્તકોની સંખ્યા વધવા માંડી હતી ત્યાં બીજી તરફ 19 વર્ષની યુવાન વયે તેઓ clinical depressionનો ભોગ બન્યાં હતાં. દવાઓ અને ઈલેક્ટ્રિક શૉકની ઉપચાર પદ્ધતિ વર્ષો સુધી કરવા છતાં તે ક્યારેય સંપૂર્ણ સ્વસ્થ ન થઈ શક્યાં. તેમની સૌથી લોકપ્રિય નવલકથા *The Bell Jar*ની નાયિકા પણ લેખિકાની જેમ માનસિક રોગ સામે ઝઝૂમતી જોવા મળે છે. ડિપ્રેશનની સાથે-સાથે પ્લાથ વર્જિનિયા વુલ્ફની માફક bipolar disorderથી પીડાતા હતા. તેમનું *Ariel* નામનું કાવ્ય-સંગ્રહ તેમના વિવિધ તીવ્ર મનોવેગો અને આશા અને હતાશા વચ્ચે સતત બદલાતા જતા મનોભાવોને રેખાંકિત કરે છે. અનિદ્રાથી પીડિત આ આશાસ્પદ લેખિકાએ મૃત્યુ પહેલાં બે વખત આત્મહત્યાના પ્રયાસો કર્યા હતા—1953માં ઊંઘની ગોળીઓનો ઑવરડોઝ લઈને અને 1962માં પોતાની કારને જાણીજોઈને નદીમાં ઉતારી, પરંતુ 11મી ફેબ્રુઆરી, 1963માં સિલ્વિઆ પ્લાથનો ત્રીજો પ્રયત્ન સફળ નીવડે છે, જ્યારે તેઓ રૂમમાં પોતાને બંધ કરીને માઈક્રોવેવ ઑવન ચાલુ કરીને સૂઈ જાય છે અને હંમેશને માટે પોતાની યાતનાઓને અલવિદા કહી દે છે.

1961ના દશકાના પ્રારંભિક વર્ષો સિલ્વિઆ પ્લાથ માટે અંગત તેમજ વ્યવસાયિક રીતે કપરાં હતાં. એક તરફ તેમનો પતિ અન્ય સ્ત્રી સાથે સંબંધમાં હતો, તો બીજી તરફ તેમની નવલકથા *The Bell Jar*ને પ્રકાશકો છાપવા માટે તૈયાર નહોતા. આજે સિલ્વિઆ પ્લાથને તેમના ઉત્કૃષ્ટ સર્જનાત્મક લેખન માટે અને જે રીતે તેમણે જીવનનો અંત આણ્યો તેના માટે યાદ કરવામાં આવે છે. તેમની નિરાશા, આત્મહત્યા અને તે યુગની કડવી વાસ્તવિકતાઓ તેમના વિશાળ વારસાનો હિસ્સો છે. તેમના મૃત્યુના લગભગ 40 વર્ષ બાદ University of Connecticutના પ્રોફેસર જેમ્સ કૉફમન (James Kaufman)ને તેમના સંશોધનપત્ર 'The Sylvia Plath Effect: Mental Illness in Eminent Creative Writers' (માર્ચ 2011)માં "the Sylvia Plath effect"નામનો નવિન શબ્દ-પ્રયોગ યોજ્યો હતો. આ સંશોધનપત્રમાં તેમણે એ પ્રતિપાદિત કરવાનો પ્રયત્ન કર્યો છે કે અન્ય સર્જનાત્મક લેખકોની સરખામણીએ કવિઓ depression, bipolar disorder અને schizophrenia થી પીડાતા હોવાની શક્યતા વધુ છે. આ સંશોધનપત્રના પ્રકાશન થવાની સાથે સિલ્વિઆ પ્લાથની કવિતાઓ અને નવલકથાઓનો અભ્યાસ અને તેને લગતું સંશોધનકાર્ય નવીન દ્રષ્ટિકોણથી શરૂ થયું હતું.

**Further Reading:**


Baldwin, James. *Go Tell It on the Mountain.* New York: Knopf, 1953.

Chimezie, Chika. – *Notes of a Native Son.* Boston: Beacon Press, 1955.

– *Nobody Knows My Name: More Notes* of *a Native Son.* New York: Dell, 1962.

– *Giovanni's Room.* New York: Dell, 1964.

– *The Fire next Time.* New York: Vintage International Vintage Books, 1993.
– 'Writing is a Process of Thinking and Thinking is Living.' *The Republic*, Aug.-Sept. 2024. https://republic.com.ng/interviews/first-draft-chimezie-chika/

Deshpande, Shashi. "A Writer's look at literature, fiction and mental health." *Indian Journal of Psychiatry.* 2012 Oct-Dec; 54(4):381–384.

Fitzgerald, F. Scott. *The Great Gatsby.* London: Penguin, 2024.

Flaubert, Gustave. *Madam Bovary.* London: Penguin, 2024.

Frankl, Viktor E. *Man's Search for Meaning.* London: Rider, 2004.

Greene, Graham. *Ways of Escape.* New York: Vintage Classics, 1999.

Head, Bessie. *The Collector of Treasurers.* Heninemann, 1992.
– *A Question of Power.* South Africa: Penguin Books, 2012.

Hemingway, Ernest. *The Torrents of Spring: a Romantic Novel in Honor of the Passing of a Great Race.* New York: Scribners, 1926.
– *The Sun Also Rises.* New York: Scribners, 1926.
– *A Farewell to Arms.* New York: Scribners, 1929.
– *To Have and Have Not.* New York: Scribners, 1937.
– *For Whom the Bell Tolls.* New York: Scribners, 1940.
– *Across the River and Into the Trees.* New York: Scribners, 1950.
– *The Old Man and the Sea.* New York: Scribners, 1952.
– *Islands in the Stream.* New York: Scribners, 1970.
– The Garden of Eden. New York: Scribner, 1986.

Joyce, James. – *Poems and Exiles.* London: Penguin Modern Classics, 1992.
– *Chamber Music.* Indiana University Press, 1993.
– *Dubliners.* London: Maple Press, 2011.
– *A Portrait of the Artists as a Young* Man. New Delhi: Fingerprint Pub, 2015.
– *Ulysses.* New Delhi: Fingerprint Pub, 2017.

Kaufman, James. "The Sylvia Plath Effect: Mental Illness in Eminent Creative Writers." March 2001. *The Journal of Creative Behavior* 35(1). Online.

Lincoln, Abraham. 'Letter to His Son's Teacher'. n.p.: 1830.

Ola, Virginia Uzoma. *The Life and Works of Bessie Head.* Edwin Mellen Press, 1995.

Plath, Sylvia. *The Unabridged Journals of Sylvia Plath.* New York: Anchor, 2000.
– *100 Selected Poems of Sylvia Plath.* New Delhi: Open Books, 2022.
– *The Bell Jar.* New Delhi: Rupa Publications, 2023.

Plato. *The Republic.* New Delhi: Penguin, 2007.

Pamuk, Orhan. *The White Castle.* New York: Braziller, 1991.
– *The Black Book.* New York: Farrar, Straus, 1994.
– *The New Life.* New York: Farrar, Straus, 1997.
– *My Name is Red.* New York: Knopf, 2001.
– *Snow.* New York: Knopf, 2004.
– *Istanbul: Memories and the City.* New York: Knopf, 2005.
– *Other Colors: Essays and A Story.* New York: Knopf, 2007.
– *The Museum of Innocence.* New York: Knopf, 2009.
– *The Naive and the Sentimental Novelist.* Cambridge, Mass.: Harvard Univ. Press, 2010.
– *Silent House.* New York: Knopf, 2012.
– *The Innocence of Objects.* New York: Abrams, 2012.

Rowling, J. K. *Harry Potter and the Philosopher's Stone.* London: Bloomsbury, 2014.
– *Harry Potter and the Chamber of Secrets.* London: Bloomsbury, 2014.

અનુસંધાન પૃષ્ઠ *28* પર

# ગ્રંથ સૌરભ

## મણિભાઈ પ્રજાપતિ

**પ્રેરણાદાયી કાનૂનવિદોઃ દસ કાનૂનવિદોની જીવનગાથા / શરદભાઈ પી. શાહ.** Foreword (પ્રસ્તાવના)ઃ ઑનરેબલ જસ્ટિસ જે. બી. પારડીવાલા, સુપ્રીમ કૉર્ટ ઑફ ઇન્ડિયા. મહેસાણાઃ મહેસાણા ડિસ્ટ્રિક્ટ બાર ઍસોસિયેશન સ્ટડી સર્કલ, 2025; પ્રાપ્તિ સ્થાનઃ મહેસાણા ડિસ્ટ્રિક્ટ બાર ઍસોસિયેશન લાઇબ્રેરી, નવું કૉર્ટ બિલ્ડિંગ, પ્રથમ માળ, મહેસાણા, 208 પૃ. કિં. રૂ. 500.

પ્રસ્તુત પુસ્તકના શીર્ષક અનુસાર અહીં 10 પ્રેરણાદાયી કાનૂનવિદોની જીવનગાથાઓ શબ્દબદ્ધ કરવામાં આવી છે. જેનું વાંચન, મનન-ચિંતન કરતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે આ સૌ 20-21મી સદીની કાનૂનક્ષેત્રની મહાન પ્રતિભાઓ હતી, કે જેમનું પ્રદાન આજે પણ રોલ-મૉડલ બની રહ્યું છે. આ સાથે જ એ પણ સ્પષ્ટ થાય છે કે લેખક અખંડ ચરિત્રાલેખનના હિમાયતી રહ્યા છે. અખંડ અર્થાત્ ગુણ-દોષ સહિત સમસામયિક પરિસ્થિતિઓને આવરી લઈને પ્રત્યેક કાનૂનવિદના જીવનનાં સર્વાંગી પાસાંઓ, જેમ કે, કૌટુંબિક સંસ્કાર વારસો, પૂર્વજો, માતા-પિતા, જન્મ, ભાઈ-બહેન, શિક્ષણ, વિદ્યાર્થીજીવન, લગ્નજીવન, સંતાનો અને તેમનું જીવન, વ્યવસાયિક અને અન્ય ક્ષેત્રોમાં પ્રદાન, નૈતિકતા, ઉપલબ્ધિઓ અને મર્યાદાઓ, મેળવેલ માન-સન્માન વગેરે બાબતોને વણી લઈને જીવની લખવામાં આવી છે. પરિણામસ્વરૂપે પ્રત્યેક ચરિત્ર-ચિત્રણ વિદ્યાર્થીઓ, જિજ્ઞાસુઓ અને કાનૂનક્ષેત્રની વ્યક્તિઓને પણ જીવનપાથેય પૂરું પાડનાર પ્રેરણાદાયી બની રહે છે. લેખકે પણ જીવનચરિત્ર ઇતિહાસ છે તે વાત હૈયે ધરીને, તેમજ જર્મન ઇતિહાસવિદ લિયોપોલ્ડ વોન રિન્કેનું વિધાન 'No Document, No History' નજર સમક્ષ રાખીને પ્રત્યેક ચરિત્ર સાધાર તૈયાર કર્યું છે. આ હેતુ યથાસંભવ આત્મકથા, ડાયરી, જીવનચરિત્રો / લેખો, કૉર્ટ કેસો / ચુકાદાઓ, ગૂગલગુરુ વગેરે ઉપલબ્ધ સ્રોતોનું સઘન અધ્યયન કરીને સંશોધકીય અભિગમથી ચરિત્રાલેખન કર્યું છે અને તે પણ રસળતી – પ્રવાહી ભાષાશૈલી અને ટૂંકાં-ટૂંકાં વાક્યોમાં. અને ખાસ તો પ્રત્યેક વર્ગના વાચકને સ્પર્શી જાય તેવી પ્રેરક અને રસિક ઘટનાઓ સાથે, જેમ કે, નાની પાલખીવાલા બે વર્ષના હતા ત્યારે વાડકીમાં બદામ ભરીને ખાતા હતા તે સમયે પિતાએ ટકોર કરી કે પાડોશીના બાળકોને પણ યાદ કરજે, ત્યારે નાની પાડોશના બાળકને મૂઠીભરીને બદામ આપી આવ્યા. બાલ્યવયે કરુણાનો આ ભાવ પેદા થયા પછી જિંદગીભર કરોડોનાં દાન કરતા રહ્યાં હતાં. જસ્ટિસ ચાગલા કોઈ ઠરાવ Reserve રાખતા ન હતા, દલીલ સાંભળ્યા બાદ બોર્ડ ઉપર જ ઠરાવ લખાવી દેતા, જુનિયર વકીલો સાથે સહાનુભૂતિ, તેમજ સૌ વકીલો સાથે સંવાદિતા રાખતા અને તટસ્થ બની ન્યાય કરતા. જસ્ટિસ હિદાયતુલ્લા દ્વારા તટસ્થ રહી મુસ્લિમ મિનિસ્ટરની ચૂંટણી રદ કરવી, જસ્ટિસ કૃષ્ણ આયર સુનાવણી શરૂ થયા પછી રોજેરોજ કેસ ચલાવવાના તથા લાંબા ગાળેના નિર્ણયને ન્યાયનો ભંગ ગણાવવાના પક્ષધર હોવા વગેરે અનેકવિધ બાબતોની ગૂંથણી પ્રેરણાદાયી બની રહે છે અને ખાસ તો કાનૂનવિદો દ્વારા લખવામાં આવેલ આત્મકથાઓ, જેમ કે જસ્ટિસ ભગવતીકૃત 'My Tryst With Destiny', એમ. હિદાયતુલ્લા કૃત 'My Own Boswell', લૉર્ડ ડેનિંગ કૃત 'The Family Story' વગેરે, તેમજ તેમના દ્વારા લખવામાં આવેલાં અન્ય પુસ્તકો તથા તેમના વિશે પ્રકાશિત પુસ્તકો/જીવનચરિત્રો જેમ કે નાની પાલખીવાલા વિશે સોલી સોરાબજીકૃત 'Court Room Genious', લૉર્ડ ડેનિંગ વિશે 'Lord Denning: The Judge and the Law', જસ્ટિસ કૃષ્ણા આયર વિશે સલમાન ખુરસીદ અને લોકેન્દ્ર મલિકકૃત 'Justice at Heart' વગેરેનો આધાર લીધો છે, જે અભ્યાસીઓ માટે પ્રમુખ આધારસ્રોત બની રહે છે.

ખાસ ધ્યાનાર્હ બાબત એ છે કે ચરિત્રકાર સ્વયં પ્રબુદ્ધ લેખક-ચિંતક, લૉ-કૉલેજના સેવાનિવૃત્ત સંવેદનશીલ અધ્યાપક-પ્રિન્સિપાલ, મૂઠી ઊંચેરા

વૈષ્ણવજન અને સહૃદયી રોટેરિયન હોવાની સાથે અગ્રણી અધ્યયનશીલ કાનૂનવિદ હોઈ કાનૂનવિદોના ચરિત્રાલેખન માટે અપેક્ષિત દૃષ્ટિ અને વિવેકથી સંપન્ન છે. પરિણામે આ ચરિત્રો સવિશેષતઃ કાનૂનના વિદ્યાર્થીઓ, નવોદિત કે પ્રબુદ્ધ વકીલો તેમજ ન્યયાધીશો માટે ભોમિયાની ગરજ સારે તેવાં ઊર્જાશીલ બની રહ્યાં છે. આ પાછળનું એક મુખ્ય કારણ એ છે પ્રત્યેક ઍડવોકેટ દ્વારા લડવામાં આવેલા અગત્યના કેસો તથા ન્યાયાધીશોએ આપેલા નોંધપાત્ર ચુકાદાઓના ઉલ્લેખ સાથે કેટલાકનું સૈદ્ધાન્તિક અને બંધારણીય પાસાં સંદર્ભે લેખક દ્વારા સંક્ષેપમાં વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે, જેમકે, કેશવાનંદ ભારતીના કેસમાં બંધારણીય બેન્ચ, પાર્લમેન્ટને બંધારણીય સુધારા દ્વારા કોઈ પણ પ્રકારનો ફેરફાર કરવાનો અધિકાર છે તેવા મતની હતી, જે વિશે નાની પાલખીવાલાએ 31 દિવસ સુધી દલીલો કરીને બંધારણના મૂળભૂત માળખાનો ખ્યાલ રજૂ કરતાં કૉર્ટે તે દલીલોનો સ્વીકાર કરીને પાર્લમેન્ટને બંધારણના મૂળભૂત માળખાને અસર કરે તેવા ફેરફાર કરવાનો હક્ક નથી તે ઠેરવ્યું. ભારતના બંધારણના રક્ષક તરીકે તેમનું આ સૌથી મોટું પ્રદાન છે. આ ઉપલબ્ધિ સંદર્ભે સુપ્રીમ કૉર્ટના માનનીય જસ્ટિસ જે. બી. પારડીવાલાસાહેબે પણ નોધ્યું છે કે શ્રી પાલખીવાલા તેમની કારકિર્દીમાં ફક્ત આ એક જ કેસ જીત્યા હોત તોપણ ભારતના બંધારણનો બચાવ કરવા માટે આપેલ મોટામાં મોટી સેવા માટે સદાકાળ સ્મરણીય બની રહેત. અહીં સમાવિષ્ટ પ્રત્યેક કાનૂનવિદના કાનૂન અને અન્ય ક્ષેત્રોમાં આપેલ પ્રદાનને કાળજીપૂર્વક ઉજાગર કરી આપવામાં આવ્યું છે, જેમ કે, નાની પાલખીવાલા દ્વારા અમેરિકાના ઍમ્બેસેડર તરીકે આપેલ સેવાઓ, તેમજ બજેટ વિશેનાં વ્યાખ્યાનો, ટૅક્સ પ્રણાલી અને અન્ય વિદ્વત્તાપૂર્ણ અન્ય પુસ્તકો થકી પ્રદાન, જેલવાસ ભોગવનાર વકીલ પાછળથી સુપ્રીમ કૉર્ટના ન્યાયાધીશ બને તેવું અસાધારણ પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ ધરાવનાર જસ્ટિસ કૃષ્ણા આયરે આપેલા 700 જેટલા ચુકાદાઓ કાયદાના અભ્યાસીઓ માટે રસપ્રદ બની રહે તે સંદર્ભેની વિગતો, આધુનિકકાળના ઇંગ્લૅન્ડના કાંતિકારી વિચારક અને મહાનતમ ન્યાયાધીશ લૉર્ડ ડેનિંગના સંવેદનાસભર ચુકાદાઓ, અમેરિકાની સુપ્રીમ કોર્ટનાં પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ સાન્ડ્રા ડે ઓ'કોનોર અને પ્રથમ નીગ્રો ન્યાયમૂર્તિ શ્રી થુરગુડ માર્શલનાં અસાધારણ વિદ્વત્તા અને નોંધપાત્ર ચુકાદાઓ, સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયાધીશ શ્રી પી. એન. ભગવતીસાહેબનાં બંધારણના કાર્યક્ષેત્રમાં રહીને સામાજિક ન્યાયના સંદર્ભમાં વિચાર, જાહેરહિતની અરજ, કાનૂની સહાય અંગે પ્રાવધાન, હ્યુમન રાઈટસ સંદર્ભે આંતરરાષ્ટ્રીય સ્તરે આપેલ પ્રદાન વગેરે, એટર્ની જનરલ શ્રી મોતીલાલ સેતલવાડની બહુઆયામી સેવાઓ, ભારત વિભાજન પ્રસંગે લાહોર અંગે રેડક્લીફ કમિશન અને યુનોમાં નોંધપાત્ર કામગીરી અને ખાસ તો અસાધારણ માનવીય અભિગમ એ કે બૉમ્બે હાઈકૉર્ટના ચીફ જસ્ટિસ બનવાનો પ્રસ્તાવ ઠુકરાવીને ચીફ જસ્ટિસ beaumontને રોકડું પરખાવવું કે 'આ જગ્યા માટે શ્રી કણિયા સર્વથા યોગ્ય છે. તે મારા મિત્ર છે. તેમનો હક્ક ડુબાવી હું ચીફ જસ્ટિસ બનવા સંમત નથી' ઉજાગર કરી આપવા, જસ્ટિસ એમ. સી. ચાગલાની બૉમ્બે હાઈકૉર્ટના પ્રથમ ભારતીય મુખ્ય ન્યાયાધીશ, અમેરિકાના ઍમ્બેસેડર, કેન્દ્રના શિક્ષણ અને વિદેશપ્રધાન તરીકેની ઉત્તમ કામગીરી, તેમજ મોરારજીભાઈ દેસાઈ સાથેના સંબંધો વગેરે ઉજાગર કરી આપવાં, સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. હિદાયતુલ્લાનું નોંધપાત્ર પ્રદાન, વડાપ્રધાન ઇંદિરાજી દ્વારા કટોકટી લાદવામાં આવતાં એડીશનલ સૉલિસિટર જનરલ ફલી નરીમાન દ્વારા રાજીનામું આપી છૂટા થવું, રાજ્યસભાના સાંસદ તરીકેની સેવાઓ વગેરે બાબતોની નોંધ લઈને - તેમની સિદ્ધિઓને ઉજાગર કરી આપીને ગૌરવ બક્ષ્યું છે.

આ બધા કાનૂનવિદોની પ્રોજ્જ્વલત્તમ સિદ્ધિઓની સાથે-સાથે તેમની મર્યાદાઓ તરફ પણ અંગુલિનિર્દેશ કરવાનું લેખક શરદભાઈ શાહ ચૂક્યા નથી. ઉદા. તરીકે, જસ્ટિસ ભગવતીસાહેબ દ્વારા એ. ડી. એસ. જબલપુર વિ. શિવકાંત શુક્લાના કેસમાં 1975થી 1977ના કટોકટી સમય દરમિયાન વ્યક્તિની ગેરકાયદેસર અટકાયત કરી હોય તોપણ તેના અંગે હેબિયર્સ કોર્પસ રીટ ચાલે નહીં તેવું તેમણે ઠરાવ્યું. તેમના આ ચુકાદાની દેશમાં ભારે ટીકા થઈ. ફલી નરીમાન ભોપાલ દુર્ઘટના કેસમાં

યુનિયન કાર્બાઇડના વકીલ તરીકે રોકાતાં તેઓ ભારે ટીકાનો ભોગ બન્યા હતા વગેરે. આ ઉલ્લેખો લેખકના નિષ્પક્ષ વલણને ઉજાગર કરી આપે છે. આ સાથે જ લેખક આ ચરિત્રચિત્રણો પૈકી અટર્ની જનરલ શ્રી મોતીલાલ સેતલવાડના ચરિત્રચિત્રણમાં મુંદ્રા સ્કૅન્ડલ તપાસ કે વર્લ્ડ કૉર્ટની કાર્યવાહી અને મહત્ત્વની ઘણી અન્ય બાબતોનો સમાવેશ છૂટી જવા સંદર્ભે, જસ્ટિસ એમ. હિદાયતુલ્લાનું ચરિત્ર તેમની આત્મકથાના આધારે તૈયાર કરતાં અને આ આત્મકથા ઉપરાષ્ટ્રપતિ પદે નિયુક્ત થયા પૂર્વે પ્રકાશિત થઈ હોવાથી પોતાના લેખમાં ઉપરાષ્ટ્રપતિ તરીકેની કામગીરીનો સમાવેશ ન કરવા માટે ખેદ વ્યકત કરતા જોવા મળે છે, જેમાં નિખાલસતા અને મર્યાદાઓના એકરારનાં દર્શન થાય છે.

કાનૂનવિદોની અસાધારણ સિદ્ધિઓ, દેશભક્તિ, ક્વચિત્ માનવીય મર્યાદાઓ વગેરેને ઉજાગર કરી આપવાની સાથે સાથે આનુષંગિક બાબતો, જેમ કે ન્યાયમૂર્તિઓની નિમણૂકો, કાનૂનવિદોની પેઢીઓ, ગુજરાત હાઈકૉર્ટ અને સુપ્રીમ કૉર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓ, 20મી સદીના લબ્ધપ્રતિષ્ઠ ન્યાયમૂર્તિઓ અને વકીલો, સ્વાતંત્ર્ય ચળવળ વગેરેનો પ્રસંગોચિત સમાવેશ કરવામાં આવતાં પ્રસ્તુત પુસ્તક બહુવિધ રીતે મૂલ્યવાન બની રહે છે. ન્યાયમૂર્તિઓની નિમણૂકોમાં ગમા-અણગમાનાં વલણો કે પૂર્વગ્રહો સંબંધી કિસ્સાઓ પૈકી મુંબઈ હાઈકૉર્ટના ચીફ જસ્ટિસ Beaumontનું વલણ અંગ્રેજ વકીલ કે ન્યાયમૂર્તિને મુખ્ય ન્યાયમૂર્તિ બનાવવાનું રહ્યું હોવાથી, આ જગ્યા માટે શ્રી હરિદાસ કણિયા સિનિયર મોસ્ટ હોવા છતાં ચીફ જસ્ટિસ તરીકે તેમના નામની ભલામણ ન કરવી, સુપ્રીમ કૉર્ટના ન્યાયધીશોની સિનિયોરિટીની અવગણના કરીને મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી એ. એન. રે.ની નિમણૂક કરવી, જસ્ટિસ કૃષ્ણ આયર ફક્ત 3 વર્ષનો હાઈકૉર્ટ જજ તરીકેનો અનુભવ ધરાવતા હોવા છતાં સુપ્રીમ કૉર્ટના ન્યાયાધીશ તરીકે નિમણૂક કરવી, જસ્ટિસ શ્રી પી. એન. ભગવતી હાઈકૉર્ટના સિનિયર મોસ્ટ ચીફ જસ્ટિસ હોવા છતાં સુપ્રીમ કૉર્ટના જસ્ટિસ ગજેન્દ્રપ્રસાદ ગડકરની જસ્ટિસ વાય. વી. ચંદ્રચુડ પ્રતિ લાગણી હોવાથી તેમની નિમણૂક સુપ્રીમ કૉર્ટના જજ તરીકે પ્રથમ કરવા ભલામણ કરવી અને તેમની નિમણૂક થયા બાદ જસ્ટિસ શ્રી પી. એન. ભગવતીની નિમણૂક કરવામાં આવતાં સુપ્રીમ કૉર્ટના ચીફ જસ્ટિસ તરીકે લાંબા સમય સુધી સેવા આપવાની તકથી શ્રી ભગવતીસાહેબ વંચિત રહ્યા વગેરે. અહીં નિરૂપિત 7 ભારતીય કાનૂનવિદો પૈકી ૫ કાનૂનવિદો કે જેમના પિતા, દાદા, પરદાદા કે પુત્રએ વકીલ/ન્યાયમૂર્તિ તરીકે સેવાઓ આપી છે, ઉદા. તરીકે જસ્ટિસ ભગવતી-સાહેબના પિતાશ્રી શ્રી નટવરલાલ ભગવતીએ સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ (1951-1959), ફલી નરીમાનના પુત્ર રોહિંગ્ટને સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ, સુપ્રીમ કૉર્ટના ચીફ જસ્ટિસ વાય. વી. ચંદ્રચુડના પુત્ર ડી. વાય. ચંદ્રચુડે સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ, મોતીલાલ સેતલવાડના પિતા ચીમનલાલ સેતલવાડ મોટાગજાના વકીલ તથા મોતીલાલના દાદા અને પરદાદા ન્યાયાધીશ, બોમ્બે હાઈકૉર્ટના ચીફ જસ્ટિસ એમ. સી. ચાગલાના પુત્ર શ્રી ઇકબાલ ચાગલાને સુપ્રીમ કૉર્ટના ન્યાયમૂર્તિ તરીકે જોડાવાનું કહેવા છતાં વકીલ તરીકે સેવાઓ આપતા રહ્યા હતા, જેમનું અવસાન 85 વર્ષની વયે તા. 12 જાન્યુઆરી, 2025ના રોજ થયું. ઇકબાલ ચાગલાના પુત્ર રિયાઝ ચાગલા 2017થી બૉમ્બે હાઈકૉર્ટના જસ્ટિસ તરીકે સેવાઓ આપી રહ્યા છે વગેરે. આ સાથે જ અહીં ગુજરાત હાઈકૉર્ટના પ્રથમ મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી એ. ટી. દેસાઈ થી જસ્ટિસ શ્રી પી. એન. ભગવતી સુધીના અને સુપ્રીમ કૉર્ટના પ્રથમ ચીફ જસ્ટિસ શ્રી હરિદાસ કણિયાથી શરૂ કરી ઘણા ખરા મુખ્ય ન્યાયમૂર્તિઓની કામગીરીની નોંધ પ્રસંગોપાત્ત લેવામાં આવી છે. આ ઉપરાંત તત્કાલીન સમયના મુંબઈ હાઈકૉર્ટ અને સુપ્રીમ કૉર્ટના નામી વકીલો, જેમ કે, જમશેદજી કાંગા, ચીમનલાલ સેતલવાડ, ભુલાભાઈ દેસાઈ, મહમંદઅલી ઝીણા, કનૈયાલાલ મુનશી, એન. એમ. ભગવતી, સી. કે. દફ્તરી, ઈનેવેરારીટી, એચ. એમ. શીરવાડકર, સોલી સોરાબજી વગેરેની કૉર્ટોમાં ધાક અને પ્રદાન સંદર્ભે પ્રસંગોપાત્ત નોંધ જોવા મળે છે. સુવિદિત છે કે ભારતે મેળવેલ આઝાદીમાં દેશના વકીલોનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. અહીં ભાવિ વકીલ અને સુપ્રીમ કૉર્ટના ભાવિ ચીફ જસ્ટિસ શ્રી પી. એન. ભગવતીસાહેબે વિદ્યાર્થીકાળમાં 1942ની અંગ્રેજો ભારત છોડો ક્રાંતિમાં ભાગ લીધો હતો તેનું

સંક્ષેપમાં છતાં સુરેખ ચિત્રણ, સરકારના પગલાંના વિરોધમાં ઍડવોકેટ જનરલ તરીકે શ્રી મોતીલાલ સેતલવાડ દ્વારા રાજીનામું આપવાની ઘટનાઓને પણ આવરી લેવામાં આવી છે, જેમાં લેખકની વ્યાપક દૃષ્ટિનાં દર્શન થાય છે.

અત્રે ખાસ નોંધ લેવી રહી કે પ્રસ્તુત પુસ્તકને આવકારતાં તેની વિસ્તૃત, અધ્યયનશીલ અને વિદ્વત્તાપૂર્ણ સારગર્ભિત પ્રસ્તાવના - Forewordમાં સુપ્રીમ કૉર્ટના સન્માનનીય જસ્ટિસ શ્રી જે. બી. પારડીવાલાસાહેબે નોંધ્યું છે કે અહીં લબ્ધપ્રતિષ્ઠ કાનૂનવિદોનાં સીમાસ્તંભ સમાન પ્રદાન, કાનૂનના વિકાસમાં ફાળો, પ્રભાવક્ષેત્ર, વ્યવસાયિક કાર્યો અને નીતિમત્તા, સફળતા-નિષ્ફળતા વગેરે સુરેખ ઉજાગર કરી આપવામાં આવેલાં છે. આ ઉપરાંત લેખક દ્વારા નિરૂપિત પ્રત્યેક કાનૂનવિદની ઉપલબ્ધિઓમાં સહમતિનો સૂર પુરાવવાની સાથે ક્વચિત્ તેમાં વિશેષ ઉમેરણ કરવું, તેમજ નોંધપાત્ર ઐતિહાસિક મૂલ્ય ધરાવતા કેટલાક ચુકાદાઓ, વ્યક્તિત્વ વગેરે વિશે સંક્ષેપમાં નોંધ કરવા ઉપરાંત ન્યાયતંત્ર તેમજ સંબંધિત વ્યક્તિવિશેષ સંદર્ભેની કેટલીક ભીતરી વાતો, ઉદા. તરીકે, મુંબઈ હાઈકૉર્ટના સિનિયર જસ્ટિસ કે. સી. સેન દ્વારા મુખ્ય ન્યાયમૂર્તિ બનવા પ્રયાસ કરવો, પરંતુ તેમના બદલે તેમના જુનિયર એમ. સી. ચાગલાને ચીફ જસ્ટિસ બનાવવાનો ઔચિત્ય સભર નિર્ણય અંગેની વિગતો સુપ્રીમ કૉર્ટના માનનીય પૂર્વ મુખ્ય જસ્ટિસ ગજેન્દ્રગડકરની આત્મકથાના આધારે સાધાર ઉજાગર કરી આપી છે. શ્રી પારડીવાલાસાહેબે પ્રસ્તાવનાના પ્રારંભમાં લેખકને એક પ્રબુદ્ધ અને ઉમદા માનવીય સંવેદનશીલ વકીલ તરીકે ઓળખાવતાં નોંધેલ શબ્દો: 'Sharadbhai's life itself is an exemplary saga of a person, who by determined and dedicated work and by his legal erudition has achieved a place of pride in the galaxy of legal luminaries the State of Gujarat has produced... Duty is his deity, hard work is his watch word; excelsior his motto and perfection his passion.' તેમજ પ્રસ્તુત પુસ્તકની ગુણરાશિને ધ્યાને લઈ ન્યાયાધીશો, વકીલો વગેરેને હૃદયખોલીને કરેલ અપીલ: 'Each and every lawyer including the Judges should read this book and motivate themselves to achieve great heights in personal and professional career. Reading this book would make one and all realise that path to success is paved with determination, grit and challenges and above all, honesty, integrity and professional ethics' દૃષ્ટવ્ય બની રહે છે. આ મૂલ્યવર્ધિત નોંધ ઉપરાંત ગુજરાત હાઈકૉર્ટના સન્માનનીય જસ્ટિસ શ્રી ઉમેશ એ. ત્રિવેદીસાહેબે પ્રસ્તુત પુસ્તકની આગવી લાક્ષણિકતાઓને રેખાંકિત કરી આપતાં પાઠવેલ સંદેશ: *'Prernadayi Kanoonvido'* is a profound tribute to the stalwarts of the legal profession. It explores brilliant legal careers, impactful courtroom memories and offers an insightful look into the lives and contributions of prominent figures in the legal field... Through meticulous research and engaging narratives, it illuminates 10 prominent legal luminaries offering inspiration to all who value justice and the rule of law.' ધ્યાનાર્હ બની રહે છે. આ બંને પ્રતિભાવો લેખક અને વાચક બંને માટે પ્રોત્સાહક અને ગૌરવરૂપ ઘટનાઓ બની રહે છે.

સમગ્રતયા દેશ-વિદેશના 10 ભારતના-7, અમેરિકા-2 અને ઇંગ્લૅંડ-1 અને ભારતના 7 પૈકી 2 ગુજરાતના, જસ્ટિસ આગલા સાહેબના દાદા કચ્છના વતની, કચ્છમાંથી જ વેપાર અર્થે મુંબઈ ગયા હતા, તેથી તેમને પણ ગુજરાતના ગણી શકાય. પારસીઓ ઈરાનથી સૌ પ્રથમ ગુજરાતના સંજાણ બંદરે 8મી સદીમાં ઉતરીને ગુજરાતી બન્યા હતા. આ દૃષ્ટિએ 2 પારસી વકીલો પણ ગુજરાતી આમ અહીં કુલ 5 ગુજરાતના કાનૂનવિદો સમાવિષ્ટ છે. અગ્રણી પ્રતિભાશાળી કાનૂનવિદોના ફોટા સાથે સંશોધકીય અભિગમથી પ્રવાહી ભાષા-શૈલીમાં અખંડ ચરિત્રચિત્રણ કરીને ઍડવોકેટ લેખક શ્રી શરદભાઈ શાહે ગુજરાતી કાનૂન સાહિત્યની મોટી સેવા કરી છે. ભારતીય કાનૂનવિદોની જીવનગાથાઓ સવિશેષતઃ ભારતના કાનૂનક્ષેત્ર ઉપરાંત તત્કાલીન સમયના સમાજ, શિક્ષણ, રાજકારણ વગેરે વિશે પણ મૂલ્યવાન

માહિતી પૂરી પાડતી હોઈ એક દસ્તાવેજી ગ્રંથનું મૂલ્ય ધરાવે છે. પુસ્તકનું મુદ્રણ, બાંધણી, કવરપૃષ્ઠ વગેરે પણ ધ્યાનાકર્ષક બની રહે છે.

*

**વાઙ્મયસૂચિઃ ગુજરાતી બાળસાહિત્ય / સંકલન – સંપાદનઃ ડૉ. ઊર્જિતા પટેલ.** ગાંધીનગરઃ સંપાદિકા (૧૩ - બ્રિજ વિલા સોસાયટી, પોર - અડાલજ રોડ, પોર – ૩૮૨૪૨૧, ગાંધીનગર) X+૪૬૨ પૃ. ૨૦૨૫. કિ. રૂ. ૯૦૦. ISBN: 978-93-341-2582-5

નિર્દેશિત **'વાઙ્મયસૂચિઃ ગુજરાતી બાળસાહિત્ય'**માં પ્રાયઃ ૧૮૮૧ થી ૨૦૧૩ સુધીમાં પ્રકાશિત થયેલાં બાળસાહિત્યનાં પુસ્તકો પૈકી કુલ ૬૨૪૯ પુસ્તકોની યથાસંભવ ઉપલબ્ધ વાઙ્મયસૂચિય વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના સંલેખો પ્રાયઃ AACR 2 (ઍંગ્લો અમેરિકન કેટલોગિંગ રૂલ્સ – 2) અનુસાર બનાવવામાં આવ્યા છે. આ સૂચિને દ્રષ્ટિપૂત ૧૭ મુખ્ય વિષયો, જેમ કે, ઇતિહાસ, ઉખાણાં, કલા, કવિતાઓ, કહેવતો, ગણિત-વિજ્ઞાન, જીવનચરિત્રો, ધર્મ અને દર્શન, નવલકથાઓ, નાટકો, પત્ર સાહિત્ય, પ્રકૃતિ પરિચય, પ્રવાસ/ભૂગોળ, રમત-ગમત, રાષ્ટ્રીય વિકાસ, વાર્તાઓ/કથાઓ, શિક્ષણ અને તેના પેટા વિષયોમાં વિભાજિત કરીને તૈયાર કરવામાં આવી છે, જેમાં સંપાદિકાનો ધ્યેયનિષ્ઠ વિદ્યાકીય પુરુષાર્થ સ્પષ્ટ દૃશ્યમાન થાય છે. વિષય આધારિત મુખ્ય સંલેખોના વિભાગના અંતમાં કર્તાસૂચિ અને શીર્ષકસૂચિ આપવામાં આવી છે. કર્તાસૂચિ અંતર્ગત પ્રત્યેક કર્તાના નામની સામે કર્તાનાં અહી સમાવિષ્ટ પુસ્તકોને અકારાદિક્રમમાં ગોઠવીને તેની સામે પ્રત્યેક પુસ્તકનો અનુક્રમ નંબર દર્શાવવામાં આવ્યો છે, જ્યારે શીર્ષક(કૃતિ)સૂચિમાં પ્રત્યેક શીર્ષકની સામે કર્તાનું નામ અને અનુક્રમ નંબર દર્શાવવામાં આવ્યો છે. પ્રસ્તુત સૂચિના પ્રારંભે સૂચિના ઉપયોગ હેતુ સંલેખોની ગોઠવણી વિશે સોદાહરણ વિગતે સમજૂતી આપવામાં આવી છે.

પ્રસ્તુત સૂચિના સંપાદન હેતુ ફતેહસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય, પાટણ, ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ, રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય, ગાંધીનગર, મધ્યસ્થ ગ્રંથાલય, વડોદરા, સાગોડિયા આશ્રમ ગ્રંથાલય વગેરે ગ્રંથાલયોની રૂબરૂ મુલાકાત બાદ જે કૃતિઓ પ્રત્યક્ષ જોવા મળી નથી તે કૃતિઓની વાઙ્મયસૂચિય વિગતો આ પૂર્વે પ્રકાશિત બાળસાહિત્યની સૂચિઓ, અભ્યાસગ્રંથો, પ્રકાશકોનાં સૂચિપત્રો, લેખકોની રૂબરૂ મુલાકાતો કે લેખકો સાથે પત્રવ્યવહાર વગેરે બહુવિધ સ્રોતોના આધારે મેળવીને નોંધવામાં આવી છે. પરિણામસ્વરૂપે ગુજરાતી બાળસાહિત્ય સર્જનના સુદીર્ઘકાળને આવરી લેતી વ્યાપક અને વિસ્તૃત સૂચિ સુલભ થઈ શકી છે. અહી ઉલ્લેખિત પુસ્તકો પૈકી પ્રથમ મુદ્રિત પુસ્તક હરગોવિંદદાસ કાંટાવાળા કૃત **'અંધેરી નગરીનો ગંધર્વસેન'** છે, જેનુ પ્રકાશન ઈ.સ. ૧૮૮૧માં થયું હતું. આ કૃતિનો સંલેખ અનુક્રમ નંબર ૨૧ (પૃ. ૨) છે.

વાઙ્મયસૂચિ એ સંબંધિત સાહિત્યનું દર્પણ છે, જેનું મૂલ્ય બહુવિધ દ્રષ્ટિએ અદકેરું છે. સવિશેષતઃ પ્રસ્તુત વાઙ્મયસૂચિ બાળસાહિત્યના ઇતિહાસ-લેખન અને સંશોધન માટે કે જિજ્ઞાસાવશ કોઈ એક લેખકનાં કે કોઈ વિષયનાં કયાં કયાં પુસ્તકો પ્રકાશિત થયાં છે તે જાણકારી હેતુ ઉપકારક બની રહેશે. કાર્યદક્ષ ગ્રંથાલયી ડૉ. ઊર્જિતા પટેલનો પ્રસ્તુત સૂચિ તૈયાર કરવાનો શ્રમસાધ્ય અને દ્રષ્ટિપૂત પ્રયાસ અને તે પણ **'સ્વાન્તઃ સુખાય તુલસી રઘુનાથગાથા'**ની ભાવનાને આત્મસાત કરીને સ્વયં પ્રકાશિત કરવાનો પ્રયાસ સ્તુત્ય બની રહે છે.

ઉલ્લેખનીય છે કે ડૉ. ઊર્જિતા પટેલે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં B.Lib.Sc. અને M.Lib.Scની ડિગ્રી અનુક્રમે 'શ્રી પી. ટી. પટેલ સુવર્ણચંદ્રક' અને 'શ્રી પુરુષોત્તમ ગાંધી સુવર્ણચંદ્રક' મેળવીને ઉત્તીર્ણ કરી છે. 'કડી સર્વ વિશ્વવિદ્યાલય', ગાંધીનગરમાં વર્ષ ૨૦૦૮થી યુનિવર્સિટી લાઇબ્રેરિયન તરીકે સેવાઓ આપી રહ્યાં છે. પ્રસ્તુત વાઙ્મયસૂચિ પૂર્વે વ્યક્તિગત રીતે **'ગુજરાતી બાળસાહિત્યઃ સટિપ્પણ વાઙ્મયસૂચિ (પસંદગીયુક્ત)'** (2025), ISBN: ૯૭૮-૯૩-૩૪૧-૪૪૩૯-૦ કે જેમાં પસંદગીયુક્ત બાળસાહિત્યનાં પુસ્તકોની સૂચિ સમાવિષ્ટ પુસ્તકોના અનુક્રમ સાથે સટિપ્પણ તૈયાર કરીને પ્રકાશિત કરવામાં આવી છે. આ ઉપરાંત અન્યોના સહયોગમાં **'મણિભાઈ પ્રજાપતિઃ વાઙ્મયસૂચિ'** (૨૦૨૧) અને **'સર્વ વિદ્યાલયના ગૌરવપુરુષ અને સામાજિક સમરસતાના પુરસ્કર્તા સ્વ. વકીલ ધનાભાઈ પટેલ સ્મૃતિગ્રંથ'** (૨૦૨૨)નું સંપાદન કર્યું છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### એકપાત્રિય અભિનય

▪ 'એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન' અને 'સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન', કડીમાં તા. ૨૧ ડિસેમ્બરના રોજ 'એકપાત્રિય અભિનય સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૧૬ તાલીમાર્થીઓએ વિવિધપાત્રો પર અભિનય રજૂ કર્યો હતો.

### કાર્યશિબિર

▪ 'એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન', 'સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન', કડી અને 'વિક્રમ એ. સારાભાઈ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર', અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૬-૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના દિવસોમાં STEM Hands–On Training Workshop યોજાયો. જેમાં Aligned with NEP-2020, Hands of Activities, Model Making. Demonstration of Useful TLM, Effectives STEM Teaching Methods, Use of Low Cost Material in STEM Education જેવા વિષયો પર વિક્રમ સારાભાઈ સેન્ટરની ટીમ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી, જેમાં બંને કૉલેજોના ગણિત-વિજ્ઞાનના અધ્યાપકો તેમજ ગણિત-વિજ્ઞાનના ૫૦ પ્રશિક્ષણાર્થીઓએ ભાગ લીધો હતો.

### કોર્પફેસ્ટ

▪ 'ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન' દ્વારા 'CorpFest-2025'નું આયોજન તા. ૩૦-૩૧ જાન્યુઆરીના દિવસોમાં કરવામાં આવ્યું. આચાર્યશ્રી ડૉ. રમાકાંત પૃષ્ટીએ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં ભણાવવામાં આવેલ જ્ઞાનની પ્રાયોગિક ચકાસણી તેમજ તેમાં મૂલ્યવર્ધન કરવા માટે આ પ્રકારના કાર્યક્રમોની આવશ્યકતા સમજાવી હતી. આ પ્રસંગે કેરિયર કાઉન્સલિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું. પ્લેસમેન્ટ માટે ૭ કંપનીઓ હાજર રહી હતી. વધુમાં, ૧૫ પ્રવૃત્તિઓનું આયોજન કરતાં વિદ્યાર્થીઓ દ્વારા ૨૫ બિઝનેશ મોડેલ્સ રજૂ કરવામાં આવ્યાં હતાં. ૧૫૨ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

### દિન વિશેષ ઉજવણી

▪ "એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ' દ્વારા દિન વિશેષ ઉજવણીના આયોજન અન્વયે પ્રથમ દિવસે બોલીવૂડ થીમ અંતર્ગત વિદ્યાર્થીઓએ જાણીતી બોલીવૂડ ફિલ્મોની પસંદગી કરી તેનાં વિશિષ્ટ દશ્યો, ફિલ્મોના સંવાદ, હાવભાવની પ્રસ્તુતિ કરી, જ્યારે બીજા દિવસે 'સાંસ્કૃતિક દિવસ' અંતર્ગત વિદ્યાર્થીઓએ વિવિધ રાજ્યોનાં પરંપરાગત વસ્ત્ર ધારણ કર્યાં અને રાજ્યની ખાસ પરંપરાગત વાનગીઓ તૈયાર કરવા ઉપરાંત રાજ્યની સંસ્કૃતિ, લોકકલા અને પરંપરાઓને લગતી વિગતો રજૂ કરી હતી.

▪ 'એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન' અને 'આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ. કૉલેજ'ના તાલીમાર્થીઓ દ્વારા તા. ૨૭ જાન્યુઆરીથી ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન વિવિધ દિવસો, જેમ કે, વાઇટ ઍન્ડ સિગ્નેચર, ટ્રેડિશનલ, પર્યાવરણ, મિસ મૅચ બ્લૅક, વગેરેની ઉજવણી કરવામાં આવી.

### પત્રકારત્વ

▪ ગુજરાત પ્રેસ અકાદમી ગાંધીનગર અને પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે એ. એમ. એ., અમદાવાદ ખાતે માહિતી નિયામક કે. એલ. બચાણીના અધ્યક્ષસ્થાને લેખન-કૌશલ્ય અને પરિસંવાદનો કાર્યક્રમ યોજાયો, જેમાં ઉત્તર ગુજરાત ઝોનના નવ જિલ્લાઓના કર્મચારીઓ દ્વારા લખવામાં આવેલ ખાસ લેખક, સાફલ્યગાથા તથા પ્રાકૃતિક કૃષિ વિશેષ લેખો માટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં પત્રકારત્વ વિભાગ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી રેશ્માબેન નીનામા (અરવલ્લી જિલ્લા માહિતી મદદનીશ)ને શ્રેષ્ઠ ખાસ લેખ માટે તથા નેહાબેન તલાવિયા (ગાંધીનગર જિલ્લા માહિતી કચેરી)ને શ્રેષ્ઠ સાફલ્યગાથા માટે, વરિષ્ઠ પત્રકાર શ્રી અજય ઉમટના વરદહસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યાં. આ કાર્યક્રમ સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે તથા અમદાવાદ જિલ્લાના નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુ ઉપાધ્યાય દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.

### ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન

▪ 'અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ' દ્વારા Alumni Meet નો કાર્યક્રમ શ્રી કેયૂર જેઠવા (એડિશનલ

કલેક્ટર અને જનરલ મૅનેજર, ગુજરાત રાજ્ય સિવિલ સપ્લાય કોર્પોરેશન) કે જેઓશ્રી આ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે તેમના અતિથિવિશેષપદે તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો. આ સાથે વર્ષ ૨૦૦૨-૨૦૦૫ની પ્રથમ બેચના ૨૫ વિદ્યાર્થીઓ, ૧૧૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને હાલના ૧૫૦ વિદ્યાર્થીઓએ આ સ્નેહમિલનમાં ભાગ લીધો હતો. પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝાએ વિદ્યાર્થીઓનું સ્વાગત કરી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સફળતાના ગૌરવમય પ્રસંગો યાદ કર્યા હતા. આ અવસરે જેમણે જીવનમાં મહત્ત્વના માઈલસ્ટોન હાંસલ કર્યા છે તેમને કૉલેજ તરફથી સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ શૈક્ષણિક અને વ્યવસાયિક અનુભવો જણાવવા ઉપરાંત કૉલેજ સાથેની યાદોને તાજી કરી હતી.

▪ 'શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ' અને 'એસ. વી. કે. એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ ડિપાર્ટમેન્ટ'ના M.sc-IT, B.Sc.(CS) અને BCAના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની 'એલુમની મીટ ૨૦૨૫'નું આયોજન એલ.ડી.આર.પી. કૅમ્પસમાં તા. ૮ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું. આ પ્રસંગે કમ્પ્યૂટર વિદ્યાશાખાના ડીન ડૉ. રૂપેશ વ્યાસ અને ડિપાર્ટમેન્ટના વડા ડૉ. ભદ્રેશ પંડ્યા દ્વારા સૌનું સ્વાગત કરતાં પ્રસ્તુત સંમેલન યોજવાનો હેતુ જણાવવામાં આવ્યો હતો. આયોજિત મીટમાં પોત-પોતાના ક્ષેત્રમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ડૉ. રૂપેશ વ્યાસ, ડૉ. ભદ્રેશ પંડ્યા અને કો-ઓર્ડિનેટર પ્રો. ડિન્કન પટેલ દ્વારા મેમેન્ટો તથા પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ અભ્યાસ દરમિયાનના યાદગાર પ્રસંગો અને વ્યવસાયિક જીવનના અનુભવો જણાવ્યા હતા.

## રમતોત્સવ

▪ 'અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ' દ્વારા તા. ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ આયોજિત રમતોત્સવમાં ૧૦ જેટલી વિવિધ રમતો, જેમ કે, ૧૦૦ મીટર દોડ, ૪ x ૧૦૦ મીટર રિલે, લાંબી કૂદ, હર્ડલ રેસ, વૉલીબૉલ, ટીમ બિલ્ડિંગ ઈવેન્ટ, ત્રિપગી રેસ અને ટગ ઑફ વોર (રસ્સા ખેંચ)નું આયોજન કરવામાં આવતાં ૩૫૦થી અધિક વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમારોહમાં મુખ્ય મહેમાન શ્રીમતી નૌરિન વાઈપના (ઇન્ચાર્જ ડિરેક્ટર, રમતગમત, કડી સર્વ વિશ્વવિદ્યાલય)એ વિદ્યાર્થીઓને પ્રેરણા આપી. પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝાએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને રમતગમતમાં સક્રિય ભાગ લેવા માટે શીખ આપી. આ પ્રસંગે વિજેતા વિદ્યાર્થીઓને ચંદ્રકો અને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## Rainbow Week

▪ એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ (એમ. બી.એ. અને એમ.બી.એ.(ઇન્ટ્રીગ્રેટેડ) પ્રોગ્રામ), કડીમાં Rainbow Week અંતર્ગત વિવિધ દિવસો જેવાં કે એક્ઝિક્યૂટિવ ડે, ટ્રેડિશનલ ડે સાથે વિવિધ સ્પર્ધાઓ જેવી કે, એડ મેડ શો, ક્લાસ ડેકોરેશન, મિસ્ટર એન્ડ મિસ SVIM પણ યોજાઈ હતી. એડ મેડ શોમાં વિવિધ પ્રોડક્ટ્સની ઇનોવેટિવ જાહેરાત બનાવી અસરારક રીતે પ્રદર્શિત કરી હતી, તેમજ વિવિધ વિષયો, જેવા કે, હસ્તિનાપુરની થીમમાં દ્રૌપદી વસ્ત્રાહરણનું દૃશ્ય, Halloween થીમ, પંજાબ રાજ્યની સાંસ્કૃતિક ઝાંખી, ભારતીય પરંપરાથી થતી લગ્નપ્રથા તથા નૃત્યની ઝાંખી રજૂ કરી હતી. મિસ્ટર એન્ડ મિસ SVIM સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભૂતપૂર્વ મિસિસ ઇન્ડિયા તેમજ CID સિરિયલનાં એક્ટ્રેસ જીમ્મી નંદા તેમજ CID સિરિયલના એક્ટર શ્રી અભય શુક્લા નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## લા-કમ્પાસ ૨૦૨૫

▪ 'શ્રી એમ. એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સિસ ઍન્ડ રિસર્ચ'ના M.Sc.-IT વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાનો 'લા-કમ્પાસ ૨૦૨૫'નું આયોજન તા. ૧૫ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું, જેનું ઉદ્‌ઘાટન વિદ્યાશાખાના ડીન ડૉ. રૂપેશ વ્યાસ, વિભાગના હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ ડૉ. ભદ્રેશ પંડ્યા, ડૉ. વિજય ચાવડા વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. ડૉ. રૂપેશ વ્યાસ અને ડૉ. ભદ્રેશ પંડ્યાએ પ્રસંગોચિત ઉદ્‌બોધનોમાં પ્રસ્તુત સમારોહની પ્રસ્તુતતા સમજાવી હતી. ટૅક્‌નિકલ ઇવેન્ટમાં સાયબર સિક્યોરિટી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ તથા કલાઉડ કમ્પ્યૂટર જેવા વિષયો ઉપર પરિસંવાદ તથા કાર્યશિબિર યોજવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે તજ્‌જ્ઞ તરીકે ઉપસ્થિત શ્રી વિરલ પરમાર, (ડાયરેક્ટર, કોમ એક્સ્પો સાયબર સિક્યોરિટી ફાઉન્ડેશન), ધર્મેન્દ્ર શાહ, (સાયન્ટિસ્ટ – બી, ઇન્ફલિબનેટ) અને પ્રો. દેબબ્રતા સ્વૈન (પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી, ગાંધીનગર) એ આવનાર સમયમાં એ.આઈ. જેવી નવી ટૅક્‌નિક સાથે કેવી રીતે તાલમેલ મેળવી શકાય તેમજ સેમિનાર તથા વિવિધ સ્પર્ધાઓની ઉપયોગિતા વિશે વિચારો પ્રગટ કર્યા હતા. વધુમાં, વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રદર્શિત કરવા માટે કમ્પ્યૂટર ડિ-કોડિંગ તથા નેટવર્ક ગેમિંગ જેવી સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતની ૨૭ કૉલેજોમાંથી ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થા દ્વારા તમામ કૉલેજોના વિજેતા તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓને મેમેન્ટો તથા પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

## વાર્ષિકોત્સવ

▪ 'આર. એન. લલિતકલા એકેડેમી'નો રંગારંગ વાર્ષિકોત્સવ 'સાધના ૨૦૨૫'નું આયોજન 'શેઠ ખીમજી વિશરામ ઍન્ડ સન્સ સંસ્કારભવન' ખાતે તા. ૨૫/૦૧/૨૦૨૫ના રોજ કરવામાં આવ્યું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સાહિત્યકાર અને સંગીતકાર શ્રી રગી ખંભાલવી, પ્રિ. શ્રીમતી સલીના નાયર (એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ) અને પ્રિ. સુખરામભાઈ ચૌધરી (એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ) ઉપસ્થિત રહ્યાં હતાં. એકેડેમીનાં સંચાલિકા શ્રી દિનાબેન ડોડિયાના માર્ગદર્શન હેઠળ વિવિધ કલાઓના કલાગુરુઓ શ્રી શકુંતલાબેન ઓઝા, શ્રી વરુણ યાજ્ઞિક, શ્રી રોશની બ્રહ્મભટ્ટ, શ્રી વિવેક દેવીપૂજક તથા કોચ શ્રી મનીષ રાજભાઈ, શ્રી મેશ્વી રાવલ, શ્રી વિનય બોડાત અને શ્રી વસીમ મન્સૂરી દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાનશ્રીઓના વરદ્હસ્તે તાલીમાર્થીઓને સર્ટિફિકેટ્સ એનાયત કરવામાં આવ્યાં હતાં.

### વ્યાખ્યાન

▪ 'બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન' ખાતે 'પ્રત્યક્ષ અને પરોક્ષ કરવેરાનાં મહત્ત્વપૂર્ણ ક્ષેત્રો વિષય પર ટૅક્સ એક્સપર્ટ ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી પૂજારાના તજજ્ઞ વ્યાખ્યાનનું આયોજન તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. તેમણે ટૅક્સ કન્સલ્ટન્ટ તરીકે કરવેરા ક્ષેત્રનો ઇતિહાસ તેમજ તેના અસ્તિત્વ અને તેમાં સમયાંતરે આવેલા ફેરફારો તેમજ ભારતીય અને વૈશ્વિક અર્થતંત્રના વિકાસ બાબતે તલસ્પર્શી માહિતી આપવા ઉપરાંત કારકિર્દીના ઘડતરમાં રહેલ સંભાવનાઓ તેમજ તેના માટે જરૂરી લાયકાત અને તે માટેના પ્રોફેશનલ કોર્સિસ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. વધુમાં GST, CGST અને IGSTની માહિતી આપીને ટૅક્સેશન ક્ષેત્રે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો શું ફાળો રહેશે તે બાબતે અને મૅનેજમેન્ટના વિદ્યાર્થીઓ માટે તેનાથી કેવી તકો ઉપલબ્ધ થશે તેની વિસ્તૃત માહિતી આપી હતી. આ ઉપરાંત કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી ધ્રુવીન દવે કે જેઓ ગાંધીનગર જિલ્લા ન્યાયાલયમાં વકીલ તરીકે સેવારત છે તેઓને તજ્ જ્ઞ તરીકે આમંત્રિત કરવામાં આવતાં તેમણે કાનૂની ક્ષેત્રના ઇતિહાસ, તેના અસ્તિત્વ અને તેમાં સમયાંતરે આવેલ ફેરફાર તેમજ ગ્રાહક સુરક્ષા કાયદો, કરાર કાયદો, માલ વેચાણ કાયદો વગેરે વિશે સમજ આપી હતી.

▪ 'ફેકલ્ટી ઑફ ઍજ્યુકેશન' અને 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ'ના ઉપક્રમે તા. ૨૪/૦૧/૨૫ના રોજ ગુજરાતી સાહિત્યના પ્રતિભાવંત સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠીની બૃહદ સામાજિક નવલકથા 'સરસ્વતીચંદ્ર' વિશે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તજજ્ઞ 'યુ.પી. આર્ટ્ સ કૉલેજ', પિલવાઈના સેવાનિવૃત્ત પ્રા. ડૉ. યશોધરા હ. રાવલે 'સરસ્વતીચંદ્ર' નવલકથાનું વિષયવસ્તુ, પાત્રનિરૂપણ વગેરેનો પરિચય કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં 'ઉમા આર્ટ્ સ કૉલેજ'ની વિદ્યાર્થિનીઓ તથા અધ્યાપકો ડૉ. ભરતભાઈ અને ડૉ. કિરણબહેન, તેમજ 'એસ. એસ. પટેલ કૉલેજ ઑફ ઍજ્યુકેશન'નાં એચ.ઓ.ડી. ડૉ. સુનિતાબેન લીલાણી, શ્રી શંકરસિંહ ચાવડા અને ખૂશ્બુ રાવલ ઉપસ્થિત રહ્યાં હતાં.

## શિક્ષક પ્રશિક્ષણ

▪ 'એસ. વી. કૉલેજ ઑફ ઍજ્યુકેશન' અને 'સૂરજબા કૉલેજ ઑફ ઍજ્યુકેશન', કડીના ઉપક્રમે ભાવિ શિક્ષકોના ઘડતર હેતુ તા. ૩ થી ૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી 'Insightful Learning: Skills, Knowledge & Values' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ડૉ. આશિષ ઠાકરે 'Basics of Dramatic Art in Education' વિષય અંતર્ગત નાટ્યકલાની આંટીઘૂંટીઓ અને શિક્ષણમાં તેના ઉપયોગ અંગે વિવિધ પ્રવૃતિઓના માધ્યમ દ્વારા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કમ્પ્યૂટર વિશે શ્રી વિજય પટેલ દ્વારા 'Preface & insight of computer hardware' શ્રી દિગીશભાઈ વ્યાસે 'વાણી કૌશલ્ય, વૉઈસ ઍન્ડ સ્પીચ મોડ્યુલેશન' વિષય અંતર્ગત વાચિકમ તેમજ અવાજના આરોહ અવરોહની વિવિધ ટેક્ નિક, ડૉ. નિતલ પટેલે 'NEP 2020: New Era in Education', ડૉ. સરલા ચૌધરીએ શિક્ષણમાં ભારતીય જ્ઞાન પરંપરા અને ડૉ. દુષ્યંત અલગોતરે Resolving Ethical Conflicts: Lessons from Bhagvadgeeta વિશે સમજ આપી હતી.

## શ્રી અરવિંદ સાધનાકેન્દ્ર

▪ 'બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન'ના વિદ્યાર્થીઓ માટે ખેડા જિલ્લાના ઓમપુરી ખાતે તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ શિબિર યોજવામાં આવી. જેમાં 'શ્રી અરવિંદ સાધનાકેન્દ્ર', ગાંધીનગરના ડૉ. સી. કે. તન્ના તથા કેન્દ્રના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા શ્રી અરવિંદ, શ્રી માતાજી, ઓરોવિલ્લ-માતૃમંદિર તેમજ પૉંડિચેરી આશ્રમ વગેરે વિશે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં વિદ્યાર્થીઓ વૃક્ષારોપણ તેમજ સફાઈ અભિયાનમાં પણ જોડાયા હતા.

### સન્માન

▪ 'ઉમા આર્ટ્ સ અને નાથીબા કૉમર્સ મહિલા

કૉલેજ’માં અંગ્રેજી વિષયના અધ્યાપક ડૉ. પ્રણવ જોષીપુરાને વિશ્વ માતૃભાષા દિવસ તા. ૨૧/૦૨/૨૦૨૫ના રોજ ‘ગુજરાત સાહિત્ય અકાદમી’, ગાંધીનગર દ્વારા આયોજિત શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક સમારોહમાં તેમના એકાંકી સંગ્રહ **‘હું... રોશની પંડ્યા’** ને એકાંકી સ્વરૂપમાં શ્રેષ્ઠ પુસ્તકનો પ્રથમ ક્રમે ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ પારિતોષિક અન્વયે તેમને રૂ. ૧૧૦૦૦/- નો ચેક આપવામાં આવ્યો હતો. ગુજરાતી ભાષામાં લખાયેલ આ એકાંકી સંગ્રહમાં પાંચ એકાંકીઓ છે, જેનું પ્રકાશન ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૨માં કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ. પ્રણવ જોષીપુરા નાટકક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન કરે છે, તેમજ તેમનાં વિવેચનનાં પુસ્તકો અને લેખો ભારત તેમજ વિદેશથી પ્રકાશિત થયેલાં છે. તદ્ઉપરાંત તા. ૧૭ થી ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ દરમિયાન ઈન્દોર, (મધ્યપ્રદેશ) ખાતે યોજાયેલ ૩૧મી નેશનલ માસ્ટર ટેબલ ટૅનિસ ચૅમ્પિયનશિપમાં ગુજરાતની ટીમ વતી ભાગ લઈ ૪૯+ના ઉમર વિભાગમાં રાષ્ટ્રીય ચૅમ્પિયનશિપ પ્રાપ્ત કરી છે.

## સર્વ નેતૃત્વ

▪ વિશ્વવિદ્યાલય દ્વારા ૨૦૦૯થી યોજાતી પાંચ દિવસીય સર્વ નેતૃત્વની શતાબ્દી શિબિર તા. ૬ થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૫ દરમિયાન યોજવામાં આવતાં ૨૫ કૉલેજોના ૧૦૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. ઉદ્ઘાટન સત્રમાં ‘સર્વ વિદ્યાલય કેળવણી મંડળ’ના ચૅરમૅન અને ‘કડી સર્વ વિશ્વવિદ્યાલય’ના પ્રેસિડેન્ટશ્રી વલ્લભભાઈ એમ. પટેલે આદર્શ સંતાન, આદર્શ વિદ્યાર્થી અને આદર્શ નાગરિક બનવાની પ્રેરણા પૂરી પાડીને જણાવ્યું હતું કે ઉમદા માણસ બની, સારા સમાજના નિર્માણમાં યુવાનો મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી શકે છે. આજે સમાજને સંવેદનશીલ યુવાનોની જરૂરિયાત છે, જે સમાજના પ્રશ્નોના સમાધાન લાવવામાં પોતાનું યોગદાન આપે, કોઈ પણ વ્યક્તિની પીડાને જાણે અને બને તેટલી મદદ કરવા આગળ આવે. આ સાથે ‘કર ભલા હોગા ભલા’ અને ‘શિક્ષણ એ જ સાચી સેવા’ના સૂત્રને ચરિતાર્થ કરવા માટે આહ્વાન કર્યું હતું. ટ્રેનર તરીકે શ્રી હરેશભાઈ પટેલે ઉમદા નેતૃત્વ કૌશલ્ય વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી શીખવ્યું હતું. અતિથિ વક્તાશ્રીઓ પદ્મશ્રી ગેનાભાઈ પટેલ, નારીશક્તિ ઍવૉર્ડથી સન્માનિત સાર્થક જીવન ઘડતર કરનારાં શ્રી નિષ્ઠાબેન ઠાકર અને રોડ સેફ્ટી માટે રાષ્ટ્રીય ઍવૉર્ડ પ્રાપ્ત કરેલ શ્રી અમિતભાઈ ખત્રીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ‘સર્વ નેતૃત્વ’ની ૯૯મી શિબિર તા. ૨૭થી ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજવામાં આવતાં વિશ્વવિદ્યાલયની ૨૦ કૉલેજોના ૭૫ વિદ્યાર્થીઓ જોડાયા હતા. તજ્જ્ઞ તરીકે શ્રી કમલ ડબાવાલા (નડિયાદ) એ સ્વ. વિકાસ અને અસરકારક નેતૃત્વ વિશે માર્ગદર્શન આપ્યું હતું.

▪ ‘સર્વ નેતૃત્વ’ ટીમના યુવાનોએ ઉત્તરાયણપર્વ પ્રસંગે ગાંધીનગરનાં વિવિધ જાહેર સ્થળોમાં રેલી, બેનરો તેમજ સૂત્રોચાર દ્વારા ચાઇના દોરીનો ઉપયોગ ન કરવા અને પક્ષીઓને ઘાતક દોરીથી બચાવવા સવારે ૬ થી ૯ અને સાંજે ૫ થી ૭ પતંગ ન ઉડાડવા વિનંતી કરી હતી. લોકજાગૃતિનો આ કાર્યક્રમ ઉત્તરાયણ શરૂ થવાના એકાદ સપ્તાહ પૂર્વે શરૂ કરવામાં આવ્યો હતો.

▪ ‘સર્વ નેતૃત્વ’ ટીમ દ્વારા સ્વામી વિવેકાનંદની ૧૬૩મી જન્મજયંતીની રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવણી એમ.એમ. પટેલ હૉલ, સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં કરવામાં આવી. પ્રારંભમાં પ્રા. સૂરજ મુંજાણી દ્વારા મહાનુભાવો અને યુવાનોનું સ્વાગત કરવામાં આવ્યું. રામકૃષ્ણ વિવેકાનંદ કેન્દ્ર, ગાંધીનગરના અધ્યક્ષશ્રી રજનીભાઈ ભટ્ટે સુચિંતનીય વક્તવ્યમાં જણાવ્યું હતું કે માનવ જીવનના પ્રાણ પ્રશ્નોનો ઉકેલ સ્વામીજીના જીવન અને સાહિત્યમાંથી મળી રહેશે, તેમજ આંતર વિકાસ માટે પણ ઉપયોગી નીવડશે, તેથી તેમના સાહિત્યનું સતત વાંચન, ચિંતન કરવું જોઈએ. ‘સર્વ નેતૃત્વ’ના કોઓર્ડિનેટર ડૉ. ધર્મેન્દ્ર પટેલે યુવાનોને સફળતાનું રહસ્ય વિશે વાત કરતાં જણાવ્યું હતું કે ધ્યેય સિદ્ધિની સાથે-સાથે સુખ, શાંતિ, સંતોષ અને જીવનની કૃતકૃત્યતાની અનુભૂતિ થાય તો જ તેને જ સાચી સફળતા કહી શકાય, તેમજ સફળ જીવન માટે આત્મશ્રદ્ધા, સ્વને ઓળખવા આત્મજ્ઞાન, આત્મનિર્ભર, આત્મસંયમ, અને આત્મત્યાગ આવશ્યક છે. ઉપસ્થિત વિદ્યાર્થીઓને વિવેકાનંદનાં પુસ્તકો ભેટમાં આપવામાં આવ્યાં હતાં.

## સાયબર સુરક્ષા

▪ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ’માં સાયબર સુરક્ષા, તેમજ માદક પદાર્થ વિરોધી તથા માર્ગસુરક્ષા જાગૃતતા કાર્યક્રમનું આયોજન તા. ૧૧-૧૨ ડિસેમ્બરના દિવસોમાં કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં પ્રિ. ડૉ. વિજ્ઞા ઓઝાએ નિવૃત્ત પોલીસ ઑફિસર શ્રી પ્રવીણ વાલેરાનું સ્વાગત કરી પરિચય કરાવ્યો હતો. વિશેષજ્ઞ શ્રી પ્રવીણ વાલેરાએ માર્ગ સુરક્ષા જાગૃતતા, સાયબર સુરક્ષા, માદક પદાર્થોની હાનિકારક અસરો તેમજ હેમ રેડિયોની ઉપયોગિતા વિશે વિગતે માહિતી આપી હતી.

# શાળા વિભાગ

## આરોગ્ય

▪ 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ.મા. કન્યા શાળા'માં અર્બન હેલ્થ સેન્ટર સેક્ટર-૨૯ના ડૉ. નિકેશભાઈ પ્રજાપતિ અને ડૉ. દિવ્યા વ્યાસ દ્વારા ધો. ૭ થી ૧૨ની ૧૪૦૦ વિદ્યાર્થિનીઓને આરોગ્ય જાળવણી વિશે સમજ આપીને આવશ્યક દવાઓની ગોળીઓ તથા સેનેટરી પેડ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

▪ 'શ્રીમતી એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં RBSK ટીમ, અર્બન હેલ્થ સેન્ટર સેક્ટર-૨૯ દ્વારા 'ટીબી મુક્ત ભારત અભિયાન' અંતર્ગત ચિત્રસ્પર્ધા અને માર્ગદર્શન શિબિરનું આયોજન તા. ૨૨ જાન્યુઆરીના રોજ કરવામાં આવતાં બાળકોને સ્ટેશનરી કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ટી.બી. અધિકારીઓ ડૉ. હરેશ પટેલ અને ડૉ. હર્ષદ રાઠોડે માર્ગદર્શન આપ્યું હતું.

## ઇનામ વિતરણ

▪ 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ.મા. કન્યા શાળા'માં કરુણા અભિયાન, પ્રતાપપુરા ખાતે આયોજિત એન.એસ.એસ. શિબિર તથા સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત 'આયના અક્ષ-યાહુ-૨૦૨૪' અંતર્ગત આયોજિત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થિનીઓને ઇનામો અને પ્રમાણપત્રો એનાયત કરવાનો સમારંભ તા. ૩૧/૧/૨૫ના રોજ આયોજિત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે આચાર્યશ્રી કલ્પનાબહેન પટેલે દાતાશ્રી તથા મહેમાનશ્રી રમણભાઈ બી. પટેલનો પરિચય કરાવીને તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે કરુણા અભિયાન અંતર્ગત ૨ કિલોથી લઈ ૮ કિલો સુધી પતંગની દોરી એકત્રિત કરી લાવનાર કુલ ૧૯૩ વિદ્યાર્થિનીઓને શ્રી મહેન્દ્રભાઈ બી. પટેલના વરદહસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવ્યા. વિદ્યાર્થિનીઓ દ્વારા કુલ ૨૨૫ કિલોથી અધિક દોરી એકત્રિત કરવામાં આવી હતી. રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા આયોજિત એન.એસ. એસ. શિબિરની ૫૦ શિબિરાર્થિનીઓને આચાર્યા શ્રીમતી કલ્પનાબહેન પટેલ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઑફિસર શ્રી જશુભાઈ સુતરિયા, સહકન્વીનર શ્રી દર્શનભાઈ કનેરિયા અને મહેમાનશ્રીના વરદહસ્તે સેવાશિલ્ડ એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવી હતી. 'કડી સર્વ વિશ્વવિદ્યાલય' સંચાલિત બી.બી.એ., બી.સી.એ. અને એમ.સી.એ. અને એમ.બી.એ. કૉલેજોના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'આયના અક્ષ-યાહુ-૨૦૨૪' કાર્યક્રમ અંતર્ગત આયોજિત થયેલ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થિનીઓને શિલ્ડ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. કલાસંઘ દ્વારા ચિત્રસ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યર્થિનીઓને કલાસંઘ દ્વારા ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ અર્પણ કરવામાં આવ્યા હતા. સાથે-સાથે કલાસંઘ દ્વારા શાળાને ટ્રૉફી એનાયત કરવામાં આવી. આચાર્યા શ્રીમતી કલ્પનાબહેન પટેલે પ્રસંગોચિત વક્તવ્યમાં વિદ્યાર્થિનીઓને ધન્યવાદ આપી તેમનાં સેવાકીય, માનવીય અને સ્પર્ધાત્મક કાર્યોને આવકારવા ઉપરાંત દાતાશ્રીઓનો પરિવાર વતી આભાર માન્યો હતો.

## ઉત્તરાયણપર્વ

▪ 'એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં ધો. ૭-૮ના વિદ્યાર્થીઓ માટે 'એન્વાયર્નમેન્ટ કેર ઍન્ડ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ' દ્વારા પક્ષી, વૃક્ષ અને જીવન બચાવો કાર્યક્રમનું આયોજન તા. ૮ જાન્યુઆરીના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના ટ્રસ્ટીશ્રી રજનીશભાઈ પટેલ તથા શ્રી શંકરભાઈ પટેલે ઉત્તરાયણ પર્વ નિમિત્તે પક્ષીઓની કાળજી રાખવા, વૃક્ષો બચાવવા તથા તમામ જીવસૃષ્ટિના સંરક્ષણ માટે ઉપયોગી માહિતી આપી હતી, તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા.

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૧૧ જાન્યુઆરીના રોજ ધો. ૧ અને ૨ના વિદ્યાર્થીઓને ઉત્તરાયણ પર્વનું મહત્ત્વ સમજાવીને ઉત્તરાયણ પર્વ પર સાવધાની અને સાવચેતી રાખવા શીખ આપી હતી.

▪ 'સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર' ખાતે તા. ૧૧/૦૧/૨૫ના રોજ આનંદોત્સવ તેમજ પતંગોત્સવની ઉજવણી કરવામાં આવી. વિદ્યાર્થીઓએ ૧૨ જેટલા ખાણીપીણીના સ્ટોલ બનાવ્યા હતા. તેમજ પતંગ અને ફીરકીના ઉપયોગની ઉત્તરાયણપર્વ પૂર્વે મજા માણી હતી. વિવિધ સ્ટોલમાંથી ઉત્તમ સામગ્રી બનાવનારને પુરસ્કાર આપી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

## કલાપ્રવૃત્તિ

▪ 'એસ. વી. ઇંગ્લિશ પ્રાઇમરી સ્કૂલ'માં પતંગ

બનાવવાનું આયોજન કરવામાં આવતાં વિદ્યાર્થીઓએ રંગબેરંગી કાગળો તેમજ સુશોભનની વસ્તુઓમાંથી સુંદર પતંગો બનાવ્યા હતા. આ પ્રસંગે શિક્ષકો દ્વારા ઉત્તરાયણ વિશે સમજ આપવામાં આવી હતી.

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૬ જાન્યુઆરીના રોજ ધોરણ ૬ અને ૭ના વિદ્યાર્થીઓએ રંગીન કાગળ તેમજ વર્તમાનપત્રોના કાગળમાંથી વિવિધ આકારોવાળા પતંગો બનાવ્યા. આ ઉપરાંત તા. ૨૨ ડિસેમ્બરના રોજ ધો. ૪ના વિદ્યાર્થીઓએ રંગીન કાગળમાંથી ક્રિસમસ ટ્રી, ફૂલદાની, દીવાલ સુશોભન વગેરે જેવી કલાકૃતિઓ બનાવી તથા ૨૫ જાન્યુઆરીના રોજ સલાડ સુશોભનની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

▪ 'શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા'માં ધો. ૩ની વિદ્યાર્થિનીઓ માટે ત્રાજવું તથા પ્રાણીઓનાં મહોરાં તથા ધો. ૫ની વિદ્યાર્થિનીઓ માટે કાગળના પૂઠામાંથી ઘર બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

▪ 'એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં ધો. ૧ થી ૭ના વિદ્યાર્થીઓ માટે રંગીન કાગળમાંથી વિવિધ પક્ષીઓ તથા અવનવી વસ્તુઓ, ઘર, તોરણ, ફૂલો અને ઉત્તરાયણ નિમિત્તે પતંગ બનાવવાની પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

▪ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'માં ધોરણ ૧ અને ૨નાં ભૂલકાંઓ માટે ચિત્ર સ્પર્ધા યોજવામાં આવતાં બાળકોએ ચિત્રોમાં સુંદર મજાના રંગ પૂર્યા હતા. આ ઉપરાંત પતંગ બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૧૭/૧૨/૨૪ના રોજ ધો. ૬ થી ૮ની વિદ્યાર્થિનીઓ માટે મેંદી સ્પર્ધા તથા તા. ૧૯ ડિસેમ્બરના રોજ ધો. ૬ થી ૮નાં બાળકો માટે સલાડ સુશોભન સ્પર્ધા યોજવામાં આવી હતી.

▪ 'શ્રીમતી એસ. ડી. પટેલ પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં મેકઅપ વિથ હેરસ્ટાઇલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૩૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત વેસ્ટમાંથી બેસ્ટ બનાવવી પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ખેલ મહાકુંભ

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'ની કબડ્ડીની ટીમ ખેલ મહાકુંભમાં તાલુકાકક્ષાએ દ્વિતીય ક્રમે વિજેતા થતાં જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામેલ છે. આ ઉપરાંત તા. ૧૦/૧/૨૦૨૫ના રોજ ગાંધીનગર શહેર ઝોનકક્ષાની ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓ અન્ડર-૧૧, અન્ડર-૧૪ અને અન્ડર-૧૭ ઍથ્લેટિકસની વિવિધ કુલ ૧૯ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા થયા છે.

▪ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'ના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભ ૨૦૨૪-૨૫ની જિલ્લાકક્ષાની અન્ડર ૧૪ ખો-ખોની ભાઈઓની ટીમ તૃતીય ક્રમે, અન્ડર-૧૪, વૉલીબૉલની ભાઈઓની ટીમ પ્રથમ ક્રમે વિજેતા થઈ. ઍથ્લેટિક્સઃ ૧. પટેલ હેની ભાવેશકુમાર (૪-ડી) સ્ટેન્ડિંગ બ્રોડજમ્પ-દ્વિતીય, ૨. સોલંકી સીયા અનિલભાઈ (૪-સી) સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ-તૃતીય, અન્ડર-૧૧ ઍથ્લેટિકસ બહેનો ૧. પટેલ દેવાંશી દિલીપભાઈ ૧૦૦ મીટર દોડમાં તૃતીય, અન્ડર-૧૪ ઍથ્લેટિકસ ભાઈઓઃ ૧. ચૌહાણ કરણસિંહ વિક્રમસિંહ (૮-એ) ૬૦૦ મીટર દોડમાં પ્રથમ, ૨. પટેલ દક્ષ જયેશભાઈ (૮-ડી) ઊંચી કૂદ તૃતીય, ૩. પટેલ વેદ કૌશિકભાઈ (૮-ડી) ઊંચી કૂદ- દ્વિતીય, ૪. વાઘેલા મહાવીરસિંહ હરિશસિંહ (૮-એ) ચક્રફેંક-તૃતીય ક્રમે વિજેતા થયા.

▪ 'શ્રીમતી કે. એ. પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકેન્ડરી શિવહરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'ના વિદ્યાર્થીઓએ ખેલમહાકુંભ ૩.૦માં કબડ્ડીમાં તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા અને મધ્યઝોન કક્ષાએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો. યોગાસનમાં વ્યક્તિગત અને આર્ટિસ્ટિકમાં પટેલ શ્લોક જિગરભાઈએ પ્રથમ નંબર મેળવ્યો. ટેબલટેનિસ (બહેનો)માં જિલ્લા કક્ષાએ પ્રથમ નંબર વૈદ્ય માલવી ગુંજનભાઈ અને પટેલ કીશ કલ્પેશભાઈએ ભાઈઓમાં પ્રથમ, અને મહેતા અંશ રીકીનભાઈએ ત્રીજો નંબર પ્રાપ્ત કર્યો. કરાટે સ્પર્ધા U-17માં જિલ્લાકક્ષાએ પ્રથમ નંબર શર્મા કુશાંત અને ઠાકોર શ્રવણ, દ્વિતીય નંબર પ્રજાપતિ ક્રિષ્ના અને પ્રજાપતિ અંકુર, ત્રીજો નંબર રાણા ભરત, પાર્શ્વન આર્યન અને પટેલ ગોવિંદે મેળવ્યો. U-17માં પ્રથમ નંબર સુથાર નવ્યા, ઝરીવાલા ઝીલ અને દ્વિતીય નંબર રવાણી પ્રિયંકાએ મેળવ્યો.

▪ 'શેઠ સી. એમ. હાઈસ્કૂલ'ની ટીમ જિલ્લા કક્ષાના ખેલમહાકુંભ ૨૦૨૫માં ખો-ખો ભાઈઓઃ અન્ડર-૧૭માં પ્રથમ અને ખો-ખો ભાઈઓ અન્ડર-૧૪માં તૃતીય નંબરે વિજેતા થઈ.

## ગણિત-વિજ્ઞાન પ્રદર્શન

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૨૮/૧/૨૫ના રોજ ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવતાં ૧૦૫ મોડેલની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ સાથે આયોજિત કલાપ્રદર્શનમાં ૨૦૦ કલાકૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

## ચિત્રકલા

▪ 'શ્રીમતી કે એ પટેલ શિવહરી સેકેન્ડરી ઍન્ડ હાયર સેકેન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'ના ચિત્ર શિક્ષક શ્રી ભરતભાઈ ઠાકોરને સર્વ વિદ્યાલય, કડી તથા ગાંધીનગર કેમ્પસ દ્વારા આયોજિત ચિત્ર પરીક્ષામાં સતત ત્રણ વર્ષ થી A ગ્રેડ સાથે પ્રથમ નંબર લાવવા બદલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા માતબર રોકડ રકમનું ઇનામ એનાયત કરીને પુરસ્કૃત કરવામાં આવ્યા.

## નાતાલપર્વ

▪ 'એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ'માં નાતાલની ઉજવણી તા. ૨૪ ડિસેમ્બરના રોજ કરવામાં આવી. જેમાં 'ક્રિસમસ ટ્રી' તથા શાળાભવનને સુશોભિત કરવામાં આવ્યું હતું. બાળકોએ ક્રિસમસ પ્રાર્થના, નૃત્ય, વેશભૂષા, નાટક વગેરેની પ્રસ્તુતિ કરી હતી, તેમજ સાન્તાકલોઝ સાથે નૃત્ય કર્યું હતું.

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૨૩ ડિસેમ્બરના રોજ નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવતાં નાતાલપર્વ શા માટે મનાવવામાં આવે છે તેની વિગતે સમજ શિક્ષકોએ આપી હતી.

▪ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાઇમરી સ્કૂલ'માં તા. ૨૪ ડિસેમ્બરના રોજ ધો. ૧-૨ના વિદ્યાર્થીઓ માટે નાતાલપર્વની ઉજવણી અંતર્ગત વેશભૂષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાન્તાકલોઝ થઈ નાનાં ભૂલકાંઓ દ્વારા એકપાત્રિય અભિનયમાં કૃષ્ણ, પોલીસ, ડૉક્ટર, ઝાંસીની રાણી, પરી, શાકવાળા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, તેમજ વિવિધ પ્રાણીઓનાં પાત્રો રજૂ કરવામાં આવ્યાં હતાં. આચાર્યશ્રીએ બાળકોને નાતાલપર્વનું મહાત્મ્ય સમજાવી ઉત્સાહ વધાર્યો હતો.

## નેત્ર નિદાન શિબિર

▪ 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'માં લાયન્સ કલબ ઑફ ગાંધીનગર ફેમિનાના સહયોગથી નેત્ર ચિકિત્સા શિબિરનું આયોજન કરવામાં આવતાં ૫૦૦ જેટલી વિદ્યાર્થિનીઓની આંખોની તપાસ કરી જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને કલબ દ્વારા ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## પૂ. દાસકાકા યુવક મહોત્સવ

▪ 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા'માં 'પૂ. દાસકાકા યુવક મહોત્સવ ૨૦૨૪'નું આયોજન તા. ૩ જાન્યુઆરીના રોજ કરવામાં આવતાં મેંદી, વાનગી, કેશ ગુંફન, રંગોળી, ચિત્ર, વેસ્ટમાંથી બેસ્ટ, સોલોડાન્સ, લગ્નગીત, નિબંધ, વક્તૃત્વ વગેરે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં અધ્યક્ષ તરીકે શ્રી ગિતેશભાઈ પટેલ અને અતિથિવિશેષપદે દાતાશ્રી મહેશભાઈ પટેલ, શ્રી સ્મિત વ્યાસ, શ્રી મેલાભાઈ પટેલ તથા શ્રી કિરીટભાઈ ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યા શ્રીમતી કલ્પનાબેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં મહેમાનશ્રીઓનો પરિચય કરાવીને યુવક મહોત્સવનો હેતુ સમજાવ્યો હતો. અધ્યક્ષ શ્રી ગીતેષભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

## પ્રકૃતિ શિક્ષણ

▪ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'નાં ૧૦૬ વિદ્યાર્થીઓને તા. ૫-૬ ડિસેમ્બરના દિવસોમાં વન વિભાગ દ્વારા આયોજિત પ્રકૃતિ શિબિરમાં લઈ જવામાં આવ્યાં હતાં. આ શિબિરમાં વિદ્યાર્થીઓને ટ્રેકિંગ, કુદરતી ચિત્રો, પ્રાકૃતિક સંરક્ષણ તેમજ પર્યાવરણનું જતન કેવી રીતે કરવું એ વિશે શીખવવામાં આવ્યું હતું. વધુમાં રાત્રી સમયે વિદ્યાર્થીઓ દ્વારા પ્રકૃતિ વિશે નાટક રજૂ કરવામાં આવ્યું હતું. બીજા દિવસે ઇન્દ્રોડા પાર્કની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. સમાપન સમયે વન વિભાગના R.F.O. તેમજ A.C.F. એ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરીને, પર્યાવરણ બચાવવા માટે શપથ લેવડાવ્યા હતા.

## પ્રત્યક્ષ શિક્ષણ

▪ *શ્રી વી. એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર'માં બાળકોને પ્રત્યક્ષ શિક્ષણ મળી રહે તે હેતુથી શિક્ષિકા બહેનોએ નર્સરીનાં બાળકોને જુદાં-જુદાં પ્રાણીઓને અનુરૂપ વેશભૂષામાં સજ્જ થઈને આવવાની પ્રેરણા આપતાં બાળકો વાઘ, સિંહ, ચિત્તો, વાંદરો, હાથી, ગાય, બકરી વગેરેની વેશભૂષામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વિવિધ શાકભાજીની ઓળખ માટે બાળકોને પોતાના ઘરમાંથી વિવિધ શાકભાજી લાવવાનું જણાવતાં લાવેલ શાકભાજીને શાકમાર્કેટના સ્ટોરની જેમ સજાવીને શાકભાજી ખરીદવાનું શીખવાડવામાં આવ્યું.

## ફૂડ ફેસ્ટિવલ

▪ 'સર્વ વિદ્યાલય ગર્લ્સ હોસ્ટેલ', સેક્ટર-૨૩માં 'ફૂડ ફેસ્ટિવલ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ, ઍજ્યુકેશન

વિભાગનાં ડીન ડૉ. વીણાબેન પટેલ અને 'આર. જી. સ્કૂલ'નાં સેવાનિવૃત્ત આચાર્યા શ્રી કૌશલ્યાબેને પ્રસંગોચિત ઉદ્બોધન કરી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓ દ્વારા કુકિંગ શૉ, ફૅશન શૉ, મેંદી, બ્યૂટીપાર્લર વગેરેનું સરસ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું.

## બાલોત્સવ

■ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'માં તા. ૧૩ ડિસેમ્બરના રોજ, 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'માં તા. ૨૦ ડિસેમ્બરના રોજ અને 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૧૭ ડિસેમ્બરના રોજ બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એકપાત્રિય અભિનય, નૃત્ય, વેશભૂષા, રંગોળી, ચિત્ર, કેશકળા, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ લેખન, બાળગીત, વાર્તાકથન અને સુલેખન જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

## રમતોત્સવ

■ 'શ્રી જે. બી. પ્રાથમિક શાળા'માં તા. ૧૬/૧૨/૨૦૨૪ના રોજ આયોજિત રમતોત્સવમાં દોડ, બુક બૅલેન્સ, સંગીત, ખુરશી, સ્ટૅન્ડિંગ બ્રોડ જમ્પ, ગોળા ફેંક અને ઝેરી ઢીંગલી જેવી અને માનસિક વિકાસ માટે વન મિનિટ રમતો રમાડવામાં આવી હતી. આચાર્યાશ્રી નીવાબેન પટેલે રમતોત્સવને ખુલ્લો મૂકી રમતોનું મહત્ત્વ સમજાવીને ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

■ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'માં તા. ૧૨/૧૨/૨૦૨૪ના રોજ 'સ્વ. પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવ'નું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી શિવાંગભાઈ જોશી, (આંતરરાષ્ટ્રીય માર્શલ આર્ટ, હૉલ ઑફ ફેમ અને શાળાના પૂર્વ વિદ્યાર્થી) એ બાળકોને રમત ગમતના મહત્ત્વ, શારીરિક સ્વાસ્થ્ય તેમજ આહાર આયોજન બાબતે પ્રેરક પ્રવચન આપ્યું. આ રમતોત્સવમાં વિદ્યાર્થીઓએ દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, દોરડા કૂદ, ફુગ્ગા ફોડ, ઝેરી ઢીંગલી, લીંબુ ચમચી, લંગડી દોડ રીલે, એકલવ્ય બૅલેન્સ, સંગીત ખુરશી, એક ફૂલ દો માલી, બ્રોડજંપ જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે એક થી ત્રણ ક્રમે વિજેતા બનેલા ૧૨૦ વિદ્યાર્થીઓને ઇનામ તથા પ્રમાણપત્ર એનાયત કરી બિરદાવવામાં આવ્યાં હતાં. આચાર્યશ્રી દશરથભાઈ પટેલે પ્રસંગોચિત પ્રવચનમાં જીવનમાં રમતોનું મહત્ત્વ સમજાવી આશીર્વાદ પાઠવ્યા હતા. આ રમતોત્સવમાં વ્યાયામ વીર તરીકે અંશ નરેશભાઈ પ્રજાપતિ (ધોરણ-૮/એ) અને વીરબાળા તરીકે નેવ્યાબા રાજેન્દ્રસિંહ ચાવડા (ધોરણ-૮/સી) પસંદગી પામ્યાં.

■ 'શ્રીમતી એસ. ડી. પટેલ પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં તા. ૧૧/૧/૨૦૨૫ના રોજ રમતગમત સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં ૬૫૦ વિદ્યાર્થીઓએ અલગ અલગ રમતોમાં ભાગ લીધો હતો.

■ 'શ્રીમતી એસ. જી. ઇંગ્લિશ મીડિયમ ઇંગ્લિશ સ્કૂલ'માં વાર્ષિક રમતગમત દિનની ઉજવણી અંતર્ગત વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે શ્રી વી. એમ. ઝાલા, શ્રી કુલવીર કૌર, શ્રી મમતાબેન સ્વામી તથા ભગિની શાળાઓના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તથા ચંદ્રક એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

■ 'એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ'માં તા. ૨૪ ડિસેમ્બરના રોજ આયોજિત રમતોત્સવમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ રમતો તેમજ વાલીઓ માટે સંગીત ખુરશી જેવી રમતો યોજવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પી.ટી. સાથે નૃત્યની પણ પ્રસ્તુતિ કરી હતી.

■ 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'માં રમતોત્સવ યોજાયો, જેમાં ૬૦૦ થી અધિક વિદ્યાર્થિનીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો. ધો. ૩થી ૫માં પૂર્વી બરંડા અને ધો. ૬ થી ૮માં નેહલ વણજારાએ વીરબાળાનું બિરુદ પ્રાપ્ત કર્યું. આ પ્રસંગે ઉદ્ઘાટક તરીકે શ્રી મહેશભાઈ ચૌધરી (જિલ્લા રમતગમત અધિકારશ્રી)એ વિદ્યાર્થી જીવનમાં રમતનું મહત્ત્વ સમજાવ્યું હતું.

■ 'શેઠ સી. એમ. હાઈસ્કૂલ'ના વિદ્યાર્થી ચૌહાણ યુવરાજસિંહ ભગવતસિંહે વડોદરા મુકામે કરાટેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ત્રીજો નંબર મેળવ્યો. અભિનંદન.

## રાષ્ટ્રીય સેવા યોજના

■ 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળા' દ્વારા રાષ્ટ્રીય સેવા યોજનાની સાયબર ક્રાઈમ અને માર્ગ સલામતી થીમ આધારિત શિબિર પ્રતાપપુરા, તા. માણસામાં તા. ૨૩-૨૯ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજવામાં આવી હતી. આ શિબિરમાં સમારંભના મુખ્ય મહેમાન તરીકે પ્રતાપપુરા ગામના સરપંચ શ્રી દશરથભાઈ જે. ચૌધરી અને અતિથિવિશેષપદે શ્રી લવજીભાઈ ચૌધરી વગેરે હાજર રહ્યાં હતાં. આચાર્યા શ્રીમતી કલ્પનાબેન પટેલે આંમત્રિત મહેમાનોનો પરિચય કરાવ્યો હતો. એન.એસ.એસ. એકમના

પ્રોગ્રામ ઑફિસર શ્રી જશુભાઈ એચ. સુતરિયાએ સૌનું સ્વાગત કરીને રાષ્ટ્રીય સેવાના હેતુઓ, આચારસંહિતા તથા શિબિરાર્થિનીઓએ શિબિર દરમિયાન કરવાનાં કાર્યો વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે શિબિરાર્થિનીઓએ સાયબર ક્રાઇમ અવરનેસ અંતર્ગત એક લઘુનાટિકા રજૂ કરી હતી. શિબિર દરમિયાન ગામસફાઈ, જનજાગૃતિ, બેટી બચાવો, માર્ગ સલામતી, સ્વચ્છતા અભિયાન, સાયબર અને રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૮/૧૨/૨૦૨૪ના રોજ આયોજિત સમાપન સમારોહમાં આચાર્યા શ્રીમતી કલ્પનાબેન આર. પટેલના વરદહસ્તે દાતાશ્રીઓને શિલ્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વસંતપંચમી

▪ વસંતપંચમીની ઉજવણી અંતર્ગત 'શ્રીમતી એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં સરસ્વતીની આરાધના કરવા ઉપરાંત ફૂલોની રંગોળી કરવામાં આવી હતી. 'એસ. વી. ઇંગ્લિશ પ્રાઇમરી સ્કૂલ'માં પણ સરસ્વતી માતાની પૂજા-વંદના તથા વક્તવ્યો આપવા ઉપરાંત વિદ્યાર્થિનીઓ દ્વારા ભરતનાટ્યમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. શિક્ષકો દ્વારા વસંતપંચમી વિશે સમજ આપવામાં આવી હતી.

## વાર્ષિકોત્સવ

▪ 'શેઠ સી. એમ. હાઈસ્કૂલ'નો ૪૩મો વાર્ષિકોત્સવ અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ તા. ૧૧/૦૧/૨૦૨૫ના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્યમહેમાનપદે ડૉ. બી. એન. પ્રજાપતિ (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર) અને ઉદ્દ્ઘાટક તરીકે ડૉ. જે. એન. અમીન (પ્રોફેસર ઍન્ડ હેડ, સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્યશ્રી ડૉ. મહેશભાઈ બી. ત્રાજિયાએ સ્વાગત પ્રવચન કરી શાળાની પ્રગતિનો અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. વાર્ષિકોત્સવમાં પૂજ્ય છગનભા પારિતોષિક તથા તમામ ધોરણોના તમામ વર્ગોમાં પ્રથમ આવનાર કુલ ૨૧ વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

▪ શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા'નો વાર્ષિકોત્સવ તથા પુરસ્કાર એનાયત સમારોહ ડૉ. ભરતભાઈ એ. પટેલ (મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ)ના અધ્યક્ષપદે તથા મુખ્ય મહેમાન શ્રી ડૉ. એ. કે. પટેલ (નાયબ નિયામકશ્રી, જી.સી.આર.ટી.), શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ ડૉ. પાયલ દેસાઈ તથા ભાવસાર નિર્જરીના અતિથિવિશેષપદે શિક્ષણશાસ્ત્ર વિદ્યાશાખાનાં ડીન ડૉ. વિણાબેન પટેલ વગેરેની ઉપસ્થિતિમાં તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો. આચાર્યશ્રી નીરુબેન પટેલે મહેમાનશ્રીઓનોનું સ્વાગત કરી સંસ્થાનો પરિચય આપ્યો. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓએ જીવન કે રંગ નવ રસ કે સંગ થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. મહેમાનશ્રીઓના હસ્તે ૨૯ વિદ્યાર્થિનીઓને મેરિટ સ્કૉલરશિપ તથા જિલ્લા કે રાજ્ય કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા ૫૦ વિદ્યાર્થિનીઓને સર્ટિફિકેટ તથા ઇનામ આપી નવાજવામાં આવી હતી. મુખ્ય મહેમાનશ્રી ડૉ. એ. કે. પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વાલીશ્રીઓને વિનંતી કરેલ કે પોતાના સંતાનને જે વિષયમાં રુચિ હોય એ ક્ષેત્રમાં આગળ વધવા પ્રોત્સાહિત કરવાં જોઈએ. ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓએ શૈક્ષણિક વિકાસમાં અને ઉચ્ચ કારકિર્દી પ્રાપ્ત કરવામાં શાળાનો ખૂબ મોટો ફાળો સ્વીકાર કરી સંસ્મરણો રજૂ કર્યા હતાં. અધ્યક્ષશ્રી ડૉ. ભરતભાઈ એ. પટેલે સંતાનના શૈક્ષણિક વિકાસમાં શાળા ઉપરાંત વાલીશ્રીની પણ જવાબદારી છે તેવી શીખ આપી હતી.

▪ 'એસ. વી. ઇંગ્લિશ પ્રાઇમરી સ્કૂલ'ના વાર્ષિકોત્સવની ઉજવણી તા. ૧૭ ફેબ્રુઆરીના રોજ કરવામાં આવી. મહેમાન તરીકે 'નૅશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી'ના પ્રોફેસર તથા અધ્યક્ષ ડૉ. દિગવિજયસિંહ રાઠોડ, સંસ્થાની કડી તથા ગાંધીનગર ખાતેની ઇંગ્લિશ મીડિયમ સ્કૂલોનાં ડાયરેક્ટર ડૉ. જિનલ જોષી, કૅમ્પસની અન્ય શાળાઓના પ્રિન્સિપાલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ પ્રાપ્ત વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તેમજ ટ્રૉફી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ નવરસ થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ કરી હતી.

▪ 'સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર', સેક્ટર-૧૨, 'સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર', સેક્ટર-૭, 'મહાત્મા ગાંધી વિદ્યામંદિર', સેક્ટર-૧૬ અને 'ડૉ. વિક્રમ સારાભાઈ વિદ્યાલય', પાલજ દ્વારા આ ચારેય શાળાઓના સંયુક્ત ઉપક્રમે તા. ૬/૨/૨૫ના રોજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન શેઠ ખીમજી વિસરામ ઑડિટોરિયમ ખાતે કરવામાં આવ્યું. વર્ષ દરમિયાન યોજાતી વિવિધ પ્રવૃત્તિઓમાં ઝોન કક્ષાએ, જિલ્લા કક્ષાએ, રાજ્યકક્ષાએ પસંદગી પામેલ વિદ્યાર્થીઓ તેમજ ગત વર્ષ લેવામાં આવેલી ધોરણ ૧૦ અને

૧૨ની બોર્ડની પરીક્ષાઓમાં શાળા કક્ષાએ પ્રથમ આવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગે ચારેય શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

## વિજ્ઞાનમેળો

■ 'શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ', કડી સંચાલિત 'શ્રી કડી નાગરિક સહકારી બૅંક પ્રાથમિક શાળા', કડીમાં તા. ૩ જાન્યુઆરીના રોજ વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવતાં Rate of Firegun, Pressor rocket, Peddle power project, Teslacoil, Lifi model, Solar system, Winfarm, Thermocol cutterm, Magnetic pen stand વગેરે ૫૦ Projects પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. આ સાથે ફુડ સ્ટોલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આમંત્રિત અતિથિશ્રીઓ ડૉ. ચંદ્રેશભાઈ, શ્રી શૈલેષભાઈ તથા કૅમ્પસના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વાલીગણ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

■ 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'માં તા. ૨ જાન્યુઆરીના રોજ ડૉ. વિક્રમ સારાભાઈ વિજ્ઞાન પ્રદર્શન તથા આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉદ્ઘાટક તરીકે અનિલભાઈ કે પટેલ (મૅનેજિંગ ડાયરેક્ટર, નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર) અને મુખ્ય મહેમાન તરીકે ડૉ. વિણાબેન પટેલ (ડીન, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.વી.) ઉપસ્થિત રહ્યાં હતાં. ધો. ૬ થી ૮ની વિદ્યાર્થિનીઓએ અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી ૭૦ જેટલા સ્વનિર્મિત મોડેલ રજૂ કર્યા હતા. વધુમાં આનંદ મેળામાં જુદી જુદી વાનગીઓના ૫ સ્ટોલ તૈયાર કર્યા હતાં. ડૉ. અનિલભાઈ પટેલે વિદ્યાર્થિનીઓને પ્રેરક ઉદ્બોધન કરી ધન્યવાદ પાઠવી ભવિષ્યમાં દેશના મહાન વૈજ્ઞાનિક બને તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## વિશ્વ સાંસ્કૃતિક વારસો

■ 'એસ. જી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં વિશ્વ સાંસ્કૃતિક વારસાની જાળવણી અને મહત્ત્વ વિશે જાગૃતિ લાવવા વિશ્વવારસા દિનની ઉજવણી કરવામાં આવતાં પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિશ્વ સાંસ્કૃતિક વારસા વિશે માહિતી પ્રદાન કરવામાં આવી.

## વેશભૂષા

■ 'શ્રીમતી એસ. ડી. પટેલ પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ'માં તા. ૨૮ ડિસેમ્બરના રોજ વિવિધ રાજ્યોના પરંપરાગત ડ્રેસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૫ થી ૮ના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ વિવિધ રાજ્યોમાં પ્રચલિત ડ્રેસ પહેરીને આવ્યા હતા. 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'માં ધો. ૩ની વિદ્યાર્થિનીઓ માટે તા. ૧૬ ડિસેમ્બરના રોજ વેશભૂષાનો કાર્યક્રમ યોજવામાં આવતાં વિવિધ વેશભૂષામાં સજ્જ થઈને આવી હતી.

## સન્માન

■ ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત 'સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર', સેક્ટર-૧૨, ગાંધીનગર શાળાના આચાર્યશ્રી ભાવેશકુમાર જાનીને શિક્ષણક્ષેત્રમાં ઉમદા કામગીરી બદલ માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીના વરદ્હસ્તે સન્માનિત કરવામાં આવ્યા. ઉલ્લેખનીય છે કે શ્રી ભાવેશકુમાર જાનીએ આચાર્ય તરીકે નિમણૂક સમયે શાળાના ૧૪% પરિણામને ૧૦૦% પરિણામ સુધી પહોંચાડવાની ઉત્તમ કામગીરી, સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળાને સ્વચ્છ વિદ્યાલય શાળા પુરસ્કાર અપાવવામાં, દર વર્ષે ૧૦૦ થી વધારે વૃક્ષારોપણ તેમજ સંવર્ધન, વિજ્ઞાનપ્રદર્શન, ખેલ મહાકુંભ તેમજ કલા ઉત્સવ સંદર્ભે વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ સિદ્ધિઓ તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન માટે માર્ગદર્શક તરીકેની કામગીરી સુપેરે સંપન્ન કરી છે.

## શુભેચ્છા સમારોહ

■ 'સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર', સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે તા. ૨૦/૨/૨૫ના રોજ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા માટેની શુભેચ્છાઓ પાઠવવા તેમજ શાળાના તેજસ્વી તારલાઓ માટે ઇનામ વિતરણ કાર્યક્રમ કરવામાં આવ્યો. આચાર્યશ્રી તેમજ કર્મચારી ભાઈ-બહેનો તરફથી ધો. ૧૦ અને ૧૨ના તમામ વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી ઉપયોગી ટ્રાન્સફરન્ટ પેડ, બોલપેન ભેટ સ્વરૂપે આપવામાં આવ્યાં. આચાર્યશ્રી ભાવેશકુમાર જાનીએ પરીક્ષાર્થીઓને પરીક્ષામાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી તેમજ પરીક્ષા સંદર્ભે કઈ કઈ બાબતો પર વિશેષ ધ્યાન રાખવું જોઈએ તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

## શૈક્ષણિક મુલાકાત /પ્રવાસ

■ 'શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'ની ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓને ઈસરોની મુલાકાતે લઈ જઈને સેટેલાઇટ, પૃથ્વીની ભ્રમણકક્ષા, મંગળ અને ચંદ્ર પર

સેટેલાઇટ લૉન્ચ કરવું વિક્રમ સારાભાઈ, ગગનયાન અને ચંદ્રયાન-૪ વગેરે વિશે માહિતી આપવામાં આવી હતી.

▪ 'એસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રાઇમરી સ્કૂલ'નાં ધો. ૪ નાં વિદ્યાર્થીઓને રેલવેસ્ટેશનની શૈક્ષણિક મુલાકાતે લઈ જઈ રેલવેસ્ટેશનની કામગીરી, પ્લૅટફૉર્મ, ટ્રેન વગેરે વિશે માહિતગાર કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ધો.૩ નાં વિદ્યાર્થીઓને રોટરી ફિઝિઓથેરાપીની મુલાકાતો લઈ જઈ તેની ઉપયોગિતા વિશે સમજાવવામાં આવ્યું હતું.

▪ શ્રીમતી એમ. બી. પટેલ ગર્લ્સ પ્રાઇમરી સ્કૂલ'ની ધો. ૧-૨ની વિદ્યાર્થિનીઓને ઈન્દ્રોડા પાર્કની મુલાકાતે લઈ જઈ વિવિધ પ્રાણીઓ અને જુદા જુદા પક્ષીઓની ઓળખ અને પરિચય કરાવવામાં આવ્યો હતો, તેમજ ડાયનાસોર જેવી વિલુપ્ત થઈ ગયેલ પ્રજાતિ વિશે જાણકારી આપવામાં આવી હતી. આ ઉપરાંત ધો. ૫ની વિદ્યાર્થિનીઓને ત્રિમંદિર અને અડાલજની વાવની તથા ધો. ૭ની વિદ્યાર્થિનીઓને સાયન્સ સિટી, અમદાવાદની મુલાકાતે લઈ જવામાં આવી હતી. ધો. ૬ની વિદ્યાર્થિનીઓને ગાંધીનગર અર્બન કોર્પોરેટિવ બૅંક લિમિટેડ, સેક્ટર-૨૧ની મુલાકાતે લઈ જઈ બૅંક દ્વારા ખાતાના પ્રકાર, નેટબૅન્કિંગ, લોકર વગેરે વિશે સમજાવવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન બૅંકના ચૅરમૅનશ્રી તથા બોર્ડ ઑફ ડિરેક્ટરના સભ્યોએ વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન રૂપે પેન અને ચીકીનું વિતરણ કર્યું હતું. વધુમાં આ વિદ્યાર્થિનીઓને પોસ્ટ ઑફિસમાં લઈ જઈ તેની કામગીરી વિશે માહિતગાર કરવાની સાથે જ પોસ્ટકાર્ડ લખાવી તેને પોસ્ટ કરવાની સમજ આપવામાં આવી.

▪ 'શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા'નાં ધો. ૧ અને ૨ના વિદ્યાર્થીઓ માટે તા. ૨ જાન્યુઆરીના રોજ અમરનાથના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. ધો. ૩ના વિદ્યાર્થીઓને તા. ૭ જાન્યુઆરીના રોજ પુનિતવનની મુલાકાતે લઈ જઈ જાત-જાતનાં વૃક્ષો, જેવાં કે, બાવળ, પીપળ, ગરમાળો, સાગ, સિસમ, કદમ, જાંબુડો, આંબો વગેરેથી માહિતગાર કરવામાં આવ્યાં. વધુમાં અહીંના કમલ કુંડ, નક્ષત્ર વન, અને રાશિ વનની પણ મુલાકાત લેવામાં આવી હતી. તા. ૩૦ ડિસેમ્બરના રોજ ધોરણ ૮ના વિદ્યાર્થીઓને થર્મલ પાવરસ્ટેશન, સોલાર પ્લાન્ટ, પેથાપુર ખાતે શૈક્ષણિક મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓ સાથે ૫ શિક્ષકો જોડાયા હતા. મુલાકાત દરમિયાન ગુજરાત વીજ કંપનીનાના અધિકારીશ્રી વતી શ્રીમતી કૌશિકાબેન પટેલ અને શ્રી ઉમેશભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સોલર પ્લાન્ટ કેવી રીતે કામ કરે છે, તેમજ રિન્યૂએબલ ઉર્જાસ્રોત દ્વારા વીજળી ઉત્પન્ન કરી પરંપરાગત ઊર્જાના સ્રોતોને લાંબા સમય સુધી ચલાવી શકવા સક્ષમ બનાવી શકાય તેમજ વીજળીની બચત કેવી રીતે કરવી તે વિશે સમજાવ્યું હતું.

▪ 'શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ.મા. કન્યા શાળા' દ્વારા ધો. ૧૧-૧૨ની સામાન્ય પ્રવાહની વિદ્યાર્થિઓ માટે રાજસ્થાનના પ્રવાસનું આયોજન તા. ૯ થી ૧૧, ડિસેમ્બર દરમિયાન કરવામાં આવતાં ૧૦૪ વિદ્યાર્થિનીઓ અને ૮ શિક્ષકો જોડાયાં હતાં. તા. ૨૭ થી ૨૯ ડિસેમ્બર દરમિયાન વિજ્ઞાનપ્રવાહની ૯૩ વિદ્યાર્થિનીઓ માટે શામળાજી, ઉદયપુર, સુંધામાતા, માઉન્ટ આબુ, અંબાજી વગેરેના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓને રાજસ્થાનની ભૌગોલિક પરિસ્થિતિ, સંસ્કૃતિ, રહેણીકરણી, મહેલનો ઇતિહાસ વગેરેથી માહિતગાર કરાવવામાં આવી હતી. વિદ્યાર્થિનીઓ સાથે ૬ શિક્ષકો પણ પ્રવાસમાં જોડાયા હતા.

## સાંસ્કૃતિક પ્રવૃત્તિ

▪ તાલુકા કક્ષાના 'કલામહાકુંભ ૨૦૨૫'માં શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનાં વિદ્યાર્થીઓ વકતૃત્વ સ્પર્ધા - પલક જોષી, નિબંધ સ્પર્ધા — આંચલબેન પટેલ, લગ્ન ગીત – અશિમ પોકાર, ભારતનાટ્યમ - મહિમા બારોટ, ચિત્રકલા આયર્નસિંહ રાઠોડ, લોકગીત - હરદીપ શોભાવત અને હારમોનિયમમાં નવઘણ વાઘેલા પ્રથમ ક્રમે વિજેતા થયા.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : 15, અંક-1, જાન્યુઆરી-ફેબ્રુઆરી 2025, સળંગ અંક : 85**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૦૭૯-૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં રાષ્ટ્રના ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણીનાં દૃશ્યો...





સર્વ વિદ્યાલય, કડીમાં મંડળના ચેરમેન
શ્રી વલ્લભભાઈ એમ. પટેલ ઉદ્‌બોધન કરી રહ્યા છે.



## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર કેમ્પસમાં રાષ્ટ્રના ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણીનાં દૃશ્યો.




સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખશ્રી વી. પી. પટેલ સમારોહના મુખ્ય મહેમાન તથા દાતાશ્રી દિનેશભાઈ પટેલનો પરિચય કરાવી રહ્યા છે. મુખ્ય મહેમાનશ્રી દિનેશભાઈ પટેલની જમણી બાજુએ કે.એસ.વી. નાં ઈન્ચાર્જ ડાયરેક્ટર ડૉ. ગાર્ગીબહેન રાજપરા દૃશ્યમાન થાય છે.



મુખ્ય મહેમાનશ્રી દિનેશભાઈ પટેલ
ઉદ્‌બોધન કરી રહ્યા છે.

Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 15, Issue No. 1 January-February 2025
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6





**રાષ્ટ્રના ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં
મંત્રીશ્રી જગદીશભાઈ પટેલ ધ્વજવંદન કરાવી રહ્યા છે...

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર કેમ્પસમાં
દાતાશ્રી દિનેશભાઈ પટેલ (યુએસએ) ધ્વજવંદન કરાવી રહ્યા છે....

